કચ્છનાં ગામોનાં નામોની અનોખી ગાથા

આધ્યાત્મિક વિશ્વનું દ્વાર - પીનિયલ ગ્રંથિ

આરટીઇ : ગરીબો સારી શાળાઓથી વંચિત

સરળ સ્વાદિષ્ટ સૌની સહેલી સેન્ડવિચ

૨૪ જુલાઇ, ૨૦૨૧ abhiyaanmagazine.com ₹૨૫-૦૦

# અભિયાન

# દુબઈની રાજકુમારીઓની રોમાંચક પલાયન કથાઓ

• જ્યારે ભારતીય કમાન્ડોએ મધદરિયે લતીફાને પકડી પાડી...

VISIT…

RAJANI®
GROUP
Since : 1975

## AUTHENTIC INDIAN
## Chilli Powder

## FARM FRESH
## Haldi Powder

## RICH FLAVOUR
## Coriander - Cumin

+91-98256 07989
www.rajanigroup.in

Shop Now On
amazon Flipkart

Follow Us

Since 1929

SKTC

# પાંચતારા® — અને — ફાઈવસ્ટાર®

## ફરાળ વડે જ વ્રત ફળે

Only books magazine

રાજગરો વિટામીન સી અને કેલ્શિયમથી ભરપૂર છે.

તેમાં કુદરતી એમીનો એસીડ હોવાથી વ્રત માટે સર્વોત્તમ ગણાય છે.

પચવામાં સરળ અને ભૂખને સંતોષે છે.

ડાયાબિટીસના દર્દી માટે ખૂબ જ સ્વાસ્થ્યપ્રદ છે.

રાજગરાનો શીરો

**રાજગરાનો લોટમાંથી બનતી ફરાળી વાનગીઓ**

શીરો, પરાઠા, રોટલી, ભાખરી, વડા, કઢી, પૂરી તથા અન્ય વાનગીઓ

THE GROUND REALITIES

90 YEARS 90 Years of Experience, Trust & Purity

**અમારી અન્ય ફરાળી શ્રેણી** ★ મોરૈયો ★ સાબુદાણા ★ શિંગોડાનો લોટ ★ સીંધવ પાવડર ★ મખાણા

Follow us panchtarafarali

# વધુ નાણા એટલે જિંદગીમાં આળસનું વાવેતર



અમેરિકામાં આજે ફરી મહાત્મા થોરોના જીવનમાં અને લખાણોમાં નવી પેઢીને રસ જાગ્યો છે. 'નવી દુનિયા'નો એ અનોખો ફિરસ્તો હતો. વધુ પૈસા, વધુ વૈભવ અને વધુ સગવડ માટે દોડી દોડીને થાકેલા માણસો થોરોની જિંદગી તરફ પાછા વળે છે. થોરો ધૂની માણસ હતો. કેટલાકને ચક્રમ પણ લાગેલો, પણ બહુ નક્કર માણસ હતો. એ પોતાની જિંદગીનો સાચો માલિક હતો.

એક મિત્રે આમંત્રણ મોકલ્યું. તેના જવાબમાં થોરોએ લખ્યું : 'દોસ્ત, મારી જાત સાથેનાં મારાં રોકાણો એટલાં બધાં છે કે મારાથી નહીં અવાય.' પોતાની જાત સાથેનાં રોકાણો! આજે માણસને એકલા પડતાં બીક લાગે છે. કંટાળો આવે છે અને થોડીક વધુવાર માણસ એકલો પડી જાય તો તરત શેરીમાં કે વધુ આગળ જઈને વધુ મોટી ભીડમાં સોબતનું સ્નાન કરવા માંડે છે, પણ થોરોને પોતાની જાત સાથેનાં રોકાણો છે. કેમ કે તે સતત પોતાની જાતની સુધારણામાં રોકાયેલો છે. તેને કોઈ પણ કામ કુશળતાથી કરવું ગમે છે. એને આવી કુશળતા પ્રાપ્ત કરવી છે, પણ તે કારીગર તરીકેની પોતાની કમાણી વધારવા માટે નહીં. એને વધુ પૈસા કમાઈ લેવામાં રસ નથી. ઈ.સ. ૧૮૪૫માં થોરોની ઉંમર ૨૮ વર્ષની હશે. આ ઉંમરે માણસ પરણીને ઠરીઠામ થવાનું વિચારે. કાંઈક ધંધો જમાવવા તલપાપડ થાય, પણ ૨૮ વર્ષનો થોરો પાંચ પાઉન્ડની મૂડી સાથે, કોઈક સંબંધીની કુહાડી ઉછીની લઈને પોતાની જિંદગીને એક નવા સાહસિક પ્રયોગ તરીકે અજમાવવા આગળ વધે છે. વોલ્ડન પોન્ડ પાસેના જંગલમાં જાય છે. પોતાની ઝૂંપડી બાંધે છે અને મકાઈ બટેટાની ખેતીમાં લાગી જાય છે. થોરો ખેડૂત છે, પણ શોખથી ખેડૂત બન્યો છે. એમ તો શોખથી એ ઘણુ બધું બન્યો છે. તે પેન્સિલો બનાવે છે. તે લાકડાં પણ ફાડે છે, તે લેખો પણ લખી નાખે! એને જાતજાતના કસબ શીખવાનો ઉમંગ છે અને દરેક કામમાં તે પ્રવીણ બને છે, પણ આવી કુશળતા એને વધુ ને વધુ કમાણીની લાયકાતના ભાગરૂપે જોઈતી નથી.

Only books magazine

થોરોને કોઈક શિખામણ આપી બેસે. જુવાનીમાં રળેલું અને પરોઢિયાનું દળેલું! જુવાન છો, થોડું બરાબર કમાઈ લો, પછી નિરાંતે જીવી શકાશે, પછી મનમાં જે ઓરતા પૂરા કરવા હોય તે કરજો! પણ થોરો વધુ પૈસા કમાઈ લેવામાં કે ભેગા કરવામાં માનતો નથી. તે તો સ્પષ્ટ કહે છે કે જે વધુ નાણા ભેગાં કરે છે તે પોતાની જિંદગીમાં માત્ર આળસનું વાવેતર કરે છે. તમારી વાજબી જરૂરિયાતો કરતાં તમારી પાસે વધુ નાણા હશે ત્યારે તમારે શું કરવાનાં? એક વાર જો તકલીફ વગરની સરળ-સલામત જિંદગીનો ખ્યાલ મનમાં ઘૂસી ગયો તો તમે બરાબર જીવવાનું જ ભૂલી જવાના! થોરો કહે છે કે મારી અફલાતૂન દફનવિધિની બાંયધરી આપતી વીમાની પોલિસી જેવી જિંદગી મને મંજૂર નથી, મારે મન જિંદગી એક સાહસ છે. રોજેરોજનું સાહસ. મારે આ જિંદગી અને આ દુનિયા. આ ધરતી અને આ આકાશ બરાબર માણવા છે. જંગલમાં કે ઝાડીમાં, કોઈ નદી કે ઝરણાના કાંઠે થોરોને સાવ સાદું તાજું પાણી અને તાજી હવા નશો ચઢાવે છે. તે ચા પણ પીતો નથી અને કોફી પણ પીતો નથી. તમાકુ પણ તેને જોઈતી નથી. મસ્તરામ જેવો માણસ છે. ખિસકોલી તેના ખિસ્સામાં શાંતિ અને સલામતી અનુભવે છે. તેના હાથમાં રહેલી માછલીને કશો ડર કે ગભરામણ થતાં નથી. બહુ જ મઝાનો માણસ છે.

તેને સગવડ કે શોખની, આ કે તે ચીજ ખરીદી લેવાની તાલાવેલી નથી. થોરો કહે છે કે માણસે માની લીધેલાં જિંદગીનાં ક્ષુલ્લક સુખો ખરીદવા હું મારી જિંદગીનો કીમતી સરસામાન વેચી મારનારાઓમાંનો એક નથી! તમે જ્યારે કોઈક ચીજ ખરીદો છો ત્યારે તમારી જિંદગીનો એક નાનકડો ટુકડો પણ વેચી બેસો છો. જિંદગી એક મોટા લાલઘૂમ તડબૂચ જેવી છે. માણસો એક નજીવી સગવડની ચીજ માટે તડબૂચની મોટી ડગળી જ વેચી મારે છે અને પછી પસ્તાય છે. સગવડની એક ચીજ ખરીદો છો ત્યારે તમે જોઈ શકતા નથી કે તમારી જિંદગીના દડામાંથી કેટલા બધા શ્વાસના દોરા તમારે તેની પર વીંટવા પડ્યા છે! થોરો આત્મસુધારણામાં સતત રચ્યોપચ્યો રહે છે. તે પોતાના કામમાં જ મશગૂલ છે, પણ તે આખી દુનિયાને ભૂલી જઈને પોતાના આત્મકલ્યાણમાં જ ડૂબી ગયેલો એકલપેટો માણસ નથી. એ તો પોતાની જિંદગીનો એક નમૂનો બનાવી રહ્યો છે, પણ સાથે સાથે તે બીજા માણસોને રસ્તો પણ ચીંધી રહ્યો છે. બીજા માણસોનાં દુઃખ-દર્દ અને વિટંબણાઓનો એ ભાગીદાર બને છે. તે કહે છે કે ભાઈ, આ પૃથ્વી પર માણસની જિંદગી એક હાડમારી નથી. તમે ધારો તો તેને વાજબી કિંમતે એક શોખની સફર બનાવી શકો છો. આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને પ્રભાવિત કરનાર હેનરી ડેવિડ થોરો મેસેચ્યુએટ્સ કોન્કોર્ડમાં ઈ.સ. ૧૮૧૭ની ૧૨મી જુલાઈએ જન્મ્યો હતો. ૪૫ વર્ષની ઉંમરે ઈ.સ. ૧૮૬૨માં મે મહિનાની છઠ્ઠી તારીખે મૃત્યુ પામ્યો. ૪૫ વર્ષમાં કેટલું બધું જીવ્યો - સાર્થક રીતે!

(લેખકના પુસ્તકમાંથી)

TOP FM

Jab Suno Top Suno

# ગુજરાતનું પોતાનું રેડિયો સ્ટેશન, Top FM

Only books magazine

# 13 Stations 1 Network

Junagadh 91.9 ▪ Jamnagar 91.9 ▪ Bhavnagar 93.1 ▪ Godhra 93.1 ▪ Veraval 93.5 ▪ Porbandar 93.5
Bharuch 105.2 ▪ Mehsana 92.7 ▪ Leh 91.1 ▪ Kargil 91.1 ▪ Kathua 91.1 ▪ Poonch 94.3 ▪ Bhaderwah 94.3

www.topfm.in I Follow Us on :

તમારા માટે, તમારી સાથે, સતત...

# અભિયાન

**૨૪** જુલાઈ **૨૦૨૧**
વર્ષ: ૩૭ અંક: ૦૬ સળંગ અંક: ૧૮૪૧

**પથદર્શક**: સ્વ. ભૂપત વડોદરિયા

**તંત્રી : તરુણ દત્તાણી**
(પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર)

**કોપી એડિટર :** હેતલ ભટ્ટ
**મુંબઈ** : લતિકા સુમન
**અમદાવાદ** : હેતલ રાવ
**ભુજ** : સુચિતા બોઘાણી કનર

**ક્રિએટિવ ડાયરેક્ટર :** મૌનક ચાવડા

**રજિસ્ટર્ડ ઓફિસ :** સમભાવ હાઉસ,
ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ,
અમદાવાદ-૩૮૦ ૦૧૫
**ફોન :** ૨૬૮૭ ૩૯૧૪, ૨૬૮૭ ૩૯૧૬, ૨૬૮૭ ૩૯૧૭
**ફેક્સ :** ૨૬૮૭ ૩૯૨૨

**મુંબઈ કાર્યાલય : સમભાવ મીડિયા લિમિટેડ,**
૭૧૪, એ વિંગ, ક્રિસ્ટલ પ્લાઝા, ઈનફિનિટી મોલ સામે,
ન્યુ લીંક રોડ, અંધેરી (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૫૩

**વાચકોના પ્રતિભાવ :**
abhiyaan@sambhaav.com

**વેબસાઈટ :**
www.abhiyaanmagazine.com

**વાર્ષિક લવાજમ :** દેશમાં રૂા. ૧૨૭૫/-
Foreign Subscription : Rs. 6375 (Air Mail)
અભિયાનનો દરેક અંક **પોસ્ટમાં** ઈસ્યુ તારીખ પ્રમાણે મોકલવામાં આવે છે.

**સર્કયુલેશન :**
૦૭૯ ૨૬૮૭૩૯૧૪-૧૫-૧૬, ૦૨૨ ૨૮૬૭૮૭૬૯
circulation@sambhaav.com

**Marketing**
Mumbai : Ph. : 022-67995316
Ahmedabad : Ph : 079-2687 3914/16/17
Delhi : Ph : 011 - 2371 8171
marketing@sambhaav.com

મુદ્રક અને પ્રકાશક વિજય પરીખે
સમભાવ મીડિયા લિમિટેડ વતી હાઇસ્કેન પ્રા.લિ.,
હાઇસ્કેન એસ્ટેટ, સરખેજ-બાવળા હાઇવે, ચાંગોદર,
અમદાવાદ-૩૮૨ ૨૧૩, ખાતે છાપ્યું અને અભિયાન હાઉસ,
૪ એ/બી, ગવર્નમેન્ટ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ચારકોપ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઇ - ૬૭ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

સમભાવ ગ્રૂપ

# અનુક્રમ

## ૧૮ દુબઈની રાજકુમારીઓની રોમાંચક પલાયન કથાઓ

અખાતના દેશમાંથી પલાયન થયેલી યુવતીઓના કિસ્સા જગતમાં સાઉદીમાં સ્ત્રીઓની સ્થિતિની ચર્ચા માટેનું કારણ બન્યા છે. જોકે આવા એકલદોકલ કિસ્સાથી સ્ત્રીઓની સ્થિતિનું માપ કાઢી ન શકાય, પરંતુ સાઉદી અને ગલ્ફમાં સ્ત્રીઓ પરવશ બનીને જીવે છે તેવી એક છાપ છે. તેમાં આવી ઘટનાઓ આગમાં ઈંધણનું કામ કરે છે. સાઉદી અરેબિયામાં સ્ત્રીઓ માટે કાનૂનો વધુ પડતા કડક છે.

**૨૬ અવકાશને આંબતી, ભારતીય મૂળની ત્રીજી અવકાશયાત્રી**

**૨૮ કચ્છનાં ગામોનાં નામોની પણ છે અનોખી ગાથા**

**૩૩ 'ટ્રેજેડી કિંગ' દિલીપ કુમારની વિદાય...**

**૧૫ પીનિયલ ગ્રંથિ : આધ્યાત્મિક વિશ્વનું દ્વાર**

**૩૧ આરટીઇ અંતર્ગત શિક્ષણમાં જાગૃતિ, પણ...**

## ફેમિલી ઝોન

**૩૮ વોકેથોનની સીમા અર્ચના માટે સીમારહિત ઉડાન બની ગઈ**

### નિયમિત કોલમ

**૦૪ પંચામૃત**
**૪૧ વિઝા**
**૪૨ ભાવિ**
**૪૩ લઘુ-નવલ**

**૩૦ જાન્યુઆરી, ૨૦૨૧**

**સુભાષચંદ્ર બોઝના ચાદગાર પલાયનનો તથ્યપૂર્ણ ઘટનાક્રમ...**

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના ઇતિહાસમાં નેતાજી સુભાષચંદ્ર બોઝનું અમૂલ્ય યોગદાન રહ્યું છે. નેતાજીએ ભારતને આઝાદી અપાવવાની કવાયતમાં પોતાના પ્રાણ ગુમાવ્યા. છેલ્લા કેટલાય સમયથી નેતાજીની હત્યા અને ફાઇલોને લઈને સમાચાર વાંચવા મળે છે. ખેર, એ બધું બાજુ પર રાખીને 'અભિયાન'ની કવર સ્ટોરીની વાત કરું તો ખૂબ ગૌરવવંતો ઇતિહાસ વાચકો સમક્ષ કવર સ્ટોરીના રૂપમાં પ્રસ્તુત કરવામાં આવ્યો છે. બલિદાન અને દેશદાઝ એ બંનેનું ઉદાહરણ નેતાજી છે. જ્યારે મુલાયમસિંઘને નેતાજી તરીકે સંબોધવામાં આવે છે ત્યારે ખબર નહીં કેમ પણ મને સુભાષચંદ્ર બોઝનું અપમાન થતું હોય એમ લાગે છે. ખૂબ સરસ માહિતીપ્રદ આર્ટિકલ.

**કૃષ્ણકાંત કાતરિયા**, સૌરાષ્ટ્ર

## પ્રતિભાવો મોકલવા એકદમ સરળ

આપના પ્રતિભાવો અમારા માટે ખૂબ જ મહત્ત્વના છે. અભિયાનમાં શું ગમ્યું? શું ન ગમ્યું? આપનાં અન્ય સૂચનો પણ આવકાર્ય છે. આપના પ્રતિભાવ હવે તમે પત્ર ઉપરાંત ઈ-મેઇલ મોકલી શકો છો.

**આ આઇડી ઉપર ઈ-મેઇલ કરો :**
abhiyaan@sambhaav.com

**પત્ર લખવા માટેનું સરનામું**
'આત્મીયતા' અભિયાન, સમભાવ હાઉસ, ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫

**પાસ્તા દા વાસ્તા...**

મથાળું વાંચીને જ મોઢામાં પાણી આવી ગયું. વાનગી જેટલી સ્વાદિષ્ટ છે એટલું જ કોલમનું લખાણ પણ રસપ્રદ છે. આમેય પાસ્તા એવી ડિશ છે, જે નાના-મોટા સૌની પ્રિય છે. જુદા જુદા પ્રકારના પાસ્તાની વાત ચર્નિંગઘાટ વિભાગમાં કરવામાં આવી છે. આ વિભાગ મારો ગમતો છે. ક્યારેક અધ્યાત્મની વાત કરવામાં આવે છે, ક્યારેક સાંપ્રત ઘટનાઓની, ક્યારેક જીવનશૈલીની તો ક્યારેક વાનગીઓની.

**કંકણા ગાંધી**, વડોદરા

**નેતાજી સુભાષચંદ્ર બોઝ સદૈવ ચિરંજીવ રહેશે...**

નેતાજીની સવાસોમી જન્મજયંતીની ઉજવણી પ્રસંગે 'અભિયાને' કવર સ્ટોરી કરી. ઉપરાંત કોલકાતા કોલિંગ વિભાગમાં પણ સુભાષચંદ્ર વિશે વાત કરવામાં આવી. નેતાજીના મૂળિયા પ.બંગાળ સાથે જોડાયેલા હોવાથી કોલકાતા કોલિંગ વિભાગમાં તેમની નોંધ લેવાય એ સ્વાભાવિક છે. બંને આર્ટિકલ ખૂબ સરસ અને માહિતીપ્રદ છે. આ પ્રકારના લખાણ આપણને આપણા સ્વાતંત્ર્યવીરોએ જે બલિદાન આપ્યું છે તેને સન્માનવાનો મોકો આપે છે. આપણને યાદ અપાવે છે કે આપણે હાલમાં જે આઝાદીભર્યું જીવન જીવી રહ્યા છીએ એ માટે આપણે આપણા ક્રાંતિકારીઓના ઋણી છીએ અને રહીશું.

**ધનંજય પ્રજાપતિ**, અમદાવાદ

**ભૂકંપના ૨૦ વર્ષે કચ્છ બદલાયું પણ સમસ્યાઓ યથાવત્ રહી...**

વીસ વર્ષ પહેલાં આવેલા ભૂકંપે કચ્છની સિકલ બદલી નાખી. એ સમય આજે પણ યાદ આવે ત્યારે રુંવાડા ખડા થઈ જાય છે. આજે પણ ભૂકંપની યાદ દરેક કચ્છવાસીઓની આંખો ભીની કરી દે છે. ખેર, પાંજો કચ્છ વિભાગમાં કચ્છની સમસ્યાઓની જે વાત કરવામાં આવી છે તે સાચી છે. તેના પર હવે ધ્યાન આપવું જરૂરી બની ગયું છે.

**રેશમા રાણા**, ગાંધીધામ

**રોબોટ, કોબોટ, ટેસ્લા કાર...**

ટેક્નોલોજી વિભાગમાં વર્ષ ૨૦૨૦માં ઓટોમેશન ક્ષેત્રે જે નવીનીકરણ થઈ રહ્યું છે, શોધ થઈ રહી છે તે આવનારી પેઢીઓ માટે આશીર્વાદરૂપ બની રહેશે. વાત કરીએ ઇલેક્ટ્રિક કારની તો હાલમાં ભલે આ પ્રકારની કાર ભારતમાં ઉપયોગમાં ન લેવાતી હોય, પણ અમેરિકા જેવા દેશોમાં તેનો મોટાપાયે વપરાશ થાય છે. જે પ્રકારે ઇંધણની ખોટ વર્તાઈ રહી છે, તે જોતાં આવનારો સમય ઇલેક્ટ્રિક કારનો હશે એ વાત સો ટકા સાચી છે. ભારતમાં ઇલેક્ટ્રિક કારનો ઉપયોગ વધે તે માટે પ્રયત્નો કરવા જોઈએ. આજનો નાગરિક જાગૃત બન્યો છે. શું સારું અને શું ખરાબ તેનો ભેદ સમજે છે. તેથી જો યોગ્ય દિશામાં ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ઇલેક્ટ્રિક કાર બજાર મૂકવામાં આવશે તો તે ચોક્કસથી સફળ નીવડશે.

**રામશંકર જોટિયા**, સુરેન્દ્રનગર

**સૌથી નાની ઉંમરની પાઇલટ...**

ઓગણીસ વર્ષની ગુજરાતી યુવતી બંસરી શાહ ગુજરાતની સૌથી નાની ઉંમરની મહિલા પાઇલટ બની છે એ જાણીને આનંદ થયો. હવે માતા-પિતા સાચા અર્થમાં દીકરીઓને પાંખ આપતા થયા છે એમ કહેવું યોગ્ય રહેશે. જ્યારે સમાજમાં આ પ્રકારની ઘટનાઓ યુવતીઓને આગળ વધવામાં કેડી કંડારનારી સાબિત થાય છે.

**અમિતા નાગર**, વડનગર

**માર્ગદર્શનથી ભરપૂર છે વિઝા-વિમર્શ...**

વિદેશી મુરતિયા સાથે લગ્ન કરતી યુવતીઓ આ પ્રકારના પ્રપંચનો ભોગ બનતી હોય છે. તેથી જ વ્યવસ્થિત તપાસ કરીને લગ્ન કરવા જોઈએ. વિઝા વિમર્શ વિભાગમાં આ વખતનો વિષય ખરેખર આંખો ઉઘાડનારો છે. જેટલાં પણ પરિવારો પોતાની દીકરીનાં લગ્ન વિદેશમાં કરાવવા માગે છે અથવા કરવાના છે એ સૌએ આ માહિતી રાખવી જોઈએ.

**નલિન ગણાત્રા**, ગાંધીનગર

**રસપ્રદ અંક...**

કવર સ્ટોરી, કોલકાતા કોલિંગ, ચર્નિંગ ઘાટ, ટેક્નોલોજી અને પાંજો કચ્છ - બધા વિભાગ વાંચવાની મજા આવી. ઇનશોર્ટ માહિતીપ્રદ અંક છે.

**રેના દોશી**, સુરત

**મને એકલયાત્રી આઇન્સ્ટાઇન વાંચવાની મજા આવે છે. - કૌશિક પટેલ, અમદાવાદ**

# કોરોનેટિક આત્મદર્શનનો અવસર ચૂક્યા તો....?

કોરોનાએ છેલ્લા બેએક વરસથી દુનિયાભરના નાગરિકોને આત્મચિંતન કરવાનો એક મોકો આપ્યો છે. તક તો બધાને મળી છે, પરંતુ પોતાની જાત સાથે વાત કરવાની તૈયારી બહુ ઓછા લોકોની હોય એવું દેખાય છે. વહેલી સવાર પડે છે ત્યારથી જ વધુ એક ખોટા દિવસની શરૂઆત થાય છે. આપણે મોટા ભાગે પાકેલા અનાજ 'ને પાકેલા શાકભાજી ખાઈએ છીએ. ચૂલે ચડેલા ખોરાકમાંથી અડધા સત્ત્વતત્ત્વ તો લાપતા થઈ જાય છે. પછી જે આહાર લઈએ છીએ તેને પચાવવાની શરીરને તકલીફ પડે છે. ભારતીય પ્રજાના પચાસ ટકા લોકો પૂરેપૂરું ચાવતાં જ નથી અને એમ ને એમ ઝડપથી ખોરાક પેટમાં પધરાવે છે. ખરેખર પાચન પ્રક્રિયાનો અડધો ભાગ તો મુખારવિંદમાં જ પૂરો થઈ જવો જોઈએ, પરંતુ વહેલી સવારથી મનુષ્ય ઉતાવળમાં હોય છે. આ ઉતાવળ આખો દિવસ તેના ચિત્ત પર સવાર રહે છે.

કોરોનાએ કમ સે કમ ભારતમાં તો આયુર્વેદનો જબરદસ્ત પ્રચાર કર્યો છે. જે કામ બાબા રામદેવ ન કરી શક્યા એ કામ કોરોનાએ કર્યું છે. કોરોનાને કારણે ભારતીય પ્રજાના ઘર-ઘરમાં આયુર્વેદનો પ્રવેશ થયો છે. ભારતીય પ્રજાએ છેલ્લા એક વર્ષમાં લાખો ટન આદુ, લીંબુ અને હળદર પેટમાં પધરાવ્યા છે. ઉપરાંત આપણામાંથી ઘણાને જે ઠંડા પાણી પીવાનો શોખ હતો એ ગાયબ થઈ ગયો છે અને વહેલી સવારથી જ ગરમ પાણી શરૂ થઈ જાય છે. ગરમ પાણીમાં વિવિધ ઔષધિઓ ઉમેરો એટલે ઉકાળો બની જાય. ભારતમાં જેમ બાર ગાવે બોલી બદલાય એમ બાર ગાવે ઉકાળા બદલાય છે. દરેક ઉકાળામાં વિવિધ પ્રકારનું મિશ્રણ હોય છે. જુદા જુદા પ્રકારની આયુર્વેદિક વનસ્પતિઓ અને વિવિધ પદાર્થો હોય છે. આયુર્વેદની નવી સફર હિન્દુસ્તાનની શેરીઓમાં ચાલુ થઈ છે.

પરંતુ પોતાના વ્યક્તિગત જીવનમાં શું ફેરફાર કરવા એના પર વિચારવાનો મોકો બહુ ઓછા લોકોએ લીધો છે. કોરોનાના આગમન પછી જેમણે પોતાની જીવનશૈલીમાં જરૂરી એવા મહત્ત્વના ફેરફાર કર્યા નથી એમના પર અનારોગ્યનું જોખમ રહેલું છે. આ ત્રીજી લહેર જે આવવાની છે તે એ લોકો માટે જ છે કે જેઓની દિનચર્યા હજુય ઈ.સ. ૨૦૧૮ જેવી છે. કેટલાક લોકો એવા હોય છે કે તેમનું જીવન જ પહેલેથી આદર્શ હોય છે. તેઓ માને છે કે સુધારો કરવાની જરૂર નથી, પરંતુ આ પૃથ્વી પર એવો મનુષ્ય તો ભાગ્યે જ મળે જેમાં ભૂલ સુધારણાને અવકાશ ન હોય, કારણ કે મનુષ્યની મૂળભૂત વ્યાખ્યા જ છે કે મનુષ્ય એટલે ભૂલ ભરેલું પ્રાણી.

છતાં જે મુખ્ય ફેરફાર કરવા જેવા છે એ નોંધપાત્ર છે. જે લોકો આજ સુધી કાયમ મોડા ઊઠતા હતા તેમણે વહેલા ઊઠવાનું શરૂ કરી દીધું છે અને જેઓ બાકી હશે એમણે તેમના સંભવિત હૉસ્પિટલના પ્રવાસ પછી ડૉક્ટરની સલાહ પ્રમાણે વહેલા ઊઠતા થઈ જવાનું છે. એ જ રીતે આપણે ત્યાં જેઓ બપોરે ભારે ભોજન કરે છે અને ધરબી ધરબીને ખાય છે, એમણે પણ ફેરફાર કરવાની જરૂર છે. બપોરનું ભોજન પણ બહુ જ મર્યાદામાં લેવાતું હોવું જોઈએ. કોઈ એમ માનતું હોય કે વધુ ભોજન કરવાથી વધુ શક્તિ પ્રાપ્ત થાય તો એ મૂર્ખતા છે. પ્રમાણસર ભોજન લેવાથી જ અધિક શક્તિ પ્રાપ્ત થાય. ભોજન આવે છે ખેતીવાડીમાંથી. એટલે ભોજનમાં પણ ખેતીવાડીના સિદ્ધાંતો લાગુ પડે છે.



પાકને બહુ વધારે પડતું પાણી મળી જાય તો એ પાક નિષ્ફળ જાય છે અને ઓછું પાણી મળે તો પણ પાક સુકાઈ જાય છે. સપ્રમાણસરનો વરસાદ જ સોનાનો વરસાદ કહેવાય છે. આ સપ્રમાણતા બહુ જ મોટી વાત છે, પરંતુ આ સમપ્રમાણતા બધાને આવડતી નથી. આહારમાં જેઓ સંયમ રાખી શકે છે, તેઓ સંસારમાં સર્વ પ્રકારના સંયમ રાખી શકે છે. આહાર સંયમ દાખવનારા લોકો ખૂબ જ સારો ધનસંચય પણ કરી શકે છે. તેઓ સંપત્તિનું સર્જન કરી શકે છે. એટલે આહાર એ આપણા સમગ્ર જીવનની કેન્દ્રવર્તી આધારશિલા છે. તેનો જીવન પર બહુ જ પ્રભાવ પડે છે. તમે શું ખોરાક લો છો એનાથી તમારા ચિત્તની એકાગ્રતા નક્કી થાય છે. એકાગ્રતા એક જ વસ્તુ એવી છે કે જે તમને કહે છે કે આ સંસારમાંથી તમારે શું લેવાનું છે. આ સંસાર તમને કઈ રીતે ઉપયોગી થઈ શકે છે. એ એકાગ્રતા પર નિર્ભર છે, કારણ કે જેમનામાં એકાગ્રતા નથી એમને તો આ જગત કંઈ આપી શકે એમ જ નથી. ગૃહિણીનું મહત્ત્વનું કામ પોતાના પતિ અને બાળકો પર એકાગ્ર રહેવાનું છે. જો સ્ત્રી એ એકાગ્રતા ચૂકી જાય તો એનો સંસાર હાલકડોલક થઈ જાય છે.

એ જ રીતે દરેક ઘરના મોભીનું કામ ઘરનું વ્યવસ્થાતંત્ર નિભાવવાનું છે. એમાં પણ એકાગ્રતાની જરૂર પડે છે, કારણ કે વ્યાવસાયિક અને વ્યાપારિક કામોમાં પૂર્ણતઃ એકાગ્રતાથી પુરુષાર્થ કરવામાં ન આવે તો એમાં ખાલી પાંદડાં જ બેસે છે અને ફળ આવતાં નથી. એની ફલશ્રુતિ શૂન્ય રહે છે, કારણ કે એકાગ્રતા વિનાની દોડધામ કોઈ પરિણામ આપતી નથી. શરીરને એનો પોતાનો ધર્મ છે અને શરીર ચોવીસ કલાકના ચક્ર પ્રમાણે ચાલે છે. પૃથ્વી પોતાની ધરી પર એક પ્રદક્ષિણા પૂરી કરે એને ચોવીસ કલાક લાગે છે. એટલે એક ચોક્કસ ગણિતને આધારે આ પૃથ્વીનું જીવન ચક્ર ચાલે છે. એટલે શરીર સંબંધિત પ્રવૃત્તિઓમાં ચોક્કસ પ્રકારની નિયમિતતા ફરજિયાત છે. ■

# પ્રધાનમંડળની પુનર્રચનાના અનેક સંધાન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના બીજા કાર્યકાળના બે વર્ષ પછી કરેલી પ્રધાનમંડળની પુનર્રચના એ એક પ્રકારે સરકારના ચહેરાને બદલવાનો વ્યાયામ બની રહ્યો. પ્રધાનમંડળની પુનર્રચના અનેક કારણોસર અનિવાર્ય હતી, પરંતુ વડાપ્રધાને આ અવસરનો ઉપયોગ કરીને સરકારમાંથી એક ડઝન જેટલા ચહેરાઓને વિદાય આપી જેમાં રવિશંકર પ્રસાદ અને પ્રકાશ જાવડેકર તેમ જ હર્ષવર્ધન જેવા દિગ્ગજ નેતાઓનો સમાવેશ થાય છે. સ્વાભાવિક રીતે જ તેમના અપેક્ષિત પરફોર્મન્સમાં રહેલી ક્ષતિઓ તેમને નડી ગઈ. વડાપ્રધાને અનેક નવા ચહેરાઓનો સમાવેશ કર્યો. કેટલાક રાજ્યકક્ષાના પ્રધાનોને પ્રમોશન અપાયું. તેમને કેબિનેટ પ્રધાન બનાવાયા. તેમાં ૩૬ લોકો એવા છે કે સૌ પ્રથમવાર પ્રધાન બન્યા છે. હવે પ્રધાનમંડળનું કુલ સંખ્યાબળ ૭૭નું થયું છે. વડાપ્રધાન ધારે તો હજુ ચાર પ્રધાનોનો ઉમેરો કરી શકે તેમ છે. કેમ કે લોકસભાના સભ્યોની સંખ્યાના હિસાબે તેઓ વધુમાં વધુ ૮૧ લોકોનો પ્રધાનમંડળમાં સમાવેશ કરી શકે છે.

પ્રધાનમંડળની આ પુનર્રચનામાં વડાપ્રધાને સોશિયલ એન્જિનિયરિંગનો બારીકાઈથી ખ્યાલ રાખ્યો છે. એસસી, એસટી અને ઓબીસીમાં સામેલ અનેક જાતિ સમુદાય કે જેમને અગાઉ ક્યારેય પ્રધાનમંડળમાં સ્થાન મળ્યું ન હતું એવા વર્ગોને પ્રતિનિધિત્વ આપ્યું છે. જોકે આખરે તો આવા પ્રયાસનો ઉદ્દેશ ચૂંટણીલક્ષી રાજનીતિના લક્ષ્યો સિદ્ધ કરવાનો હોય તો પણ આ સમુદાયો માટે અનોખો અવસર બને એ સ્વાભાવિક છે. એ જ રીતે પ્રધાનમંડળમાં પ્રાદેશિક સંતુલન જાળવવાની સાથોસાથ મહિલાઓનું પ્રતિનિધિત્વ વધારવામાં આવ્યું છે. નવા સમાવાયેલા પ્રધાનોમાં પચાસથી ઓછી વયના નેતાઓને પ્રાધાન્ય મળતાં પ્રધાનમંડળની સરેરાશ વયમાં પણ ઘટાડો થયો છે અને સરેરાશ વય ૫૮ની થઈ છે. પ્રધાનમંડળમાં વ્યાપક ફેરબદલ છતાં કેટલાક અપેક્ષિત નેતાઓને સ્થાન મળ્યું નથી તો બીજી બાજુ અનેક અજ્ઞાત અનપેક્ષિત ચહેરાઓને સ્થાન મળ્યું છે.

સમગ્ર પ્રધાનમંડળને નવો ઓપ આપવા સાથે સ્વાભાવિક રીતે જ ગૃહ, નાણા, સંરક્ષણ વિદેશનીતિ જેવા ચાવી રૂપ મહત્ત્વનાં ખાતાંઓને બાદ કરતાં મોટા ભાગના પ્રધાનોનાં ખાતાંઓમાં ફેરબદલ કરાયો છે. આ વ્યાપક ફેરબદલ દ્વારા વડાપ્રધાને ત્રણ મહત્ત્વના મેસેજ આપવાનો પ્રયાસ કર્યો છે. પ્રથમ - તમામ પ્રધાનોએ તેમની કામગીરી પ્રત્યે વિશેષ લક્ષ આપવું પડશે. પરફોર્મન્સ એ જ એક માત્ર તેમના ટકી રહેવાની ગૅરંટી છે. કોરોના સંકટ કાળ પછી ફરી બેઠા થઈ રહેલા ભારત માટે આરોગ્ય, શિક્ષણ, શ્રમ, નાગરિક ઉડ્ડયન, પેટ્રોલિયમ, ફાર્મા, આઇ.ટી., ટેલિકોમ અને રેલવે જેવા મંત્રાલયો સમક્ષ મોટા પડકારો પડેલા છે. એ પડકારોને પહોંચી વળવા ભારે જહેમત કરવી પડશે. બીજો ઉદ્દેશ ચૂંટણીલક્ષી રાજકારણનો છે. આગામી વર્ષે જે રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે એ રાજ્યોને કાળજીપૂર્વક પ્રતિનિધિત્વમાં પ્રાધાન્ય આપવાની સાથોસાથ ઉત્તર પ્રદેશ અને કર્ણાટક જેવા રાજ્યોમાં રાજ્યની નેતાગીરી સામે આંતરિક વિખવાદ ઉત્પન્ન કરનારાઓને રસ્તો બતાવીને યોગી આદિત્યનાથ અને બી.એસ. યેદિયુરપ્પાને વધુ સુરક્ષિત અને સુનિશ્ચિત બનાવ્યા છે. ગુજરાતમાં પણ આગામી વર્ષના અંતે આવનાર ચૂંટણીને લક્ષમાં રાખીને બે પાટીદાર પ્રધાનોને પ્રમોશન આપી કેબિનેટ કક્ષાના પ્રધાન બનાવાયા છે. પશ્ચિમ બંગાળના બે પ્રધાનોની બાદબાકી કરીને નવા ચારનો સમાવેશ કરીને એવો મેસેજ આપવાનો પ્રયાસ થયો છે કે પશ્ચિમ બંગાળ પર ભાજપનું ફોકસ તો રહેવાનું જ છે. ભાજપને અહીં વિધાનસભામાં ૭૭ બેઠકો મળી છે એ ધ્યાન બહાર નથી.

પ્રધાનમંડળની પુનર્રચના પહેલાં રચાયેલા નવા સહકાર ખાતાનો હવાલો ગૃહપ્રધાન અમિત શાહને આપીને આ નવા ખાતાની નક્કર પ્રારંભિક કામગીરીને સુનિશ્ચિત કરવામાં આવી છે. વડાપ્રધાને દૂરંદેશિતાથી આ નવા ખાતાની રચના કરી છે. કેમ કે ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર જેવા રાજ્યમાં પણ સહકારી ક્ષેત્ર જાહેરજીવનનું મહત્ત્વનું અને પ્રભાવી ક્ષેત્ર રહ્યું છે. આ બંને રાજ્યોના ઉદાહરણ દ્વારા સહકારી ક્ષેત્રમાં સુધારા ઉપરાંત અન્ય રાજ્યોમાં પણ સહકારી ક્ષેત્રને સુદૃઢ બનાવવાનો ઉપક્રમ શરૂ થશે.

નાણાપ્રધાન નિર્મલા સિતારામને પણ તેમના બજેટમાં સહકારી ક્ષેત્રને સુદૃઢ બનાવવાનો ઉલ્લેખ કર્યો હતો. કેન્દ્રીય પ્રધાનમંડળમાં જનતા દળ (યુ) ઉત્તર પ્રદેશનાં અનુપ્રિયા પટેલ, રામવિલાસ પાસવાનના એલજેપી સહિતના રાજકીય જૂથોનો પણ સમાવેશ કરીને એનડીએને સુગ્રથિત કરવાનો પ્રયાસ થયો છે તો તેમાં ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીનું સંધાન પણ જોઈ શકાય છે. મહારાષ્ટ્રમાંથી નારાયણ રાણેનો સમાવેશ કરીને આગામી ચૂંટણીમાં ભાજપ શિવસેના સામે એકલે હાથે લડી લેવા તત્પર હોવાનો મેસેજ મહારાષ્ટ્રના મુખ્યપ્રધાનને આપી દીધો છે. આવાં અનેક રાજકીય સંધાનો પણ આ પુનર્રચનામાં પાર પાડ્યાં છે. ■

# ગુજરાતનાં નવા રાજકીય પરિબળનો કસોટી કાળ

ગુજરાતમાં આગામી વિધાનસભાની ચૂંટણીને લક્ષમાં રાખીને આમ આદમી પાર્ટીના રૂપમાં નવા રાજકીય પરિબળના થઈ રહેલા ઉદયની ચર્ચા સોશિયલ મીડિયામાં સવિશેષ થઈ રહી છે. અવનવા સામાજિક-રાજકીય અગ્રણીઓ તેમાં સામેલ થઈ રહ્યા છે. રાજ્યના બે મુખ્ય રાજકીય પક્ષોના અસંતુષ્ટોને પણ હવે એક નવો વિકલ્પ મળ્યો છે, પરંતુ આ નવા વિકલ્પને પસંદ કરતાં પહેલાં તેઓ તેમના રાજકીય ભાવિની સુનિશ્ચિતતાનો વિચાર વધારે કરે છે. ગુજરાતમાં ત્રીજા વિકલ્પ કે ત્રીજા રાજકીય પરિબળનું ભાવિ હંમેશાં શંકાસ્પદ રહ્યું છે અને ભૂતકાળનો અનુભવ એવું કહે છે કે એકાદ ચૂંટણી પૂરતું તેનું મહત્ત્વ રહે છે. અલબત્ત, આવાં તારણો અને માન્યતાઓને શાશ્વત સત્ય તરીકે માનવાની ભૂલ કરવા જેવી નથી, પરંતુ આવી માન્યતા પાછળ ગુજરાતની પ્રજાની તાસીરનો પ્રભાવ અને પરિચય જવાબદાર રહ્યો છે, એ પણ સ્વીકારવું રહ્યું. આ તાસીરમાં કોઈ મૂળભૂત બદલાવ આવ્યો હોવાના કોઈ વિશેષ લક્ષણ જોવામાં આવ્યા નથી. કદાચ એટલે જ ગુજરાતના બે મુખ્ય રાજકીય પક્ષો આ નવા પરિબળના ઉભારથી બહુ ચિંતિત નથી, પરંતુ તેઓએ સાવ નિશ્ચિંત રહેવા જેવું પણ નથી. કેમ કે આ ત્રીજું પરિબળ સ્વયં કેટલું કાઠું કાઢશે એ ભલે અનુમાનનો વિષય હોય, પરંતુ એ રાજ્યના બેમાંથી એક રાજકીય પક્ષના ચૂંટણીના ભાવિને ધૂંધળું જરૂર બનાવી શકશે.

ગુજરાતની વિધાનસભાની ચૂંટણીને હજુ સવા-દોઢ વર્ષની વાર છે. એટલે ભાજપ - કોંગ્રેસને તૈયારીની બહુ ઉતાવળ નથી, પરંતુ આમ આદમી પાર્ટીએ ગુજરાતના છેવાડાના લોકો સુધી પહોંચવાનું છે. એવા લક્ષ્ય સાથે તેમના નેતાઓએ ગુજરાતની યાત્રા શરૂ કરી છે અને ગુજરાતનાં યાત્રાધામોને જોડતા રૂટ પર સોમનાથથી તેનો પ્રારંભ તો કર્યો, પરંતુ પ્રથમ ગ્રાસે મક્ષિકાની માફક પ્રારંભે જ તેમને લોકોનો આક્રોશનો સામનો કરવો પડ્યો.

આ આક્રોશ ખરેખર તો આમ આદમી પાર્ટી કરતાં તેના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઇટાલિયા પ્રત્યે વિશેષ હતો. એટલે એક પ્રકારે પાર્ટી કરતાં વ્યક્તિગત વિરોધનું તત્ત્વ મુખ્ય હતું, કારણ કે અગાઉ ભૂતકાળમાં તેઓએ તમામ ધાર્મિક ઉપક્રમો, ક્રિયાકાંડો, પૂજાપાઠ, કથાવાચન, કથાકાર, પુરોહિત વગેરે સામે ઉગ્ર પ્રહારો કરીને રીતસર ધાર્મિક અંધવિશ્વાસ સામે સામાજિક જાગૃતિની ઝુંબેશ ચલાવી હતી. આ ઝુંબેશના અતિરેક દરમિયાન તેઓ અમર્યાદ બનીને માત્ર અંધવિશ્વાસ નહીં, તો લોકોની સાચી આસ્થાને પણ મજાકનો વિષય બનાવી અશોભનીય ટિપ્પણીઓ કરતા રહ્યા. કોઈ નાસ્તિક વ્યક્તિના વિચારોની માફક તેઓ તેમના વિચારોનો સતત પ્રચાર-પ્રસાર કરતા હતા. તેમની આવી વ્યક્તિગત માન્યતા કે વિચારધારા સામે કોઈને વાંધો ન હોય, પરંતુ આવી વ્યક્તિ જ્યારે જાહેરજીવનમાં નેતૃત્વ ધારણ કરે અને લોકોની વચ્ચે જઈને લોકોના સાથ-સહકારની અપેક્ષા વ્યક્ત કરે ત્યારે તેમણે તેમના વિચારો પણ સ્પષ્ટ કરવા જ પડે. આખરે તો તમારા વિચારો તમારી અંતર-મનની માન્યતાનું પ્રતિબિંબ પાડે છે અને તમારા ચરિત્રનું પ્રતીક અને પરિચાયક બની રહે છે. આપણા સમાજનો મોટો વર્ગ કહો કે બહુધા સમુદાય આસ્થાવાન અને ધાર્મિક પ્રકૃતિ ધરાવે છે. આવા સમાજનું નેતૃત્વ નાસ્તિક પ્રકારના વ્યક્તિ કરે એ સમાજને કેટલું સ્વીકાર્ય બને એ પ્રશ્ન તો રહે જ છે. આ જ બાબત આજે આમ આદમી પાર્ટીના નેતૃત્વને નડી રહી છે.

હવે ગોપાલ ઇટાલિયાએ સ્પષ્ટ કર્યું છે કે તેમના વિચારો બદલાયા છે. તેઓ તેમના અગાઉના વિધાનો કે વિચારો પ્રત્યે પ્રતિબધ્ધ નથી. તેઓ લોકોની આસ્થાને સ્વીકારે છે. આવી સ્પષ્ટતા તેઓ દિલથી કરે છે કે પછી રાજકીય મજબૂરીથી કરે છે એ વાતની પ્રતીતિ લોકોને કરાવવી અઘરી થઈ પડશે. ભૂતકાળના ઓછાયાથી સહેલાઈથી અલિપ્ત થઈ શકાતું નથી. રાજકીય કે સામાજિક નેતૃત્વ ધારણ કરનાર વ્યક્તિની સમાજ અનેક પ્રકારે કસોટી કરે છે. ગોપાલ ઇટાલિયાનો વિરોધ સામાજિક સંગઠનો, સંસ્થાઓ, બ્રાહ્મણોએ કર્યો. તેમાં રાજકીય કાર્યકરો પણ હોઈ શકે. પ્રતિસ્પર્ધી પક્ષો પર વિરોધ, હુમલા અને હિંસાના આક્ષેપો એક વાત છે, પરંતુ આ સામાજિક વિરોધની પ્રક્રિયામાંથી પસાર થઈને જ તેઓ નેતૃત્વ માટેની પોતાની યોગ્યતા પુરવાર કરી શકશે. એ માટે તેમણે તેમનો વિરોધ કરનારાઓ પ્રત્યે ગુસ્સો અને આક્રોશ વ્યક્ત કરવાને બદલે નમ્ર અને વિવેકી થઈને પોતાની ભૂતકાળની ભૂલોના પ્રાયશ્ચિતની વાત કરવી પડશે. લોકો પ્રત્યેની દુર્ભાવનાનો ત્યાગ કરવો પડશે. અગાઉ જેનો પણ અનાદર કર્યો હોય એવા કથાકારો, સંતોની ચરણવંદના કરવી પડે. તમારા વિચારો, વલણો, માન્યતાઓ ખરેખર બદલાયા છે તેની પ્રતીતિ લોકોને થાય ત્યારે જ નેતા તરીકે સ્વીકાર્ય બની શકાય. 'આપ'ના નેતૃત્વ પર હુમલા કરનારાઓએ પણ યાદ રાખવું જોઈએ કે આમ કરીને તેઓ જ તેમને સસ્તી પ્રસિદ્ધિની તક પૂરી પાડી રહ્યા છે. ગુજરાતના એક નવા રાજકીય પરિબળોનો આ કસોટી કાળ છે. એ કેવી રીતે પસાર કરે છે તેના પર જ તેમનો આગળનો માર્ગ પ્રશસ્ત થશે. ■

# સરળ સ્વાદિષ્ટ સૌની સહેલી સેન્ડવિચ

**જન્મ 'ને મૃત્યુ વચ્ચે જેવું જીવન ભરીશું એવી સૅન્ડવિચ બનશે**
**ધ્યાનથી જોશો તો બે હોઠ વચ્ચે દરેક કોળિયે સૅન્ડવિચ મળશે**

ખાવા માટે જીવવાનું છે કે જીવવા માટે ખાવાનું એવી ચર્ચા આજકાલ નથી ચાલતી. કોરોના ધીમો પડ્યો છે યા ઠંડો પડ્યો છે. જનજીવન અગાઉ જેવું થાળે પડવા લાગ્યું છે. બહારનું ખાવાનું ફરીથી લોકોને મજા આપી રહ્યું છે. નોકરી કે ધંધા પર જમવા કે નાસ્તામાં બહારથી ખાવાનું ઓર્ડર થઈ રહ્યું છે. ખાવાનું બહારનું હોય છતાં મૂળ ભારતીય હોય તો ઘરનું લાગે છે 'ને મૂળ વિદેશી ચીજ જો ઘરમાં બનાવવામાં આવે તોય બહારનું ખાવાનું ખાતા હોઈએ તેવી ફિલિંગ આવી શકે છે. બીજા રાજ્યની નવી ચીજ ઘરે ખાવ કે બહાર ખાવ તો થોડું ઘરનું 'ને થોડું બહારનું ખાતા હો એમ લાગી શકે છે. એવી બંને બાજુની લાગણી અમુક વિદેશી આઇટમમાં થાય છે. પિત્ઝા 'ને પાસ્તા હજુ બહુમતી ભારતીય માટે મેન્ટલી 'ને પ્રેક્ટિકલી વિદેશી ડિશ જ છે. ચાઇનીઝ નામમાં વિદેશત્વ છે એટલે એ પ્રકાર વિશ્વમાં બધે સદૈવ પારકો જ રહેશે. જ્યારે સાઉથ ઇન્ડિયન ટેગ સાથે ઉત્તપા 'ને ઈડલી ભારતનાં ઘણા રાજ્યોમાં પોતાની વાનગી બની ચૂક્યા છે. બસ, એમ કે તેમ સૅન્ડવિચ આખા વિશ્વમાં ઘણા દેશની પોતાની વાની બની ચૂકી છે.

કોરોના પહેલાં અમેરિકામાં થયેલા એક અભ્યાસે જાહેર કરેલું કે વીસ વર્ષથી વધારે ઉંમરના ઓગણપચાસ ટકા અમેરિકન રોજ સૅન્ડવિચ ખાય છે. અમેરિકામાં રોજ લગભગ ત્રણ અબજ સૅન્ડવિચ ખવાય છે. સૅન્ડવિચ ચીન, કોરિયા, જાપાન, જર્મની, રશિયા 'ને યુએઈ બધે લોકપ્રિય છે. બનાવવામાં સરળ, સાચવવામાં સરળ 'ને આમથી તેમ લઈ જવામાં સરળ એવી સૅન્ડવિચ બનાવતા આવડે તો સ્વાદ 'ને પોષણનું જોરદાર મિશ્રણ બની શકે છે. પશ્ચિમની દુનિયામાં સૅન્ડવિચ માનીતું ફિંગર એવમ ફાસ્ટ ફૂડ છે. ટિફિનમાં, પિકનિક પર કે ફટાફટ ખાવાના સ્નેકમાં સૅન્ડવિચ ખૂબ કામની આઇટમ સાબિત થઈ છે. સૅન્ડવિચ મૂળે બ્રિટિશ ડિશ. વૉલ સ્ટ્રીટ જર્નલે સૅન્ડવિચને પેટ અંગેના વિભાગમાં અંગ્રેજોનું સૌથી મોટું યોગદાન કીધું છે. સૅન્ડવિચ ઇન્ડસ્ટ્રી આજે વિશ્વના ઘણા દેશમાં અર્થતંત્રમાં નાનો દેખાતો, પણ મહત્ત્વનો રોલ અદા કરે છે. એક ચીજ એક સાથે કેટલાંય લોકોનું પેટ ભરીને રોજગારી આપે છે. બ્રેડ, બટર, સોસ વગેરે ઘટક 'ને પેકેજિંગ, ઍડવર્ટાઇઝ, હૉસ્પિટાલિટી સાથે સોશિયલ લાઇફ વગેરે ઘણુ બધું સૅન્ડવિચ સાથે જોડાયેલું છે.

કહેવાય છે કે સૅન્ડવિચની શોધના મૂળ ૧૭૬૨માં બ્રિટનના એક રાજનીતિજ્ઞ અર્લ ઓફ સૅન્ડવિચમાં છે. ઇંગ્લેન્ડના દક્ષિણ-પૂર્વ ભાગમાં આવેલ કેન્ટમાં સૅન્ડવિચ નામનું એક નગર છે, ત્યાંના ચોથા અર્લ જહોન મોન્ટાગુને કલાકોના કલાકો જુગાર રમવાનું બંધાણ હતું. એક વાર એમના ખાનસમાને એમણે કીધું કે ખુરશી પર બેસીને ટેબલ પર જુગાર રમવાનું ચાલુ રાખીને એક હાથમાં પત્તા સાથે બીજા હાથે ખાઈ શકાય એવી ચીજ બનાવીને લાવ. પેલો આજની સૅન્ડવિચ બનાવીને લાવ્યો. જહોન મોન્ટાગુને એ ચીજ ખાવાની મોજ આવી. એ પછી લંડનના હાઇ સર્કલમાં અર્લ મોન્ટાગુના નામ પર એ ચીજ જાણીતી બની. વેલ, આપણે 'ને ખાસ કરીને પશ્ચિમી માણસ સમજી શકે છે કે એ અનામી કૂક પહેલોવહેલો નહીં હોય જેણે બે બ્રેડ વચ્ચે માંસ મૂકીને ખાવાનું વિચાર્યું હશે. ખોરાકના ઇતિહાસકારો જણાવે છે કે મોન્ટાગુને પોતાને સૅન્ડવિચનો આઇડિયા એ તુર્કસ્તાન 'ને ગ્રીસના મેડિટરેનિયન વિસ્તારમાં ગયો હશે 'ને ત્યાં એણે એવી ડિશ ખાધી હશે તેના પરથી

પિનવ્હિલ સેન્ડવિચમાં બ્રેડ ઉપર વિવિધ લેયર કરી રોલ વાળી આડા કટ હોય છે

આવ્યો હશે. યહૂદીઓ કહે છે, અમારા વડવાઓ સૅન્ડવિચ જેવી આઇટમ ખાતાં 'ને ડચ લોકો કહે છે કે અમારા પૂર્વજો એવું ખાતાં હતાં.

ગાથા છે કે અર્લ ઓફ સૅન્ડવિચે હાથ ગંદા ના થાય 'ને ક્રિબેજ જેવી પત્તાની રમત રમવાનું ચાલુ રાખતા પેટ ભરી શકાય એ માટે બ્રેડની બે ચીરી કે સ્લાઇસ વચ્ચે બિફનો ટુકડો મૂકીને લાવવા કહેલું. સાથી ખેલીઓને પૂછવામાં આવ્યું કે એ શું ખાશે તો એમણે કહેલું કે સૅન્ડવિચ જેવું. એ હતો સૅન્ડવિચ શબ્દનો પહેલો ઉલ્લેખ. અંગ્રેજ ઇતિહાસકાર એડવર્ડ ગિબ્બન નોંધે છે કે તેમાં માંસ ગરમાગરમ નહોતું, ઠંડું હતું. સોળમી 'ને સત્તરમી સદીમાં આ ડિશને બ્રેડ તથા માંસ કે પછી બ્રેડ તથા ચિઝ તરીકે લોકો ઓળખતા હતા. સમય જતાં શબ્દ એકથી વધુ સ્થળે અનેક લોકો દ્વારા વપરાશમાં આવતા તેનો અર્થ ઘટ્ટતા પકડે છે 'ને પોતાનો આકાર બદલે છે. અંગ્રેજો લગભગ આખી દુનિયામાં રાજ કરી ચૂક્યા છે 'ને અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ જેવા દેશોમાં રહીને જે-તે દેશના થઈ ગયા. આખરે સૅન્ડવિચ મોટી થઈને પોતાના પગ પર ઊભી થઈ. સારું છે કે ક્યાંય સૅન્ડ અર્થાત્ રેતી 'ને વિચ અર્થાત્ કઈ અથવા સૅન્ડ એટલે મોકલો 'ને વિચ એટલે ડાકણ એવો અર્થ નથી કાઢવામાં આવતો.

અમેરિકાના મેસેચ્યુસેટ્સ રાજ્યના શહેર બોસ્ટનની એક કોર્ટે ૨૦૦૬માં રૂલિંગ આપેલું હતું કે સૅન્ડવિચમાં ફરજિયાત બે બ્રેડ હોવી જોઈએ. આગળ સ્પષ્ટતા કરતાં કોર્ટે કહેલું કે બરિટો, ટાકોઝ 'ને કવસડિલાઝ જેવી વાનગીને સૅન્ડવિચ ના કહેવાય, કેમ કે તેમાં સિંગલ ટોર્ટિલા યાને રોટલી હોય છે. કેસ એ મુદ્દા પર ચાલવા આવેલો કે કોઈ મૉલમાં સૅન્ડવિચની એક માત્ર દુકાન હોઈ શકે એવો ક્લોઝ હતો 'ને ત્યાં પછીથી એક બરિટોની દુકાન આવે છે તો સૅન્ડવિચવાળો કહે છે કે, એ દુકાનને કારણે એની સૅન્ડવિચની રાઇટફુલ મોનોપોલીનો ભંગ થાય છે, એટલે આ બરિટો વગેરે વેચનારને બંધ કરો, કેમ કે એ સૅન્ડવિચ જ કહેવાય. આજે અમેરિકામાં સૌથી પોપ્યુલર સૅન્ડવિચ હેમની છે. એક જમાનામાં અંગ્રેજી વિશ્વમાં જીભની સૅન્ડવિચ લોકપ્રિય હતી. અમેરિકન ફૂડના ઇતિહાસમાં સૌથી જૂની સૅન્ડવિચની રેસિપી ૧૮૨૪ની નોંધાઈ છે, જેમાં ગોળ બ્રેડ વાપરવામાં આવેલી. ૧૮૬૯માં સિમ્પલ હેમ તથા બિફ ટંગ સૅન્ડવિચ ફેમસ થયેલી. જોકે ૧૮૪૪માં પણ એ રનિંગ આઇટમ હતી જેમાં ફરક એટલો કે જીભ સાથે હેમ 'ને તે બંને સાથે બિસ્કિટ મૂકવામાં આવતું.

સ્પેનમાં અન્ય દેશની જેમ સૅન્ડવિચ શબ્દ અંગ્રેજી ભાષામાંથી લેવામાં આવ્યો છે, પરંતુ સૅન્ડવિચ શબ્દ સ્પેનમાં વપરાય એટલે સમજી લેવાનું કે બ્રેડ બ્રિટિશ પ્રકારની છે. જો સ્પેનિશ બ્રેડથી સૅન્ડવિચ બનાવી હોય તો તેને બોકાડિલો કહેવાય. એવું ઘણા દેશમાં પોતાનું સૅન્ડવિચ-વર્ઝન છે. ઉદાહરણ પૂરતું સમજો કે મિસ્સી રોટીમાં બરિટો બનાવીએ કે પેશાવરી નાનથી કવસડિલાઝ બનાવીએ તો તે ડિશનું નવું નામ આપીએ એવું. લગભગ આપણી ફ્રેન્કી જેવી મેક્સિકોમાં રોલ કરેલી સૅન્ડવિચ ટોર્ટા કહેવાય છે. બ્રિટન 'ને ઓસ્ટ્રેલિયા જેવા કોમનવેલ્થ દેશોમાં ગમે તે વેરિયેશનને સૅન્ડવિચ ના કહી શકાય. બેગેટ જેવી લાંબી 'ને જાડી બન જેવી બ્રેડને વચ્ચે કાપો મૂકી તેમાં ફિલિંગ ભરીને સબ જેવું જે બને એને અમેરિકામાં કે બધે સૅન્ડવિચ કહે, પણ બ્રિટિશ વ્યાખ્યા મુજબ નોર્મલ બ્રેડની સ્લાઇસથી બને એ જ સૅન્ડવિચ. બાકી લોફ આડો કાપી બનાવે એને રોલ કહે. બન કે ઇઝરાયલી બેગલ વડે બને તે બર્ગર. હોટડોગ આમ સૅન્ડવિચ, પણ તેમ હન્ડ્રેડ પર્સન્ટ હોટડોગ જ. ઇટાલિયન ચુબાટહ કે ફોકાચિઆ જેવી બ્રેડથી બને એ સૅન્ડવિચ પનિની કહેવાય.

ઓપન સૅન્ડવિચ એટલે જે કશું પણ ફિલિંગ હોય એ બધું બહારથી દેખાય એવી કેનપિઝ જેવી સૅન્ડવિચ. પ્લેન એટલે સીધીસાદી સૅન્ડવિચ જેમાં વચ્ચેનું ફિલિંગ સ્પેશિયલ બનાવેલું ના હોય. પિનવ્હિલ સૅન્ડવિચમાં બ્રેડને ફ્લેટ કરી ઉપર વિવિધ લેયર કરી રોલ વાળી આડા કટ કરેલ હોય છે. આમાં વિવિધ રંગના લેયર કરી શકાય 'ને એકથી વધુ પ્રકારની બ્રેડ લઈ શકાય. ટી કે ફિંગર સૅન્ડવિચ ચા સાથેના નાસ્તા માટે હોય જેના ટુકડા નાના હોય. વેસ્ટમાં પરંપરાગત રીતે એ પહેલેથી બનાવીને ફ્રોઝન કરેલી હોય. રિબન સૅન્ડવિચ ત્રણ કે વધુ બ્રેડની હોય 'ને ચોરસ બ્રેડના બે લંબચોરસ ભાગ કરેલા હોય. મોઝેક સૅન્ડવિચ બે જુદી ધાર વગરની સૅન્ડવિચ બનાવીને તેના ચોરસ ટુકડા કરીને ચેસની જેમ ગોઠવવાથી બને છે. ક્લબ

**બનાવવામાં સરળ, સાચવવામાં સરળ 'ને આમથી તેમ લઈ જવામાં સરળ એવી સૅન્ડવિચ બનાવતા આવડે તો સ્વાદ 'ને પોષણનું જોરદાર મિશ્રણ બની શકે છે**

સેન્ડવિચ ત્રણ કે વધુ બ્રેડથી વિવિધ ફિલિંગ 'ને લેયર કરી બને. સબ એટલે સબમરીન કે ટોર્પિડો સેન્ડવિચ. પોકેટ સેન્ડવિચ એટલે એક બ્રેડ પર ઘટકો મૂકીને બ્રેડ વાળી દેવાની. તેમાં પિટા પ્રકારની બ્રેડ વધુ વપરાય છે.

અમેરિકામાં ફ્રાઇડ કે સ્ક્રેમ્બલ્ડ એગ સેન્ડવિચ એટલે બ્રેકફાસ્ટ સેન્ડવિચ. બેકન, લેટ્સ, ટોમેટો એટલે ઇન્ટરનેશનલી ફેમસ અમેરિકન બીએલટી સેન્ડવિચ. ડોનટ સેન્ડવિચ ગળી હોય છે. અરબી દેશોની ફલાફલ સેન્ડવિચ આપણે જાણીએ છીએ. ઓસ્ટ્રિયા, સ્વિત્ઝરલેન્ડ 'ને જર્મનીમાં બન જેવા વિએના કે કેઝર રોલની સેન્ડવિચ લિબાકેઝા મળે છે. ધોળિયાઓને ત્યાં ફૂટ સેન્ડવિચ મળે છે જે આપણે અહીં શરૂ કરવા જેવી છે. જાપાનમાં ફૂટની સેન્ડવિચ સેન્ડો તરીકે પોપ્યુલર છે. આપણા દાબેલી 'ને વડાપાંઉ એક પ્રકારની સેન્ડવિચ જ છે. બ્રિટિશ દેશોમાં મર્માઇટ 'ને વેજીમાઇટ સેન્ડવિચ મળે છે તો આપણે ચ્યવનપ્રાશ સેન્ડવિચ શરૂ કરી શકીએ. ઇન્ડોનેશિયામાં રોટી બકર સેન્ડવિચ છે. સિલ્ડ ક્રસ્ટલેસ સેન્ડવિચ એટલે જાણે કે આપણા જૂનાગઢ કે જામનગરના સમોસા જેવા ઘૂઘરા. રેપ એટલે વ્યવસ્થિત રોટલી 'ને સલાડ ઉર્ફે શાકનો રોલ. છેક ૧૯૩૫માં નોંધાયું હતું કે અમેરિકામાં રીંગણ 'ને ટામેટાની સેન્ડવિચ મળતી હતી. આપણે ત્યાં કોઈ બિગ બ્રાન્ડ એ શરૂ કરે તો લોકો ખાય, બાકી હોશિયારી મારે કે આને સેન્ડવિચ ના કહેવાય.

સેન્ડવિચ શબ્દ ક્રિયાપદ તરીકે આપણે ગુજરાતીમાં વાપરીએ છીએ બિલકુલ એ જ અર્થમાં અંગ્રેજીમાં વપરાય છે. બે વસ્તુ વચ્ચે એક કે વધુ ચીજ મૂકવી, ભરવી, બાંધવી, ભરાવવી, પૂરવી વગેરે. નાઉન તરીકે સેન્ડવિચ શબ્દ રસપ્રદ રીતે વપરાય છે. સેન્ડવિચ ઢોકળાં હોય તો બે ઢોકળાં વચ્ચે ચટણી કે અન્ય ચીજ હોય. સેન્ડવિચ આઇસક્રીમ હોય તો બે કેક કે બિસ્કિટ વચ્ચે આઇસક્રીમ હોય. મલાઈ સેન્ડવિચ જેવી મીઠાઈ હોય છે 'ને પુડિંગ સેન્ડવિચ પણ હોય છે. ઓરીઓ 'ને બર્બોન જેવા બિસ્કિટ 'ને અમુક કૂકિઝ તૈયાર સેન્ડવિચ સ્વરૂપમાં મળે છે, ઘણા નાસ્તા માટે બિસ્કિટ સેન્ડવિચ જાતે બનાવે છે. બ્રેડ પર લાગતાં બટરને કારણે સેન્ડવિચને અમુક અંગ્રેજો તળપદી કે સ્થાનિક બોલીમાં બટી કહે છે. કોઈ સેન્ડી કહેતું હોય એવું ધ્યાનમાં નથી. સેન્ડવિચના કહેવાતા શોધક જહોન મોન્ટાગુના જન્મદિન ત્રીજી નવેમ્બરે અમેરિકામાં નેશનલ સેન્ડવિચ ડે મનાવાય છે 'ને ઑગસ્ટમાં સેન્ડવિચ મંથ. એ દરમિયાન રસિકજન અનેકો પ્રકારની સેન્ડવિચ જાણી કે માણી શકે છે.

અમેરિકાનું ખાધાખોરાકી મંત્રાલય જે આઇટમમાં પચાસ ટકા ભાગ બ્રેડ 'ને પાંત્રીસ ટકા ભાગ રાંધેલું માંસ હોય તેને સેન્ડવિચ કહે છે. શક્ય છે અમેરિકાની કોર્ટમાં ચિકન બ્રેડ પકોડાને સેન્ડવિચ સાબિત કરી શકાય 'ને આપણી ઓલટાઇમ ગ્રેટ આલૂમટર સેન્ડવિચ વેજ ઓન્લી હોવાથી ફેલ થાય. અમેરિકામાં રોલ કે બન વચ્ચે સોસેજ ભરીને બનતા હોટડોગ તેમ જ બર્ગરને સેન્ડવિચ ના ગણાય એવું ઘણા માને છે. એ સાથે કુલ એક જ બ્રેડ હોય એવી સેન્ડવિચ સાચી સેન્ડવિચ ના કહેવાય એવું કહે છે. એવામાં સવાલ થાય છે કે આપણે રોટલી, રોટલા કે પરોઠા, પૂરી વડે સેન્ડવિચ કેમ ના બનાવી શકીએ? ઊંધિયા 'ને અન્ય ગુજરાતી શાકની સેન્ડવિચ કેમ નહીં? ભાજી-સેન્ડવિચ? રીંગણ બટાકાના રવૈયાના મસાલાની સેન્ડવિચ કેવી રહે? લસણિયા બટાકાની? મેથી-બેસનના ઢીલા શાકની? મલાઈ કોફતાની સેન્ડવિચ જોધપુરમાં મળે છે. અમેરિકાના બોસ્ટનમાં રાજમા ઉર્ફે બિન્સની સેન્ડવિચ બહુ વેચાય છે. આપણેય વિવિધ કઠોળની સેન્ડવિચ બનાવી શકીએ.

કહેવાય છે કે અમદાવાદના આશ્રમરોડ 'ને માણેકચોકથી શરૂ કરીને ગુજરાત ભરમાં સેન્ડવિચ ફેમસ થઈ. માણેકચોકના સેન્ડવિચવાળા વર્ષો પહેલેથી ઇનોવેટિવ રહ્યા છે. પાઇનેપલ 'ને ચોકલેટ સેન્ડવિચ લોકો હોંશથી ખાય છે. યુરોપમાં ઘણે ઠેકાણે બન મધ્યે આઇસક્રીમ મળે છે. આપણે ત્યાં હવે આઇસક્રીમ-સેન્ડવિચ મળે છે. પશ્ચિમમાં બ્રેડ રોજનો ખોરાક હોવાથી સેન્ડવિચમાં અવનવી વેરાયટી આવે 'ને ચાલે. ભારતમાં ફિલિંગ તરીકે વિદેશી ચીજ હોય તો સેન્ડવિચને આવકાર વધુ મળે, ભલે એ ફિલિંગ નૂડલ્સનું

*જાપાનમાં ફ્રૂટની સેન્ડવિચ સેન્ડો તરીકે પોપ્યુલર છે*

હોય કે એવોકાડો, ઓલિવ 'ને એસ્પ્રાગસનું હોય. બેશક આપણે બાજરી, જુવાર, જવ, રાગી જેવાં વિવિધ ધાનની બ્રેડ સાથે બ્રોકલી, સેલરી 'ને હેલોપીનો ભરીને ભારતીય ટચ આપી શકીએ છીએ. બેસનની બ્રેડ? તુવેરની દાળની બ્રેડ 'ને વચ્ચે ખીચું કેવું રહે? ચોખાની બ્રેડ વચ્ચે વેડમીનો માવો કેવો રહે? ઈવ મૈયાના જમાનાની એ જ જૂની બટકાવડાના માવાની આલૂમટર સૅન્ડવિચ થોડી બદલી શકાય. આલૂમેથી કે આલૂમૂલી. માવામાં મસાલો બદલી શકાય. વારુ, પાલખ-મટર પણ ટ્રાય કરવા જેવું મિક્ષ્ચર છે.

પનીરના પંજાબી શાકની સૅન્ડવિચ જોરદાર લાગે. મશરૂમ 'ને ઈંડાં ખાતાં હોય એમના માટે વેરાયટીનો સ્કોપ વધી જાય છે. મુંબઈમાં મહાલક્ષ્મી રેસકોર્સ પર રેસના ઘોડાઓ ધણધણતા હતા 'ને ઈરાની હોટલનું ચલણ હતું ત્યારે પાતળી 'ને સહેજ મોટી એવી ધાર વિનાની એક બ્રેડમાં ફિલિંગ ભરી તેને વાળીને બનાવવામાં આવતી બોમ્બે સૅન્ડવિચનો જમાનો પારસીઓ લાવેલા. આલૂ છોલે, કોર્નકિપ્સિકમ 'ને ગ્રીન-અન્યનગાર્લિક ટોમેટો સૅન્ડવિચ મજા પડે. બેલ પેપર 'ને ચેરી ટોમેટો? મેયો વગેરે સ્પ્રેડ, ચિઝ 'ને સોસ બજારમાં ઊભરાયા પછી મૂળ ઘટકનું મહત્ત્વ ઘટ્યું છે. લેટસ ભલે અદબપૂર્વક આવકાર પામ્યું હોય, કોબીજ હજુ અડીખમ છે. સાલસા 'ને ગ્વાકામોલલી આપણી થાળીમાં ઉમેરાયા તેનો આનંદ છે, પરંતુ વડવાઓએ પ્રેમથી આપેલી લીલી ચટણી વિના આંગળા ના ચાટી શકાય. ગાજર, કાકડી 'ને બીટ. ઘણાએ સૅન્ડવિચમાં સેવ 'ને વેફર ખાધા હશે. ઘણાએ બે બ્રેડ વચ્ચે દાળવડા દબાવીને. સૅન્ડવિચના પ્રકાર માટે તો કોઈ નિયમ હોતા હશે?

પાલખ સાથે કિનવા વાપરીને બનાવેલી સૅન્ડવિચ પૂનામાં ફેમસ છે. તલ, અળસી, તકમરિયા સાથે સરગવાના પાવડરની ચટણી વાળી ફિટનેસ લવર્સ સૅન્ડવિચ બનાવી શકાય. ક્રૂસાન્ટ કે ક્રોઇઝન્ટ પ્રકારની બ્રેડની સૅન્ડવિચ કોલકાતા 'ને હૈદરાબાદના રઈસો ખાય ત્યાં મળે છે. નાનકડા લચ્છા પરાઠા કે અમૃતસરી કુલ્ચા સાથે ફલાફલ જેવી પનીરના ફિલિંગની સૅન્ડવિચ ડેવલપ કરી શકાય. વાંસનું અથાણું બને છે એ વાંસને કામમાં લઈ શકાય. મોરૈયો 'ને ખસખસ સરસ ટેક્ષ્ચર આપે. અળવી 'ને અજમાનાં પાન વાપરી શકાય. ભીંડાના સૂકવેલા ટુકડા તળીને કામમાં લેવાય. આજકાલ અમુક યુવાનો ખાણીપીણીનો ધંધો કરવા માગે છે, પણ અનુભવ 'ને આયોજન ખાસ નથી હોતાં. એવા યુવાન ઘરે વિવિધ સૅન્ડવિચ બનાવીને ઓનલાઈન વેચી શકે છે. ફરાળી બ્રેડ વચ્ચે ફરાળી માવો. સોયા 'ને ફણગાવેલા કઠોળ કામના ઈન્ગ્રીડિઅનટ્સ છે. પિત્ઝા, રશિયન સલાડ, સેઝવાન-તોફૂ સૅન્ડવિચ. વિવિધ પરોઠા 'ને સમોસા હોય છે એ જ આઇડિયા નવી સૅન્ડવિચ બનાવવામાં વાપરી શકાય.

ચટણીના પ્રકાર ઘણા છે તેમ અથાણાના પણ ઘણા પ્રકાર છે. જામ સૅન્ડવિચ ખાવાની મજા આવે તો આંબળાના મુરબ્બા કે કેરીના છૂંદાની સૅન્ડવિચ ખાવાની મજા ના આવે? ગુલકંદ, ઠંડાઈનો પાવડર 'ને ક્રીમ ભેગું કરીને ફિલિંગ બનાવો 'ને બનાવો રોલ-સૅન્ડવિચ. મસ્ટર્ડ સોસ ખવાય તો લીલી હળદરની ચટણી પણ સૅન્ડવિચમાં ખવાય. લાલ, લીલી સાથે હળદરની 'ને સાથે જાંબુની ચટણી વાપરીને પિનવ્હિલ સૅન્ડવિચનું ચેકરબોર્ડ જેવું પ્રેઝન્ટેશન કર્યું હોય તો કેવો લુક આવે? પિનટ-બટર આવી ગયું છે. ડ્રાયફ્રૂટમાંથી તેના જેવી પેસ્ટ કેવી રીતે બની શકે એ વિચારી શકાય. પર્પલ કેબેજ વાપરીએ તો પ્રશ્ન થવો જોઈએ કે ક્યારેક મોગરી વાપરીએ તો? કટલેટ ઉર્ફે ટીકી માટે બટાકા, કેળું, રતાળુ, શકરિયા સિવાય તદ્દન નવી ન્યુટ્રિશસ થિંગ વાપરી શકાય, આખરે મસાલા 'ને ચટણી ટેસ્ટ ઉમેરી જ દેશે. કચ્છમાં બન બન્યા 'ને દાબેલીમાં દાડમ પડ્યા એ પાસ્ટમાં વિચિત્ર લાગતી ઘટના હશે. ભવિષ્યમાં બની શકે છે કે ક્યારેક સૅન્ડવિચ શબ્દ ગુજરાતી શબ્દકોશમાં ગુજરાતી શબ્દ તરીકે સ્થાન પામે. કેમ કે સંધિરોટી, સંધિખાદ્ય કે સંપુટાશ જેવા શબ્દ કોઈ નથી વાપરવાનું. સૅન્ડવિચમ કહીએ કે સેંવિસ, અંતે તો સારા ભાવથી કરેલ સેલ્યુટ સાચી સૅન્ડવિચને જ પહોંચવાની.

**પાલખ સાથે કિનવા વાપરીને બનાવેલી સૅન્ડવિચ પૂનામાં ફેમસ છે. તલ, અળસી, તકમરિયા સાથે સરગવાના પાવડરની ચટણી વાળી ફિટનેસ લવર્સ સૅન્ડવિચ બનાવી શકાય**

**બુઝારો**

તમે તમારા પાલતુ કૂતરા પર ઘરનું રક્ષણ કરવા માટે ભરોસો મૂકી શકો છો, તમારી સૅન્ડવિચની રક્ષા કરવા માટે નહીં.

- પશ્ચિમી ઉક્તિ

# પીનિયલ ગ્રંથિ : આધ્યાત્મિક વિશ્વનું દ્વાર

અફાટ સૃષ્ટિમાં સૂક્ષ્મથી લઈને વિરાટ સ્તર સુધી રહસ્યો પથરાયેલાં છે. બહારની વાત છોડીને આપણા શરીર અને મનનાં રહસ્યોની વાત કરીએ તો હજુ પણ આપણે એને પૂર્ણ રીતે તાગી શક્યા નથી. થોડાક જ મહિનાઓ પહેલાંના એક સમાચાર છે કે વિજ્ઞાનને, મનુષ્યના નાકમાં પાછળની તરફ આવેલી નવી લાળગ્રંથિઓ, ટ્યૂબરિયલ વિશે હમણા જ ખબર પડી. શરીરમાં રહેલી વિવિધ ગ્રંથિઓ હૉર્મોનનો સ્રાવ લોહીમાં ભેળવવાનું કાર્ય કરે છે. થાઇરૉઇડ, પિટ્યૂઇટરી, પીનિયલ વગેરે ગ્રંથિઓનાં નામ શાળાના અભ્યાસક્રમમાં આવતાં હોવાથી હજુ પણ ઘણા વાચકોના સ્મરણમાં હશે. એમાં પીનિયલ સૌથી ગૂઢ પ્રકારની ગ્રંથિ ગણી શકાય.

શરીરવિજ્ઞાન કહે છે કે, કરોડ અસ્થિ ધરાવતા સજીવોના દિમાગમાં આવેલી પીનિયલ ગ્રંથિ. મેલાટોનિન હૉર્મોનની જનક છે. પ્રકાશની ગેરહાજરીમાં એ એક્ટિવેટ થાય અને એમાંથી ઝરતું મેલાટોનિન હૉર્મોન ચોવીસ કલાક દરમિયાન શરીરની નિદ્રા અને જાગરણની અવસ્થાનું નિયંત્રણ કરવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. જ્યારે આપણે રિલેક્સ થઈએ કે કલ્પનાઓમાં વિહરીએ છીએ ત્યારે એમાંથી મેલાટોનિન હૉર્મોન ઝરે. પીનિયલ ગ્રંથિ વીજચુંબકીય તરંગો પ્રત્યે પણ સંવેદનશીલ છે. આપણી નેચરલ બાયોરિધમને જાળવી રાખવાનું કામ એનું.

પીનિયલ ગ્લેન્ડ ફક્ત દિમાગનું એક અવયવ જ નથી, પરંતુ ઘણા રહસ્યો ઉકેલવાની ચાવી પણ છે, એવું માનનારા મનુષ્યોની સંખ્યા સેંકડોમાં હોવાની. મસ્તિષ્કમાં એનું સ્થાન કાનથી સહેજ પાછળ અને ઉપરની તરફ, લગભગ વચ્ચે આવેલું છે. દિમાગના જે હિસ્સામાં મનુષ્યની લાગણીઓનું નિયમન થાય છે, એલિમ્બિક સિસ્ટમ પીનિયલ ગ્લેન્ડને ઘેરીને બેઠું છે. દેખીતી વાત છે કે પીનિયલનો આપણા લાગણી અને સંવેદનાજગત પર વધારે પ્રભાવ હોય. ઘણા વર્ષો સુધી આ ગ્રંથિનો મુખ્ય રોલ ન સમજી શકાયો હોવાથી તેને બ્રેઇનનું એપેન્ડિક્સ કહીને નકામું ગણાતું હતું, પરંતુ ૧૯૫૮માં સંશોધક એરન લર્નર એમાંથી મેલાટોનિન હૉર્મોન જુદું પાડીને એ વાત ખોટી પાડેલી.

યોગશાસ્ત્રમાં એનો સંબંધ છઠ્ઠા ચક્ર, આજ્ઞા સાથે જોડવામાં આવ્યો છે. લલાટે, ભ્રૂકુટિ વચ્ચે જે ત્રીજી આંખનું આસન આવેલું છે, એને પણ પીનિયલ ગ્લેન્ડ સાથે કનેક્ટ કરીને સમજવાના પ્રયાસો થયા છે. સ્પિરિચ્યુઅલ અને મેટાફિઝિકલ સંલગ્ન શાસ્ત્રોની પરંપરામાં ત્રીજી આંખ વિશે હજારો વર્ષોથી એ પ્રકારની માન્યતા પ્રવર્તે છે કે એ આ ભૌતિક સંસારમાંથી જાગૃતિની ઉચ્ચ અવસ્થા કે આધ્યાત્મિક વિશ્વ સુધી પહોંચવાનું દ્વાર કે ટનલ છે. ઇજિપ્તની દંતકથાઓમાં 'આઈ ઑફ રા'ના ચિહ્નને ઘણા આ ગ્રંથિ સાથે સરખાવે છે. આધુનિક વિશ્વમાં, પશ્ચિમની ફ્રીમેસનરી અને રોઝિક્રૂશન પ્રકારનાં ગુપ્ત સંગઠનો પણ આંખનાં ચિહ્નનો સંકેત વાપરીને પરોક્ષ રીતે એનું મહત્ત્વ સ્વીકારે છે.

ઉભચર અને ગરોળી, કાચિંડો જેવા બિનમનુષ્ય સજીવોમાં પીનિયલ ગ્લેન્ડ ત્રીજી કે પાર્શ્વીય આંખ સ્વરૂપે માથા પર બહાર દેખાય એમ આવેલી હોય. બંને આંખો જેમ એમાં પણ રેટિના, લેન્સ અને કોર્નિયા જેવી સંરચના જોવા મળે અને એ શરીરનું તાપમાન તથા ત્વચાના રંગના પરિવર્તન પર નિયંત્રણ ધરાવે. ઉત્ક્રાંતિની પ્રક્રિયા આગળ વધતી ગઈ એમ આ ગ્રંથિ ધીમે ધીમે દિમાગમાં અંદર સુધી ચાલી ગઈ. મનુષ્યો એક પ્રજાતિ તરીકે વિકસતા



ગયા એમ બહારના વાતાવરણની શક્ય એટલી ઓછી અસર પડે અને આધ્યાત્મિક દૃષ્ટિ ખીલે એ માટે કુદરતે આ ગ્રંથિ આપણા મસ્તિષ્કમાં છેક અંદર સુધી પહોંચાડી દીધી હશે એવું માનનારા લોકો પણ છે.

શંકુ આકારના વૃક્ષ કે પાઇનેપલની સંરચનાને મળતી આવતી આ ગ્રંથિના અસ્તિત્વ વિશે મનુષ્ય સદીઓથી પરિચિત તો હતો જ. ઈ.સ.ની બીજી સદીમાં થઈ ગયેલા પ્રાચીન પર્ગમન શહેરના ગ્રીક ચિકિત્સકે દિમાગમાં એના સ્થાન વિશે ઉલ્લેખ કરેલો અને એના આકાર પરથી એને 'કોનારિઅમ' નામ આપેલું. મૉડર્ન ફિલોસોફીના પિતામહ ગણાતા રેને ડેકાર્ટેની ફિલોસોફીમાં આ ગ્રંથિ ઘણી મહત્ત્વની છે. તેમણે આને આત્માની બેઠક કહીને એનું મહત્ત્વ સ્વીકારેલું. તેમની ધારણા મુજબ પીનિયલ ગ્લેન્ડ આત્મા અને શરીરને જોડતી કડી છે. સજીવની તંતુરચનાનો અભ્યાસ કરતું આધુનિક વિજ્ઞાન અર્થાત્ હિસ્ટૉલજી વિકાસ પામ્યું એટલે આ ગ્રંથિનો ગહન અભ્યાસ શક્ય બન્યો. તેમ છતાં એના મહત્ત્વ અને કાર્ય વિશે મૉડર્ન મેડિકલ સાયન્સ આજની તારીખે પણ ઘણુ અસ્પષ્ટ છે.

યિન તાંગ નામક ઍક્યુપંક્ચર પદ્ધતિમાં આઈબ્રૉ વચ્ચે પ્રેશર અપાય છે. એ રીતના ઍક્યુપંક્ચર પછી માણસને જીવનના નિર્ણયો લેવાની સ્પષ્ટતા અને નવો દૃષ્ટિકોણ ખૂલતો હોવાનું નોંધાયું છે. કપાળે તિલક લગાવવા પાછળનું તાર્કિક કારણ પણ પીનિયલ ગ્લેન્ડ સાથે સંલગ્ન છે. ઘણા જિજ્ઞાસુ સંશોધકો અમુક ખાસ પ્રકારની બ્રેઇનવેવ ફ્રિક્વન્સીનો ઉપયોગ કરીને પીનિયલ ગ્લેન્ડ પૂર્ણ રીતે જાગૃત કરી શકાય એમાં વિશ્વાસ ધરાવે છે. દિમાગમાં રહેલા ન્યૂરોન સતત એકબીજા સાથે વીજતરંગો દ્વારા માહિતીનું આદાનપ્રદાન કરતા રહે છે. એનાથી સર્જાતા બ્રેઇનવેવને ગામા, બીટા, આલ્ફા, થિટા અને ડેલ્ટા જેવી શ્રેણીઓમાં વહેંચાયા છે. એમાંથી થિટા પ્રકારના બ્રેઇનવેવની અસર તળે મનુષ્યનું મન અહંકારનો ભાવ ત્યાગી દેતું હોવાનો દાવો કરે છે ડૉક્ટર જિલ એમન વેક્લર. તેઓ

ન્યૂરો સાઇકોલોજીના તજજ્ઞ છે. તેઓ એક પુસ્તકમાં લખે છે કે, અત્યંત સફળ અને સર્જનાત્મક લોકો મસ્તિષ્કમાં પ્રસરતા થિટા અને ડેલ્ટા તરંગોને સજાગ રીતે દુરસ્ત રાખવાની ક્ષમતા ધરાવે છે.

ન્યૂ એજ સ્પિરિચ્યુઆલિટીના વિકાસ સાથે વિજ્ઞાન સાથે જોડાયેલો એક મોટો વર્ગ પીનિયલ ગ્લેન્ડને નવા દૃષ્ટિકોણથી સમજવાનો પ્રયાસ કરી રહ્યો છે. આ વર્ગ એને અલૌકિક શક્તિઓ, દિવ્ય દર્શનો, ઊર્જાનું ચૅનલિંગ, પૂર્વજ્ઞાન, ઍસ્ટ્રલ ટ્રાવેલ (અપાર્થિવ યાત્રા) અને આઉટ ઑફ બૉડી એક્સપિરિયન્સ, ઇત્યાદિના મૂળ તરીકે જુએ છે. ન્યૂ એજ સ્પિરિચ્યુઆલિટી એક એવી અસંગઠિત મૂવમેન્ટ કે વાદ છે, જે ભિન્ન ભિન્ન ખંડોમાં સ્વતંત્ર રીતે પોતાની આધ્યાત્મિક પ્રગતિ માટે રચ્યાપચ્યા રહેલા મનુષ્યો દ્વારા પરંપરાગત ધાર્મિક સંગઠનોના વિકલ્પ તરીકે વિસ્તરી રહ્યો છે. અલબત્ત, એના મૂળ તો પરંપરાગત આધ્યાત્મિક વિજ્ઞાનમાં જ છે.

આ ન્યૂ એજ સ્પિરિચ્યુઆલિટીના છત્ર નીચે પાંગરેલા અમુક પશ્ચિમી સંગઠનો પીનિયલ ગ્લેન્ડને પૂર્ણ રીતે જાગૃત કરવા માટે ડીએમટી જેવાં રસાયણોનો સહારો લેતા હોય છે. ડાયમિથાઇલટ્રિપ્ટમિન એનું પૂરું નામ છે અને એ ઘણી બધી વનસ્પતિઓમાંથી મળી આવે છે. એને સીધું જ શરીરમાં ગ્રહણ કરીએ તો યકૃતમાં રહેલું મૉનોએમિન ઑક્સિડેઝ નામક ઉત્પ્રેરક દ્રવ્ય એનું વિઘટન કરી નાખે. સદીઓ પહેલાં, એનો ઉકેલ એમેઝોનની વનવાસી જાતિઓએ શોધી કાઢેલો. એમણે અલગ-અલગ વનસ્પતિઓને ઉકાળીને આયોવાસ્કા નામક એક પીણુ તૈયાર કર્યું, જે પેલા ઉત્પ્રેરક દ્રવ્યને નિષ્ક્રિય કરી દે. આનું સેવન માણસને ક્યાંય સુધી ભ્રમોત્પાદક અવસ્થામાં સરકાવી દે અને ઘણા લોકોના દાવા પ્રમાણે, મર્યાદિત ક્ષણો માટે જાગૃતિની ઉચ્ચ અવસ્થાની અનુભૂતિ પણ કરાવે. સન ૧૯૯૦-૯૫ દરમિયાન, ન્યૂ મેક્સિકો યુનિવર્સિટી ખાતે સાઇકિયાટ્રીના પ્રોફેસર ડૉ. રિક સ્ટ્રૈસમેને મનુષ્ય-મન પર ડીએમટીની અસરનો અભ્યાસ હાથ ધરેલો. તેઓ આધ્યાત્મિક પ્રકારની અનુભૂતિ પાછળ જીવવિજ્ઞાન કઈ રીતે જવાબદાર હતું એ શોધવા ઇચ્છતા હતા. અભ્યાસના ચોંકાવનારાં પરિણામોને કારણે સ્ટ્રૈસમેને એ રસાયણને 'સ્પિરિટ મૉલેક્યુલ' કહેવાનું શરૂ કરી દીધેલું, અને એ જ આગળ જઈને એમના પુસ્તકનું નામ બન્યું. જે લોકોએ આ અભ્યાસમાં ભાગ લીધેલો, એમને અલૌકિક પ્રકારના અનુભવો થયેલા. અમુકે તો બિનમનુષ્ય પ્રકારના સજીવો અર્થાત્ એલિયન સાથે પણ મેળાપ થયો હોવાનો દાવો કરેલો.

પીનિયલ ગ્લેન્ડ અને એની પૂર્ણ જાગૃતિ વિશે હજારો લોકોએ હજારો જાતના દાવાઓ કરેલા છે. અલબત્ત, એમાંથી સાચા અને ખોટા દાવાઓ અલગ તારવવા મુશ્કેલ કાર્ય છે. ઇન્ટરનેટ પર 'ધી સિક્રેટ ઓફ પીનિયલ ગ્લેન્ડ' કે 'પીનિયલ ગ્લેન્ડ એન્ડ એન્શન્ટકલ્ચર' લખીને સર્ચ કરશો તો એ ગ્રંથિ વિશે ખરી, ખોટી કે અડધી ખરી પ્રકારની માહિતી પિરસતી વેબસાઇટો તમારી સેવામાં હાજર થઈ જશે. આ વિષય પર વેરવિખેર પડેલું અઢળક સાહિત્ય જો શાસ્ત્રીય ઢબે, સ્થાપિત વિજ્ઞાનના પૂર્વગ્રહોથી મુક્ત રહીને સંકલન પામે તો એનો અભ્યાસ કરવા ઇચ્છુક વ્યક્તિને યોગ્ય માર્ગદર્શન મળી રહે.

**કૉફી-સ્ક્રિપ્ટ :**

મને બાળપણની એક લાગણી હજુ સાંભરે છે, જ્યારે હું અત્યંત ડરી જતો હતો, ત્યારે હું મનને શાંત કરીને ખુદને જ કહેતો, 'ખરાબમાં ખરાબ પરિણામ એ આવશે કે હું (મૃત્યુ પામીને) ઈશ્વર પાસે ચાલ્યો જઈશ!' (ડૉ. રિક સ્ટ્રૈસમેનના અભ્યાસમાં ભાગ લેનાર રેક્ષ નામક પુરુષની વાતમાંથી.) ■

**દિમાગમાં રહેલા ન્યૂરોન એકબીજા સાથે વીજતરંગો દ્વારા માહિતીનું આદાનપ્રદાન કરે છે. એનાથી સર્જાતા બ્રેઇનવેવને ગામા, બીટા, આલ્ફા, થિટા, ડેલ્ટા જેવી શ્રેણીઓમાં વહેંચાયા છે**

# ડોલ્ફિન માટે અભય વરદાન !

ગંગામાં ડોલ્ફિન બહુ ઓછું જોવા મળતું જળચર છે. આમ તો દુનિયામાં ચાલીસ જેટલી ડોલ્ફિનની પ્રજાતિ છે. ભારતમાં ફક્ત ગંગામાં આ સ્તનધારી જળચર દેખાય છે. ભારત સરકાર દ્વારા તેને રાષ્ટ્રીય જળચર પ્રાણી તરીકે માન્યતા આપવામાં આવી છે. તેની આકૃતિ માનવ જેવી લાગતી હોવાથી તેનું જબરું આકર્ષણ છે. તેની પાણીમાં ઊંચકાઈને બહાર નીકળવાની અને તરત ફરી પાણીમાં સમાઈ જવાની રમત પ્રવાસીઓ માટે જોતાં રહેવું ગમે તેવું દશ્ય હોય છે.

વર્તમાન સંજોગોમાં હવામાનમાં જે પરિવર્તન આવ્યું છે તેનાથી ઘણાના જીવન જ બદલાઈ ગયા છે. કેટલાક વિસ્તારોમાં સળંગ દિવસો સુધી કડક નિયમોનું પાલન થતાં વાહનો બિલ્કુલ સીમિત દેખાયાં. પ્રદૂષણ અંકુશમાં આવતાં મૌસમમાં બદલાવ આવ્યો. પુષ્કળ વરસાદને કારણે નદીઓ અને સરોવર છલોછલ થઈ ગયાં. વન વિસ્તારો ગીચ બનતાં પશુઓના જીવન પણ બદલાયાં. નીરવતાને કારણે ગેરકાયદે શિકારની ઘટનાઓ થઈ. નિર્જનતાનો ખોટો ફાયદો લેવામાં નિર્દોષ જીવો જલ અને જમીનમાં હણાઈ ગયા.

પશ્ચિમ બંગાળના કૂચબિહાર જિલ્લામાં એક અજાયબ પરિવર્તન દેખાયું છે. ગેંજીસ રિવરની પ્રજાતિ તરીકે ઓળખાતી ડોલ્ફિન બ્લોક એકના બાલાભુત વિસ્તારની તોર્સા, કાલજાની, રાયડાક, ગદાધર અને ઘરઘડિયા નદીઓમાં મોટી સંખ્યામાં દેખાઈ છે. આ નદીઓ જલસ્તર બદલાયું, વરસાદ અને એકમેકના સંગમ થકી સ્વચ્છ પાણી વહેતું થયું, ચોરી છૂપી ડોલ્ફિનનો શિકાર થતો હોવાની જાણ વન વિભાગને મળતાં આ રહસ્ય બહાર પડ્યું છે. વન વિભાગ સચેત થઈ આ નદીઓ પર નજર રાખવા તંબુ બાંધી સજાગ થયો. ડોલ્ફિન હોવાથી અહીં પર્યટન ખીલે તેવી શક્યતાઓ પ્રબળ બની. પરિણામે ગંગા સિવાય અન્ય નદીઓમાં ડોલ્ફિન અભયારણ્ય બનવાની શક્યતા બની ગઈ છે. એક તો ડોલ્ફિન અસાધારણ જીવ છે, તે સંખ્યામાં સીમિત છે. તેના મૂળ વિસ્તારથી એકાએક બહાર દેખાઈ છે. તેના સંરક્ષણ માટે વન વિભાગ ઉપરાંત જિલ્લાના નાગરિકોએ પણ જાગૃતિ અને રુચિ દેખાડી છે. લોકોએ માગણી કરી છે, આ વિસ્તાર ડોલ્ફિન માટે સુરક્ષિત વિસ્તાર બને.

અહીં મહત્ત્વપૂર્ણ એ છે કે વર્ષ ૨૦૦૯થી ૨૦૧૧ સુધી આ પાંચેય નદીઓના સંગમ સ્થળની સમીક્ષા કરવામાં આવી હતી. ત્યારે ત્રીસ જેટલી ડોલ્ફિન હોવાનો અહેવાલ મળ્યો હતો, પણ ફરી ડોલ્ફિન કદી દેખાઈ નહોતી. તાજેતરમાં દૂષણમાં કમી આવવાથી ડોલ્ફિન કેટલાક તબક્કે પાણીમાંથી બહાર ઉછળતી દેખાઈ હતી. લોકોને નવું દશ્ય જોઈ અચરજ થયું હતું.

નદીના નિરીક્ષકો એવું માને છે કે, ચિલાખાનાથી બાલાભુત સુધીના નદી પ્રવાહમાં ડોલ્ફિન દળમાં વિચરણ કરતી હોવી જોઈએ. મહામારીના ભયે નિર્જન અવસ્થા સર્જાઈ. તેને લીધે ડોલ્ફિન વિચરણ ક્ષેત્રની વધુ તપાસ કે સચેતના સંભવ ન થઈ શકી. ડોલ્ફિન દેખાય છે તે આધારે નાના કેમ્પ લગાડી અને મત્સ્ય ઉદ્યોગમાં સક્રિય લોકો, માછીમારોની મદદ લઈ તેમને શોધવા અને સુરક્ષિત રાખવાની કોશિશોની પરિકલ્પના સાકાર થઈ. સતત દેખરેખ અને નદીઓના પાણી પર હલનચલન પર સમીક્ષા કરતાં આ નદીઓમાં ત્રીસથી વધુ ડોલ્ફિન હોવાનું પહેલું અનુમાન થયું. જેઓ સતત નદી અને જળચરનો અભ્યાસ કરતાં હોય તેઓ જ કહી શક્યા કે ડોલ્ફિન દળમાં છે.

અહીં ભૌગોલિક રેખા જમીન અને નદી માર્ગે અલગ અને અજબ વળાંકોને ફરતે છે. મૂળ ગંગાનો આ અજાયબ જીવ આ નદીઓમાં દેખાયો તે માર્ગ પણ અનોખો છે. મૂળ ગંગામાંથી બ્રહ્મપુત્રા નદીના રસ્તે વિચરણ કરતાં ડોલ્ફિન બાંગ્લાદેશની મેઘના નદીમાં વળી આ તરફની નદીઓના સંગમ સ્થળે આવી છે. અગાઉ ફક્ત ધારણા હતી, હવે આ શક્યતા ચોક્કસ નજરે પડી છે. પાંચ નદીઓ તોર્સા, કાલજાની, રાયડાક, ગદાધર અને ઘરઘડિયાના સંગમ ઉપરાંત બે નદીઓ કાલજાની અને રાયડાકમાં પણ ડોલ્ફિન મુખ્ય ધારામાં સમૂહમાં દેખાઈ છે. આશરે ૧૦૦થી વધારે સંખ્યામાં છે. અહીં તેમણે સ્થાયી ઘર બનાવી લીધું છે અને સમય જતાં સંખ્યા વધતી જશે તેવું અનુમાન છે. તેમના માટે સંરક્ષણ સંભવ થશે.

આ અનુમાનનું મુખ્ય કારણ મીઠા પાણીથી ટેવાયેલી ડોલ્ફિન ગંગાથી નીકળી અને જ્યાં મીઠા પાણી ફરી મળ્યાં ત્યાં વસતી ગઈ. પ્રાથમિક અહેવાલ મળતાં વન વિભાગ ડોલ્ફિન અભયારણ્ય બનાવવાની તજવીજમાં છે. કોઈ તેમને ગેરકાયદે શિકાર ન બનાવે તેવી યોજના ઘડાઈ રહી છે. સ્થાનિક લોકોનો તેમાં સહકાર છે.

ડોલ્ફિનની જલતરંગોમાં અસાધારણ રમત જોવા અને માણવા પર્યટકો ઊમટે છે. નાના બ્લોકમાં ડોલ્ફિન અભયારણ્ય બને તો તે સ્થાનિક લોકો માટે પણ ઉપયોગી બનશે. ડોલ્ફિન માટે આ વરદાન સાબિત થશે. લોકો સચેત રહે તો જળમાં પણ જીવ સુરક્ષિત રહે છે. લોકો ઊંઘતા ઝડપાયા હોત કે સાવચેત ન રહ્યાં હોત તો આ કસોટી કાળમાં શિકારી ફાવી ગયા હોત! ઘણી શક્યતાઓ અને અશક્યતાઓ વચ્ચે આફત પોતાનું કામ કરી જાય છે.

ડોલ્ફિન અને માનવીના આકાર વિશે પણ સમાનતા હોવાની ચર્ચા થાય છે. ડોલ્ફિન જ્યારે પાણીમાં અંદર તરફ છલાંગ સાથે જાય છે, તેવી રીતે તરવૈયાઓ નદીમાં છલાંગ લગાવી અંદર પ્રવાહમાં દૂર સુધી જઈ બહાર નીકળી પોતાની તરણ કળાનું પ્રદર્શન કરતાં રહે છે. આ ઉપરાંત ડોલ્ફિન માણસોની જેમ બચ્ચાઓ ઉછેરે છે, તેમનું જતન કરે છે. રાષ્ટ્રીય જળચર હોવાનું માન ધરાવતી ડોલ્ફિન હવામાન બદલવાના વરદાન થકી, દૂષણ મુક્ત પાણીના પ્રવાહમાં મીઠા જળમાં મુકામ બનાવી શકી. જ્યારે તેમને જોવા ભીડ ઊમટશે તો શક્ય છે, માણસો પણ ડોલ્ફિનની જીવનધારા સમજી શકશે..! ■

શેખ મોહમ્મદ બિન રશીદ અલ-મખ્તૂમ
રાજકુમારી લતીફા

# દુબઈની રાજકુમારીઓની રોમાંચક પલાયન કથાઓ

**અખાતના દેશમાંથી પલાયન થયેલી યુવતીઓના કિસ્સા જગતમાં સાઉદીમાં સ્ત્રીઓની સ્થિતિની ચર્ચા માટેનું કારણ બન્યા છે. જોકે આવા એકલદોકલ કિસ્સાથી સ્ત્રીઓની સ્થિતિનું માપ કાઢી ન શકાય, પરંતુ સાઉદી અને ગલ્ફમાં સ્ત્રીઓ પરવશ બનીને જીવે છે તેવી એક છાપ છે. તેમાં આવી ઘટનાઓ આગમાં ઈંધણનું કામ કરે છે. સાઉદી અરેબિયામાં સ્ત્રીઓ માટે કાનૂનો વધુ પડતા કડક છે. જીવવાનું મુશ્કેલ બનાવી દે તેવા. જેમ કે દરેક સ્ત્રી માટે એક કાયદેસરનો વાલી (ગાર્ડિયન) હોય છે જે એની સગી હોય તેવી તમામ મહિલાઓના જીવન વિષેના નિર્ણયો લઈ શકે છે. કહો કે એ જ નિર્ણય લે છે અને જે-તે સ્ત્રીએ લેવાના રહેતા નથી.**

વરસ ૨૦૧૯ના પ્રારંભમાં ૧૮ વરસની સાઉદી યુવતી રહાફ મોહમ્મદ અલકવાનુન સાઉદી અરેબિયાથી ભાગીને પ્લેનમાં બેસી ઓસ્ટ્રેલિયા જવા નિકળી ગઈ હતી. સાઉદીના આરબ સત્તાવાળાઓને તેની જાણ થઈ ત્યારે રહાફ અરધે રસ્તે પહોંચી ગઈ હતી. રહાફના કહેવા પ્રમાણે એને સાઉદી અરેબિયામાંનું જીવન કેદ સમાન લાગતું હતું. એણે ઈસ્લામનો પણ ત્યાગ કરી દીધો હતો. રહાફે એક વીડિયો તૈયાર કર્યો હતો. તેમાં પોતાના કુટુંબ સાથેના સંતાપનું વર્ણન કર્યું હતું. નેટ પર પોતે પ્રત્યેક મિનિટે અપડેટ આપતી હતી.

સાઉદી અરેબિયા દુનિયાના ધનાઢ્ય દેશોમાંનો એક અને જગત પર તેનો પ્રભાવ. સાઉદી સત્તાવાળાઓએ થાઈલેન્ડના સત્તાવાળાઓને જાણ કરી અને વિમાન જ્યારે બેંગકોકના સુવર્ણભૂમિ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે સ્ટોપ માટે ઊતર્યું ત્યારે સાઉદીના સત્તાવાળાઓએ બેંગકોકના સત્તાવાળાઓને જણાવી રહાફને બળજબરીથી વિમાનમાંથી નીચે ઉતારી લીધી અને ઓસ્ટ્રેલિયા તરફ આગળ વધવા ન દીધી. રહાફ આંતરરાષ્ટ્રીય કાનૂનો જાણતી હતી. એને એક હોટલમાં રાખવામાં આવી અને ત્યાં એણે પોતાને 'આંતરરાષ્ટ્રીય શરણાર્થી' તરીકે રાખવાની માગણી કરી. યુનો અને અન્ય દેશોના માનવ અધિકાર કમિશનો રહાફની મદદમાં આગળ આવ્યા. ઓસ્ટ્રેલિયાએ રહાફને શરણાર્થી તરીકે રાખવાની સંમતિ દર્શાવી. આ રીતે અખાતના દેશમાંથી પલાયન થયેલી યુવતીનો કિસ્સો જગતમાં સાઉદીમાં સ્ત્રીઓની સ્થિતિની ચર્ચા માટેનું કારણ બન્યો. જોકે આવા એકલદોકલ કિસ્સાથી સ્ત્રીઓની સ્થિતિનું માપ કાઢી ન શકાય, પરંતુ સાઉદી અને ગલ્ફમાં સ્ત્રીઓ પરવશ બનીને જીવે છે તેવી એક છાપ છે. તેમાં આવી ઘટનાઓ આગમાં ઈંધણનું કામ કરે છે. સાઉદી અરેબિયામાં સ્ત્રીઓ માટે કાનૂનો વધુ પડતા કડક છે. જીવવાનું મુશ્કેલ બનાવી દે તેવા. જેમ કે દરેક સ્ત્રી માટે એક કાયદેસરનો વાલી (ગાર્ડિયન) હોય છે જે એની સગી હોય તેવી તમામ મહિલાઓના જીવન વિષેના નિર્ણયો લઈ શકે છે. કહો કે એ જ નિર્ણય લે છે અને જે-તે સ્ત્રીએ લેવાના રહેતા નથી.

આવી જ સ્થિતિના પરિણામ સ્વરૂપે, રહાફના પલાયન પછીના મહિનામાં, ફેબ્રુઆરી ૨૦૧૯માં, હોંગકોંગમાં એક કોટડીમાં ભરાઈને છ મહિનાથી ગુપ્તવાસ સેવતી બે આરબ બહેનોની વાત બહાર આવી. એ બહેનોએ મીડિયાને જણાવ્યું કે, એમના પિતા અને ભાઈઓ એમને વારંવાર સખત માર મારતા હતા, તેથી તેઓ ભાગીને હોંગકોંગ આવી

ગઈ હતી. આ બહેનોએ પણ ઇસ્લામનો ત્યાગ કર્યો હતો અને સપ્ટેમ્બર ૨૦૧૮માં વાયા શ્રીલંકા થઈને હોંગકોંગ પહોંચી હતી. શ્રીલંકાના ઍરપોર્ટ પર પણ તેઓને સાઉદી અધિકારીઓએ હોંગકોંગની ફ્લાઇટ પકડવામાં અવરોધ પેદા કર્યો હતો. સાઉદી અરેબિયામાં એક કાનૂન એવો છે કે સ્ત્રીએ પ્રવાસ કરીને ક્યાંય જવું હોય તો પિતા, પતિ અથવા ભાઈની પરવાનગી મેળવવી આવશ્યક છે. આ કાનૂન મુજબ તેઓ સાઉદીમાં ઍરપોર્ટ પર હોય તો પુરુષ વાલી એ સ્ત્રીઓને પ્રવાસ કરવાથી, વિમાનમાં ચડવાથી રોકી શકે, પણ વિદેશની ધરતી પર તેઓનું ખાસ ન ચાલે. તેમાંય આધુનિક દેશોમાં ખાસ કશું ન ચાલે. વળી પલાયન થનારા ગલ્ફના સામાન્ય નાગરિકો હોય તો વચ્ચેના વિમાન સ્ટોપ પર થોડી લમણાઝીંક પછી તેઓ નાગરિકોને જ્યાં જવું હોય ત્યાં જવા દે.

હોંગકોંગમાં બે આરબ બહેનોની ઘટના, રહાફની ઘટના બાદ છતી થઈ. તેઓ એક માનવ અધિકારોના ચળવળકાર વકીલ સાથે હોંગકોંગની અદાલતમાં રજૂ થઈ. તેઓ જીન્સ, ટીશર્ટ અને સ્નિકર્સ પહેરીને આવી હતી. બુરખાથી સાવ વિરુદ્ધની વાત થઈ. બેંગકોકમાં રહાફ પણ ટીશર્ટ, પેન્ટમાં અધિકારીઓને મળી હતી. હોંગકોંગ ખાતેની બંને બહેનો મૃદુ સ્વભાવની અને મીઠી જબાનમાં બોલતી હતી. એમણે એમનાં નામ પણ બદલાવીને રીમ અને રવાન રાખ્યાં હતાં. તેઓને ડર હતો કે એમનાં જૂનાં નામો ચાલુ રાખશે તો તેઓને કોઈ ત્રીજા દેશમાં પણ ખોળી કાઢશે. તેઓની તસવીરો લેવાઈ ત્યારે મીડિયા કેમેરામેનને તેઓએ વિનંતી કરી હતી કે અમારા વિશેની વિગતો, ઠેકાણું વગેરે જાહેર કરશો નહીં. સાઉદીમાં એમના ઘરના પુરુષ સભ્યો પાસેથી દરેક બાબતની સંમતિ મેળવવી પડતી હતી, જેમ કે કેવાં અને કયાં કપડાં પહેરવાં?, વાળ કેવી રીતે ઓળવા? ક્યારે સૂઈ જવું? ક્યારે જાગવું વગેરે. આ વિગતો એ બહેનોએ આંતરરાષ્ટ્રીય મીડિયા સમક્ષ રજૂ કરી હતી. એમણે કહ્યું કે, 'પિતા અને

*લતીફાની માતા હોરિયા લમારા*

ભાઈઓ જેલર જેમ વરતતા હતા અને અમે તેઓના કેદી હતા. અમારી સાથે કોઈ ન હોય તો અમે ઘરની બહાર જઈ શકતાં નહીં. આ એક આધુનિક સમયની ગુલામી હતી. ઘણી વખત અમારે મહિનાઓ સુધી ઘરમાં ભરાઈને રહેવું પડતું હતું.' રીમ અને રવાને પત્રકારોને જણાવ્યું કે એના ૨૨ અને ૨૪ વરસના બે ભાઈઓ જુલમ ગુજારતા હતા અને નાના દસ વરસના ભાઈને પણ ત્રાસ ગુજારવાનું પ્રોત્સાહન આપતા હતા. બંને બહેનો નાસી ગઈ ત્યારે ઘરે એક પાંચ વરસની અને એક બાર વરસની બહેનો રહી ગઈ. એ બંનેની ચિંતા રીમ અને રવાનને સતાવતી હતી. તેઓ શ્રીલંકામાં રજાઓ ગાળવા આવી હતી ત્યારે ત્યાંથી નાસીને હોંગકોંગ આવી ગઈ હતી. જો ઘરમાં આટલી સખતાઈ હતી તો શ્રીલંકા રજા ગાળવા કેવી રીતે આવી? આ એક વાજબી સવાલ છે. આ બહેનો કહે છે કે તેઓને ખિસ્સા ખર્ચ માટે પૈસા અપાતા હતા. તેમાંથી તેઓએ પાંચ હજાર અમેરિકી ડૉલર બચાવ્યા હતા. વાસ્તવમાં આ બહેનો પણ ઓસ્ટ્રેલિયા જવા માટે રવાના થઈ હતી, પણ હોંગકોંગ ખાતેના બે કલાકના સ્ટોપઓવર દરમિયાન સાઉદીની દાખલગીરીથી હોંગકોંગમાં રોકી દેવાઈ હતી. હવે એ બહેનોને રિયાધ જવામાં ડર લાગી રહ્યો છે. તેઓએ ઇસ્લામ ત્યજી દીધો છે, એવો દાવો કર્યો છે અને જેઓ ધર્મ (ઇસ્લામ)નો ત્યાગ કરે છે તેઓને સાઉદીમાં મૃત્યુદંડ અર્થાત્ ફાંસી આપવાનો કાનૂન છે. હવે એ રિયાધ પાછી ફરે તો અવશ્ય ફાંસી મળે. આ બહેનોએ કોઈ ત્રીજા દેશમાં શરણાગતિ મળે તેવી માગણી હોંગકોંગની અદાલતમાં રાખી હતી. દરમિયાન રહાફને કેનેડાએ શરણાગતિ અને નાગરિકત્વ આપ્યા છે. રીમ અને રવાનને શરણાગતિ અને નાગરિકત્વ આપવાનું યુનોએ ઓસ્ટ્રેલિયાને જણાવ્યું છે. શક્ય છે કે વિદેશમાં વસવાટ કરવાનું મળે, તેથી પલાયનકારો પોતાની કહાનીઓ ચડાવી ભભરાવી કહેતા હોય, કારણ કે કેટલાક આરબ પુરુષોએ ભાગીને વાર્તાઓ ઘડી છે અને બીજા દેશોમાં શરણાગતિ માગી છે. છતાં ગલ્ફમાં સ્ત્રીઓ સુખી નથી તેવો એક અણસાર તો મળે જ છે. આ જ કારણથી આબરૂ સાચવવા, ગલ્ફના વગદાર સત્તાવાળાઓ ભાગી રહેલા નાગરિકોને કોઈ વચ્ચેના સ્ટેશને વિમાનમાંથી ઊતરાવી દે છે. એવું ફલિત થયું કે તેમનું તેમની ધરતી સિવાય બીજે ઓછું ચાલે છે, છતાં વગદાર તો છે જ. સામાન્ય નાગરિકો નાસી જાય તો ભલે જતાં, પણ દુનિયાના એક પ્રચંડ વગદાર રાજકુટુંબની રાજકુમારી નાસી જાય તો? તો એવી વગ વાપરે જેમાં ભારત તો ઠીક, અમેરિકાએ પણ રાજકુટુંબની મદદે જવું પડે.

હવે વાત આવે છે દુબઈ (યુનાઇટેડ આરબ અમિરાત) યુએઈની રાજકુમારી લતીફાની. એક ધનાઢ્ય દેશની રાજકુમારી. એનું આખું સત્તાવાર નામ છે, શેખ લતીફા બિન્ત મોહમ્મદ અલ-મખ્તૂમ. એના પિતા શેખ મોહમ્મદ બિન રશીદ અલ-મખ્તૂમ યુનાઇટેડ આરબ અમિરાતના ઉપપ્રમુખ અને વડાપ્રધાન છે. રક્ષા મંત્રી અને દુબઈ અમિરાતના રાજા પણ છે. રશીદ અલ-મખ્તૂમ નિરાભિમાની અને પ્રજાવત્સલ શાસક છે. એમની ફિલોસોફી છે કે નવાં અને આધુનિક આયોજનો દ્વારા સંપત્તિનું સર્જન કરી દુબઈની પ્રજાની સુખાકારી માટે તે નાણાં વાપરવા. દુબઈને દુનિયાનાં શ્રેષ્ઠ શહેરો પૈકીનું એક બનાવવામાં એમનું યોગદાન સૌથી મોટું છે. રાજકુમારી લતીફા અને બીજા સંતાનો સાથેની એમની તસવીરો, લતીફાના પલાયન બાદ લતીફા સાથેનો એમનો વ્યવહાર દર્શાવે છે કે એ કોઈ ક્રૂર, લાગણીવિહોણા પિતા નથી,

**રીમ અને રવાન શ્રીલંકામાં રજાઓ ગાળવા આવી હતી ત્યારે ત્યાંથી નાસીને હોંગકોંગ આવી ગઈ હતી. જો ઘરમાં આટલી સખતાઈ હતી તો શ્રીલંકા રજા ગાળવા કેવી રીતે આવી?**

એવું જણાય છે કે મોગલે આઝમના અકબર જેવી એમની સ્થિતિ છે. એકોતેર વરસના શેખ સેન્ડહર્સ્ટની પ્રસિદ્ધ રૉયલ મિલિટરી સ્કૂલમાં ભણ્યા છે. એમના ભાઈનું અવસાન થયા બાદ ૨૦૦૬માં એ ગાદી પર આવ્યા હતા. શેખ રશીદની ૬ રાણીઓ થકી એમને ૩૦ સંતાનો છે. રાજકુમારી લતીફા તેમાંની એક જે આજે ૩૬ વરસની છે. એ રાજકુમારી ગુપ્ત રીતે એક ઝડપી યાંત્રિક નૌકા (યોટ)ની વ્યવસ્થા કરે અને ખાનગીમાં પિતાનું પ્રસિદ્ધ રજવાડું છોડીને ભારતના ગોવા તરફથી ભાગતી થાય તે આ રાજકુટુંબ માટે એક આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાનો સવાલ બની જાય છે અને ઘરઆંગણે પણ તથા કથિત આબરૂના કાંકરા થાય. તેમાંય ઈસ્લામિક સમાજમાં આવી ઘટના આજે પણ નાલેશીભરી ગણાય છે અને તેથી જ જગતના મીડિયાએ આ ઘટનાને ખૂબ તૂલ આપ્યું છે. દુનિયા ભલે ગમે એટલી આગળ વધી હોય, પરંતુ રાજઘરાનાઓ માટે પ્રતિષ્ઠાનો ત્યાગ કરવાનું સહેલું હોતું નથી. તેમાંય ગલ્ફમાં જે પ્રકારનો સમાજ છે અને તેમાં શેખ રશીદે ધીરજ અને સમજદારીથી કામ લીધું છે એ વાસ્તવિકતા સમજીએ તો સરાહનીય છે અને આદર્શવાદમાં આગળ વધીએ તો નીંદનીય છે. લોકો પોતપોતાના દૃષ્ટિકોણથી તેનો અર્થ કાઢે છે. માર્ચ ૨૦૧૮માં પ્રિન્સેસ લતીફા એક યાંત્રિક નૌકામાં બેસીને દુબઈથી ભાગી નીકળી. ગોવાથી માંડ ૫૦ કિલોમીટર દૂર અરબી સમુદ્રમાં એમની નૌકા હતી ત્યારે ભારત અને અમેરિકાના સશસ્ત્ર કમાન્ડોએ એ નૌકાને ઘેરી લીધી. નૌકા પર ચડીને તેઓએ રાજકુમારીના બંને કાંડા બાંધી દીધા. લતીફા જોરજોરથી ચિલ્લાતી રહી કે, 'મને પાછી ના લઈ જાવ, તેના કરતાં મને ગોળી મારી દો. મને ગોળી મારો.' એ કમાન્ડો એના પિતાની વગથી આવી ચડ્યા હતા અથવા એમના કહેણથી અમેરિકા અને ભારતે મોકલ્યા હતા. લતીફાની સાથે ભાગવામાં બે સાથીદાર હતા. તેઓ અમેરિકામાં નોંધાયેલા 'નોસ્ટ્રોમો' નામના યોટમાં બેસીને ભાગ્યાં હતાં. રાજકુમારીએ બૂમબરાડા પાડ્યાં, કાકલૂદીઓ કરી, પણ કમાન્ડો એમને ખેંચીને અમેરિકન સેનાના એક જહાજમાં દુબઈ પરત લઈ ગયા અને એના અબજોપતિ પિતાને રાજકુમારી સુપરત કરી.

*પ્રિન્સેસ લતીફાને જે યોટ પરથી શોધવામાં આવી તે નોસ્ટ્રોમો યોટ*

આ ઘટનાને ત્રણ વરસથી વધુ થયાં, પરંતુ શેખ રસીદે એમની દીકરી સમુદ્રમાં અમુક સ્થળે છે તે બાબતનો પત્તો કેવી રીતે મેળવ્યો તેની વિગતો હજી રહસ્યમય જ છે, પરંતુ જે અંદાજ કે અટકળ બાંધવા અઘરા નથી કે દુબઈના પરમ મિત્ર અમેરિકાના સત્તાવાળાઓએ શેખ રશીદના અરજન્ટ કૉલના અનુસંધાને લતીફાનો પત્તો શોધી આપ્યો હતો. હવે એ વિગતો ભરોસાપાત્ર રીતે બહાર આવી રહી છે કે અમેરિકાના ફેડરલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (એફબીઆઈ) દ્વારા દુબઈના પાવરફુલ લીડરની વિનંતીને માન આપવામાં આવ્યું હતું. રાજકુમારી લતીફાનું અપહરણ કરવામાં આવ્યું છે અને એક યોટમાં લઈ જવામાં આવી છે તેમ દુબઈના શેખ દ્વારા એફબીઆઈને જણાવવામાં આવ્યું હતું. આવી રજૂઆત કરીને અમેરિકન એફબીઆઈ પાસેથી મદદ માગવામાં આવી હતી. આ વાત સાચી પણ હોઈ શકે અને ખોટી પણ, કારણ કે અમેરિકા અને સંપન્ન દુનિયાનો એક મોટો વર્ગ માને છે કે રાજકુમારીની સ્વતંત્રતાના અધિકાર પર લોકશાહીને વરેલા એક દેશ દ્વારા મોટી તરાપ છે. માટે લોકો અને જગતને ખુશ અને ચૂપ રાખવા માટે આ બચાવ કે કારણ જાહેર કરાયા હોઈ શકે. વાસ્તવમાં એવું બન્યું હોય કે અમેરિકા પ્રોએક્ટિવલી (સામે ચાલીને ઉમંગ બતાવીને) દુબઈના શેખની મદદે ગયું હોય. મોટાં અર્થતંત્રો વચ્ચે સંબંધ જળવાય તે ખૂબ મહત્ત્વનું હોય છે. આદર્શો, વિચારો બાદમાં આવે. અનુકૂળતા હોય તો..!

યોટના લૉકેશનના ડેટા મેળવી એફબીઆઈએ શેખની સરકારને સોંપ્યા. આ ઑપરેશન ખૂબ સંવેદનશીલ હતું, તેથી તેની ઘણી વિગતો હજી સુધી જાહેર કરાઈ નથી. દુબઈના શેખે આ વિષયમાં કશું પણ બોલવાનો કે કહેવાનો ઈનકાર કરી દીધો. લતીફાએ આરોપ લગાવ્યો હતો કે એના પિતા શેખ લતીફ એને સારી રીતે ટ્રીટ કરતા ન હતા. જવાબમાં શેખે દુબઈની અદાલતમાં કાનૂની પ્રતિનિધિ મારફતે જવાબ નોંધાવ્યો હતો. તેમાં શેખ રશીદે રજૂઆત કરી છે કે એમણે પોતાના પ્રયત્નોથી રાજકુમારીને અપહરણમાંથી બચાવી લીધી હતી અને રાજકુમારી સાથે દુર્વ્યવહાર કરવામાં આવતો હતો એ વાત (અથવા રાજકુમારીનો દાવો) સાવ જુદ્દી છે.

હમણા પ્રસિદ્ધ થયેલી અમુક વિગતોમાં કહેવામાં આવી રહ્યું છે કે યોટ પર રાજકુમારીની સ્થિતિ ખૂબ ચિંતાજનક છે તેથી યોટને તત્કાળ પકડી પાડવી જરૂરી છે તેમ દુબઈની સરકાર દ્વારા અમેરિકી સરકારને જણાવીને અમેરિકનોને તત્કાળ કાર્યવાહી કરવાની

**રાજકુમારી લતીફાનું અપહરણ કરવામાં આવ્યું છે તેમ દુબઈના શેખ દ્વારા એફબીઆઈને જણાવવામાં આવ્યું હતું. આવી રજૂઆત કરીને અમેરિકન એફબીઆઈ પાસેથી મદદ માગવામાં આવી હતી**

*રાજકુમારીઓનું કહેવું છે કે તેમના પિતા-ભાઈઓ જેલરની જેમ વર્તતા હોય છે*

ચાનક ચડાવવામાં આવી હતી. રાજકુમારીના જેમ્સ બોન્ડ શૈલીના પલાયન પાછળનું ખરું કારણ શું છે તે શેખ અને રાજકુટુંબ જાણતા જ હોય એ સ્વાભાવિક છે. રાજકુમારી લતીફાના કહેવા પ્રમાણે તો એની સાથે સારો વ્યવહાર થતો ન હતો. જો એ સાચું હોય અને અમેરિકન અધિકારીઓને એ હકીકત જણાવવામાં આવે તો જાંઘના ઘાવ ખુલ્લા કરવા સમાન ગણાય. સ્વાભાવિક છે કે દુબઈ સરકારે ખરું કારણ આપવાનું ટાળ્યું હોય. કહે છે કે, અમેરિકી એજન્સીઓએ નોસ્ટ્રોમો યોટના અમેરિકન ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર દ્વારા નોસ્ટ્રોમોનું જીઓલોકેશન (ઠેકાણું) પ્રાપ્ત કર્યું હતું અને દુબઈ સરકારને તે વિગતો આપી હતી. કાનૂની નિષ્ણાતોનું કહેવું છે કે આમ કરીને આવું કરીને એફબીઆઈના અધિકારીઓએ પ્રોટોકોલનો ભંગ કર્યો છે. આ ભંગ ત્યારે થયો ગણાય જ્યારે તે માટેનું કારણ અને ખાતરી ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર કંપનીને અપાયા ન હોય. જોકે મુશ્કેલીના સમયમાં દુનિયાની કોઈ લૉ એન્ડ ઓર્ડર એજન્સીઓ કાનૂની પ્રોટોકોલ જાળવતી નથી. તે જાળવવા જાય તો કોઈ મહત્ત્વનાં ઑપરેશનો જ હાથ ધરી ન શકાય. પથારી પાથરવામાં જ સવાર પડી જાય. હાલમાં અનેક પુરાવાઓ મળી રહે છે, તે બતાવે છે કે એફબીઆઈની સક્રિય મદદ વગર લતીફાની ભાળ ક્યારેય મળી ન હોત.

અમેરિકનોએ લતીફાને પિતાના હાથમાં સોંપી ત્યાર બાદ લતીફા ક્યાં છે તેની કોઈને જાણ ન હતી. લગભગ અઢી વરસ સુધી તરેહ તરેહની વાતો અને અટકળો સોશિયલ મીડિયામાં ચાલી.

શેખનું કહેવું છે કે, એમણે એમની પુત્રીનાં હિતો અને સુખાકારીને ધ્યાનમાં રાખીને એને પાછી લાવવાનાં પગલાં ભર્યાં હતાં, કારણ કે એ પોતે ખરેખર માનતા હતા કે એમની પુત્રીનું અપહરણ કરવામાં આવ્યું હતું. અપહરણકર્તા બદમાશો મોટી રકમની માગણી મૂકશે અને તે પૂરી થાય તે માટે લતીફાને શારીરિક ત્રાસ આપશે, ઈજાઓ પહોંચાડશે. હકીકતમાં એમને એ જ વિચાર આવતો હતો કે લતીફા પર હાલમાં જ ત્રાસ ગુજારાઈ રહ્યો છે. શેખ માને છે કે લતીફાને દુબઈ પરત લાવવાનું મિશન એક રેસ્કયુ મિશન (બચાવ અભિયાન) હતું. જોકે ઈંગ્લેન્ડી અદાલતમાં ૨૦૨૦માં ચાલેલા એક પ્રોસિડિંગ મુજબ ટેઈલર વેસિંગે જણાવ્યું હતું કે, રાજકુમારીએ જે આક્ષેપો કર્યા છે તે વિષે વધુ કશું કહેવા માગતી નથી. જોકે એ જ પ્રોસિડિંગમાં લતીફાનું પલાયન, તેની પાછળનાં એણે આપેલાં કારણો, એની સાથે થયેલી ગેરવર્તણૂક વગેરેની વિગતો રાજકુમારીએ આપેલાં નિવેદનો, નજરે જોનારા સાક્ષીઓ અને પ્રસિદ્ધ થયેલા અહેવાલોના રૂપમાં દુનિયા સમક્ષ આવી હતી.

**મુશ્કેલીના સમયમાં દુનિયાની કોઈ લૉ એન્ડ ઓર્ડર એજન્સીઓ કાનૂની પ્રોટોકોલ જાળવતી નથી. તે જાળવવા જાય તો કોઈ મહત્ત્વનાં ઑપરેશનો જ હાથ ધરી ન શકાય**

દુબઈથી ભાગી જવા માટે રાજકુમારી લતીફા સાત સાત વરસથી તૈયારીઓ કરી રહી હતી. એક જાતે, ઘરે બેસીને બનાવેલા વીડિયોમાં રાજકુમારીએ દાવો કર્યો છે કે સાધનસંપન્ન, અત્યાધુનિક અમિરાતના રજવાડાથી એ દૂર ભાગી જવા એટલા માટે માગતી હતી કે એની સાથે કોઈ સારો વર્તાવ થતો ન હતો. વરસોથી એની સાથે ક્રૂર અને નફરતભર્યું વર્તન થતું હતું, એવું લતીફાએ હોમ વીડિયોમાં જણાવ્યું છે. એને દુબઈ બહાર ભણવા કે પ્રવાસ માટે મોકલવામાં આવતી ન હતી. એની સાથે હંમેશાં એક પુરુષ વાલી અથવા ગાર્ડ રહેતો હતો.

લતીફાએ બે વિશ્વાસુ મિત્રોની મદદ લીધી. એક એની મૂળ ફિનલેન્ડની ફિટનેસ ટ્રેઈનર, અર્થાત્ કસરત-યોગા ટીચર નીના જુહાઈઅન હતી અને બીજો ફ્રેન્ચ નૌસેનાનો પૂર્વ જાસૂસી અધિકારી, જે પાછળથી અમેરિકાનો નાગરિક બન્યો હતો તે હર્વ જોબર્ટ હતો. વિશાળ અરબી સમુદ્રના માર્ગે નાસી જવાની લતીફાએ યોજના ઘડી. યોટ માર્ગે લતીફા ભારત અથવા શ્રીલંકા પહોંચવા માગતી હતી અને ત્યાંથી અમેરિકામાં રાજ્યાશ્રય અને શરણસ્થાન મેળવવા માટે અરજી કરવાનો પ્લાન હતો. આ વિગતો બાદમાં નીનાએ જાહેર કરી હતી. બાદમાં લતીફાની મુક્તિ માટે નીનાએ લંડનમાં રહીને એક અભિયાન ચલાવ્યું હતું.

મસ્કત, ઓમાનથી લગભગ વીસ માઈલ દૂર, આંતરરાષ્ટ્રીય સમુદ્રમાં લતીફા, ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ નોસ્ટ્રોમો પર ચડી હતી. નોસ્ટ્રોમો સુધી તે જેટ સ્કી અને આરબ હોડીની મદદથી પહોંચી હતી. એની સાથે ફિટનેસ ઈન્સ્ટ્રક્ટર નીના જુહાઈઅન પણ હતી અને નોસ્ટ્રોમોના સુકાની તરીકે હર્વ જોબર્ટ જ હતો. લતીફા અને નીનાને યોટ સુધી પહોંચાડવામાં સાંજના સાત વાગી ગયા, કારણ કે દરિયો અશાંત હતો. જોબર્ટ લગભગ આઠ દિવસ સુધી નોસ્ટ્રોમોને અગ્નિ દિશા તરફ ચલાવતો રહ્યો. જોબર્ટે નૌકા સાથેનો દુનિયાનો સંપર્ક વ્યવહાર બંધ કરી દીધો હતો. જેથી કોઈ ઇલેક્ટ્રોનિક ઉપકરણો કે ઉપગ્રહો નૌકાનો પત્તો લગાવી ન શકે અથવા ભાળ મેળવી ન શકે, પરંતુ કોઈક અગમ્ય કારણોસર

લતીફાએ ઈ-મેઈલ દ્વારા ઘણા મિત્રો અને લોકો સાથેનો સંદેશા વ્યવહાર ચાલુ રાખ્યો હતો.

એક વખત રાજકુમારીએ પોતાના પ્રાઈવેટ યાહૂ એકાઉન્ટમાંથી એક ઈ-મેઈલ રવાના કર્યો અને તે માટે યોટના સેટેલાઈટ ઈન્ટરનેટ પ્રોવાઈડરનો ઉપયોગ કર્યો. તેની ડિજિટલ નોંધ પ્રોવાઈડરની અમેરિકા ખાતેની સિસ્ટમમાં રહી ગઈ. પરિણામે નોસ્ટ્રોમો અને રાજકુમારી વગેરેનું ઠેકાણુ જાહેર થઈ ગયું. એણે થોડા ઈન્સ્ટાગ્રામ મેસેજો મોકલીને પછી ડિલીટ કરી નાખ્યા. સેલફોન દ્વારા જે ડેટા રવાના કરાયા તે નોસ્ટ્રોમોનું સ્થળ નક્કી કરવામાં મદદરૂપ બન્યા. સર્વેલન્સ વિમાનો અને દરિયાઈ નૌકાઓ, વેસલોને કામે લગાડાયાં તે પણ મદદગાર બન્યાં. આ જહાજો, વેસલો સાથે અદ્યતન સર્વેલન્સ ડિવાઈસ હતાં. તેનાં વડે સિગ્નલ ઈન્ટેલિજન્સ એજન્સીઓ દ્વારા લતીફાના સંદેશાવ્યવહારનાં સિગ્નલો આંતરવામાં આવ્યાં.

લતીફાએ ગંભીર ભૂલ એ કરી હતી કે એ પોતાના ઈ-મેઈલ ચેક કરતી હતી. જે કંઈ ખોટું કરતા હોય અથવા અણધારેલું કરતા હોય તેઓને પોતાની પાછળ શું ચાલી રહ્યું છે તે જાણવાનો હંમેશાં ફડકો રહેતો હોય છે. આ કારણથી જ ગુનેગાર ગુનાના સ્થળે અમુક કલાકો કે દિવસો બાદ પાછો ફરતો હોય છે. એ ઘટનામાં એ આસપાસના લોકો વચ્ચે એટલી દિલચસ્પી લેવા માંડે છે કે પોતે જ પોતાના પર શંકા કરવાનું બીજાને કારણ આપી દે છે. લતીફાએ પલાયન થવાની ભૂલ કરી હતી કે નહોતી કરી તે અલગ વાત છે, પણ એક ધનાઢ્ય રાજાની પુત્રી ભાગી ચૂકી હતી તે ઘટના જ અસાધારણ હતી. તેથી પાછળ શું ચાલી રહ્યું છે તે જાણવાની તાલાવેલી હોય જ. કોઈક રીઢા ગુનેગાર તેના પર અંકુશ લગાવી શકે. એણે ઈ-મેઈલ ચેક કર્યા તો એ પ્રદેશમાં ફરી રહેલા અન્ય વેસલોના ડેટા સાથે વેરીફાય કરવામાં આવ્યા તો ખબર પડી ગઈ કે અમુક ચોક્કસ સમયે લતીફાની નૌકા સમુદ્રમાં ચોક્કસ કઈ જગ્યાએ હતી. આસપાસ ફરી

રાજકુમારી લતીફાના સમર્થક

રહેલા વેસલોના કેપ્ટનોને ફોન કરીને પૂછી શકાય કે તેઓ ક્યાં છે? આજના આઈટી યુગમાં આ બાબત એટલી અઘરી નથી. શેખની સરકારના અધિકારીઓ, નિષ્ણાતો એ પણ નક્કી કરી શક્યા કે લતીફા ચોક્કસ કઈ બોટમાં સવાર હતી! અને એ બોટમાં સમુદ્રમાં કઈ જગ્યાએ હતી?

Only books magazine

નોસ્ટ્રોમો નૌકા ઓમાનના દરિયા કિનારેથી રવાના થઈ તે પછીના નૌકાના કેપ્ટન હર્વ જોબર્ટે એ વાતની નોંધ લીધી કે બીજું એક જહાજ એક બે માઈલ પાછળ રહીને જોબર્ટની નૌકાનો પીછો કરી રહ્યું હતું. તે દરમિયાન ભારતીય નૌસેનાનું એક કોસ્ટગાર્ડ પ્લેન પણ બોટ પરથી અનેક વખત પસાર થયું હતું. ભારતના આ કોસ્ટગાર્ડ પ્લેન સમુદ્રમાં કોઈક શંકાસ્પદ હિલચાલ દેખાય તેના પર નજર રાખે છે. અમેરિકન અને ભારતીય સેટેલાઈટ્સ દ્વારા નૌકાની ગતિ અને દિશા પર નજર રખાતી હતી. ચાર માર્ચ, ૨૦૧૮ના રોજ નોસ્ટ્રોમો યોટ ભારતના ગોવાથી સમુદ્રમાં ૮૦ કિલોમીટર દૂર હતી. એ રાત્રે જ દારૂગોળા ફૂટવાનો ધોંધાટ શરૂ થયો. ગેસ ગ્રેનેડો, બંદૂકો ફૂટવા માંડી. ગેસ ગ્રેનેડોને કારણે ધુમાડો છવાઈ ગયો. ભારત અને અમિરાતની સ્પેશિયલ ફોર્સ નોસ્ટ્રોમો પર ચડી ગઈ હતી. એક ભારતીય જવાન બૂમ મારીને વારંવાર પૂછતો હતો કે, 'તમારામાંથી લતીફા કોણ છે? અને ક્યાં છે?

આ બધી વિગતો પાછળથી નીનાએ લોકોને સંભળાવી હતી. કમાન્ડો યોટ પર ચડી ગયા ત્યારે જાણતા જ હતા કે આ યોટમાં જ લતીફા છે. બંને દેશના કમાન્ડોએ મળીને નીના અને હર્વ જોબર્ટને પણ મેથીપાક પીરસ્યો અને સશસ્ત્ર પહેરા હેઠળ તેઓને પણ દુબઈ લઈ ગયા. તેઓને એક અભેદ્ય જેલમાં રાખીને દિવસો સુધી પૂછપરછ કરવામાં આવી અને પછી તેઓને પોતપોતાના દેશમાં રવાના કરી દેવામાં આવ્યાં.

તેઓ ગોવા પહોંચી ગયા હોત તો વિદેશી સહેલાણીઓની વચ્ચે ક્યાંક ગુમ થઈ ગયા હોત, પણ તે એટલું સહેલું ન હોત. કદાચ થોડા દિવસ વધુ છૂપાઈ શક્યા હોત. નૌકા કયા સ્થળે પહોંચી છે તેની ભાળ મળી ન હોત તો લતીફા ભારતમાં રહેલા વિદેશી રાજદૂતાવાસોમાં શરણ માગી શકી હોત. ખાસ કરીને એવા દેશોના રાજદૂતાવાસો કે જેમને યુએઈ સાથે સારા સંબંધો નથી. પ્રથમ તેઓ ભારતના કિનારા સુધી પહોંચવામાં સફળ રહ્યા ન હોત. કોસ્ટગાર્ડ દ્વારા જ તેમને આંતરવામાં આવ્યા હોત. છતાં કંઈ પણ બની શક્યું હોત.

લતીફા નોસ્ટ્રોમો પર સવાર થઈને પલાયન થઈ તેના ૧૫ દિવસ બાદ, ૧૧ માર્ચ, ૨૦૧૮ના રોજ યુ-ટ્યૂબ પર એક વીડિયો પ્રગટ થયો જેમાં લતીફાએ પોતાની યાતનાઓ વર્ણવી હતી. આ બધું પૂર્વઆયોજિત હતું.

**ભારત 'ને અમેરિકાના કમાન્ડોએ મળીને નીના અને હર્વ જોબર્ટને દુબઈ લઈ ગયા. તેમની દિવસો સુધી પૂછપરછ કરવામાં આવી અને પછી તેઓને પોતપોતાના દેશમાં રવાના કરી દેવામાં આવ્યાં**

*લતીફાની સાવકી બહેન શેખા શમસા પણ વર્ષ ૨૦૦૦માં ભાગીને લંડન જતી રહી હતી*

લતીફાને સમજણ હતી કે એના પલાયનની યોજના કદાચ નિષ્ફળ પણ જાય. એણે ઇંગ્લેન્ડમાં એક માનવ અધિકાર પ્રતિનિધિ સાથે સંપર્ક બનાવ્યો હતો અને નાસી જવાનો પ્લાન નિષ્ફળ જાય તો એ વીડિયો પ્રસિદ્ધ કરવો એવી સૂચના સાથે એ વીડિયો અગાઉથી જ લંડન ખાતેના પ્રતિનિધિને મોકલી રાખ્યો હતો.

વીડિયોમાં લતીફા બોલે છે : 'હવે નજીકના ભવિષ્યમાં હું કોઈક રીતે અહીંથી પલાયન થઈ જઈશ. મારી યોજનાનું શું પરિણામ આવશે તેની પાકી ખબર નથી, પરંતુ મને ૯૯ ટકા વિશ્વાસ છે કે યોજના સફળ થશે. જો સફળ નહીં થાય તો આ વીડિયો મને બચાવવામાં મદદરૂપ બનશે, કારણ કે મારા પિતાને માત્ર એમની આબરૂ અને પ્રતિષ્ઠાની ખૂબ ચિંતા છે. પોતાની પ્રતિષ્ઠા બચાવવા માટે એ લોકોને મારી પણ નાખે. એમને માત્ર એમની પોતાની અને એમના અહમ્‌ની ચિંતા હોય છે. એ પરિસ્થિતિમાં આ વીડિયો મારી જિંદગી બચાવી શકે છે અને જો તમે આ વીડિયો જોઈ રહ્યા છો ત્યારે કાં હું મરણ પામી હોઈશ અથવા તો હું ખૂબ જ ખરાબ સ્થિતિમાં હોઈશ.' લતીફાએ આ વીડિયો દુબઈમાં નીનાના ઘરમાં શૂટ કર્યો હતો.

ત્યાર બાદ ફેબ્રુઆરી ૨૦૨૦માં એક બીજી વીડિયો ક્લીપ જાહેર થઈ હતી. ફરતે વાડ અને દીવાલ ધરાવતા દુબઈના એક અલાયદા મકાનના બાથરૂમમાં એ વીડિયો ક્લીપ શૂટ કરવામાં આવી હતી. તેમાં લતીફા બોલતી સંભળાય છે કે, 'રોજ મને મારી જિંદગીની ચિંતા સતાવે છે. હું જાણતી નથી કે આ સ્થિતિમાંથી હું હેમખેમ પસાર થઈશ કે કેમ?'

આ વીડિયો ૨૦૧૯ના પ્રારંભથી માંડીને ૨૦૨૦ના પ્રારંભ સુધીના સમયમાં શૂટ કરવામાં આવ્યો હશે એવી ધારણા છે, પરંતુ ૨૦૨૦ના ફેબ્રુઆરીમાં તે જાહેર થયો તે અગાઉ દુનિયાના લોકો જાણતા ન હતા કે પકડાઈ ગયા બાદ લતીફાનું શું થયું? મોટા ભાગના લોકો માનતા થયા હતા કે લતીફાને મારી નંખાઈ છે, કારણ કે આરબ લોકો આવો બળવો સહન કરી ન લે તેવી જગતમાં એક છાપ છે. અમુક લંડનમાં રહેતા માનવ અધિકારોના ચળવળકાર લોકોએ 'ફ્રી લતીફા' અર્થાત્ 'લતીફાને મુક્ત કરો' અભિયાન શરૂ કર્યું હતું. તેઓને આશા હતી કે લતીફા દુબઈમાં એના પિતાના કબજામાં હયાત છે.

પલાયન થવાનો લતીફાનો આ કંઈ પ્રથમ પ્રયાસ ન હતો. જ્યારે એ સોળ વરસની રાજકુમારી હતી ત્યારે પડોશના દેશ ઓમાનની સરહદ વળોટીને ભાગી જવાનો પ્રયત્ન કર્યો હતો. ત્યારે પણ એ પકડાઈ ગઈ હતી અને જેલમાં પૂરી દેવામાં આવી હતી. જેલમાં એના પર ત્રાસ ગુજારવામાં આવ્યો હતો અને કોઈ દાક્તરી રાહત પણ અપાઈ ન હતી. આ વિગતો લતીફાએ જાતે જ યુ-ટ્યૂબ પર પોસ્ટ કરેલા એક વીડિયોમાં જણાવી છે.

દુબઈના શેખ મોહમ્મદ રશીદના એક રાણી તરીકે જોર્ડનના રાજકુમારી હયા બિન્ટ અલ-હુસૈન હતાં. એ પણ ૨૦૧૯માં ભાગીને દુબઈથી લંડન જતાં રહ્યાં હતાં. સાથે એમનાં બે બાળકોને પણ લઈ ગયાં હતાં. હયાને તલ્લાક આપવામાં આવ્યા હતા અને એ ભૂતપૂર્વ રાણી બની ગયાં. લંડન પહોંચીને હયાએ દાવો કર્યો હતો કે એમના પૂર્વ પતિ શેખ રશીદ દ્વારા હયાને ડરાવવા માટે ધાકધમકીની રસમો અજમાવવામાં આવી હતી. એ વખતે હયાએ બાળકોની કસ્ટડી જાળવી રાખવા માટે લંડનની અદાલતમાં કેસ લડવો પડ્યો હતો અને એ કેસના સંદર્ભમાં લતીફાના પલાયનના પ્રયાસનો પણ ઉલ્લેખ થયો હતો. લતીફાના ભાગી જવાના અગાઉના પ્રયત્નોની રાજકુમારી હયાએ અદાલતને જાણકારી આપી હતી. એ અદાલતી કેસમાં ન્યાયાધીશે લતીફાના સંદર્ભમાં શેખ રશીદ પર કરાયેલા આરોપોની ચકાસણી કરી હતી. એટલું જ નહીં, લતીફાની એક મોટી ઓરમાન બહેન શેખા શમસા બિન્ટ મોહમ્મદ અલ-મખ્તૂમ વરસ ૨૦૦૦માં દુબઈથી નાસીને લંડન જતી રહી હતી, તેની વિગતો પણ લંડનની અદાલતને જણાવવામાં આવી. આમ કુલ ચાર પ્રયાસોમાં બે જણ, એક રાણી અને એક રાજકુમારી નાસી જવામાં સફળ રહ્યાં હતાં. પ્રિન્સેસ શમસા પણ સોનાના પીંજરામાં જીવવાને બદલે લંડનમાં મુક્ત જીવન ગુજારવા માટે નાસી ગઈ હતી. ભાગી જવામાં સફળ થયાં પછી પણ શમસા પોતાના મુક્ત જીવન માટેના મિશનમાં સફળ થઈ ન હતી. શેખ મોહમ્મદ રશીદ એ વખતે દુબઈના રાજા ન હતા, પણ મહત્ત્વના રાજકુમાર જરૂર હતા. રાજકુટુંબે અને રશીદે મળીને પોતાના માણસો થકી લંડનમાંથી શમસાનું અપહરણ કરીને દુબઈ લઈ આવ્યા હતા. બ્રિટનની પોલીસને શંકા છે કે એ વખતે એના પિતા વતી લંડનમાં કામ કરી રહેલા એક શખ્સે શમસાને નશીલા પદાર્થ ખવડાવી દીધા હતા અને નશાની સ્થિતિમાં ઉપાડીને દુબઈ લઈ ગયા હતા. શમસા અને લતીફાના પિતા એક છે, પરંતુ

**રાજકુટુંબે અને રશીદે મળીને પોતાના માણસો થકી લંડનમાંથી શમસાનું અપહરણ કરીને દુબઈ લઈ આવ્યા હતા. ત્યાર બાદ શમસાને કોઈએ જાહેરમાં જોઈ નથી**

માતાઓ અલગ-અલગ છે. એ ઘટનાને ૨૧ વરસ થઈ ગયાં અને આ વરસોમાં શમસાને કોઈએ જાહેરમાં દેખી નથી. એક દેશના વડા તરીકે પોતાને મળતા અધિકારોનો ઉપયોગ કરીને શેખ રશીદ અદાલતી કાર્યવાહીમાં હાજર રહ્યા ન હતા અને અત્યાચાર તેમ જ અપહરણના જે આરોપો એમની સામે અદાલતમાં મૂકવામાં આવ્યા તેનો જવાબ આપ્યો ન હતો. એમણે લંડનની અદાલતના નિર્ણયને માન્ય નહીં રાખીને તેની સામે વાંધો ઉઠાવ્યો હતો અને બાળકોની કસ્ટડીના કેસને કોઈના નિજી જીવનના કેસ તરીકે ગણાવી, તે વિષયમાં લંડનની અદાલતે જે ચુકાદો આપ્યો હતો તે પ્રસિદ્ધ ન થાય તે માટેની પેરવી પણ કરી જોઈ હતી. એમણે ચુકાદાના અનુસંધાને એક નિવેદન બહાર પાડ્યું હતું. તેમાં જણાવાયું હતું કે, 'સરકારના વડા તરીકે અદાલતની કાર્યવાહીમાં હું હાજર રહી શક્યો નથી. તેના પરિણામે એક એવો ચુકાદો અપાયો છે જે અનિવાર્યપણે કહાનીની એક જ બાજુ (પાસું) રજૂ કરે છે.'

રાજકુમારી લતીફાની પલાયનની ઘટના વિશે 'ધ મિસિંગ પ્રિન્સેસ' નામની એક ડોક્યુમેન્ટરી ફિલ્મ પણ બની છે. તે બીબીસી વન ટીવી ચેનલ પર દર્શાવાઈ હતી. લતીફાએ પણ આરોપ મૂક્યો છે કે ૨૦૧૮માં એ ભાગી હતી અને કમાન્ડોએ એને પકડી પછી ઘેન અને નશાની દવા ખવડાવવામાં આવી હતી. એણે પોતાને કેદમાં રાખવામાં આવી છે તેવી ફરિયાદો પણ મિત્રોને મોકલી હતી. એ મિત્રોએ સંયુક્ત રાષ્ટ્રસંઘને આ બાબતમાં દરમિયાનગીરી કરવાની અપીલ કરી હતી. આ બધી ચળવળોનું કેન્દ્ર લંડન હતું, પરંતુ કિંગ રશીદ ઈંગ્લેન્ડ સામે કોઈ રોષ વ્યક્ત કરી શકે તેવી સ્થિતિમાં નથી, કારણ કે આખરે યુ.કે. સાથે કાયમનો પનારો પડ્યો છે. શેખ રશીદ યુકેના સ્કોટિશ હાઈલેન્ડ્સમાં જેવી તેવી નહીં, પણ ૬૩ (ત્રેસઠ) હજાર એકર જમીન ધરાવે છે. લતીફાને ગોવા નજીક સમુદ્રમાં પકડવામાં આવી તે ઘટનાનું વર્ણન લતીફાએ એના મિત્રોને મોકલ્યું હતું. લતીફાએ કહ્યું છે

રાજકુમારી રહાફ

કે એ હાથપગ મારતી રહી હતી, ચિચિયારીઓ પાડતી રહી અને એક કમાન્ડોના હાથે બટકું પણ ભર્યું હતું. ત્યાર બાદ એને નશાકારક દ્રવ્યનું ઈન્જેક્શન અપાયું હતું તે છેક દુબઈ આવ્યું ત્યાં સુધી એ ઊંઘતી રહી હતી. એને દુબઈની જે એકાંત વિલા (બંગલો)માં રખાઈ હતી તેની તમામ બારીઓ કાયમ માટે બંદ રખાતી હતી. ત્યાં કુલ સાત પોલીસમેન ગાર્ડ ચોવીસ કલાક માટે તહેનાત રાખવામાં આવતા હતા.

હવે પરિસ્થિતિ ઘણી બદલાઈ છે. લતીફા હમણા એક સ્ત્રી સાથે સ્પેન અને યુરોપમાં રજા ગાળતી જોવા મળી હતી. લતીફા અને એના પિતા વચ્ચે સમાધાન થયું હોય તેમ જણાઈ રહ્યું છે. લંડનની એક વકીલ પેઢી દ્વારા લતીફા વતી નિવેદન બહાર પડાયું છે. તેમાં લતીફા જણાવે છે કે, હવે એ પ્રવાસ કરવા માટે મુક્ત છે. પોતે શાંતિથી જીવી શકે તે માટે પોતાને એકલી છોડી દેવામાં આવે અને ચળવળકારો શોરબકોર ન મચાવે એવી અપીલ પણ લતીફાએ કરી છે. પિતા અને પુત્રી વચ્ચે મનમેળ થઈ ચૂક્યો છે. બંને એકમેકને સહકાર આપી રહ્યાં છે. એમ જ થવું જોઈએ, પણ માનવ અધિકારોના રખેવાળોને હજી કેટલાક સવાલો અકારણ પજવે છે. જેમ કે લતીફા પોતાની ઈચ્છાથી દુબઈમાં રહેવા માગે છે? શું દુબઈમાં એને વધારે સ્વતંત્રતા આપવામાં આવી છે? કે પછી ભવિષ્યમાં ફરીથી પલાયન થવાની યોજના મુજબ હાલમાં એ આ પ્રમાણે વરતી રહી છે?

દુનિયામાં કરોડો પુત્રીઓ, પત્નીઓ, માતાઓ તરેહ તરેહના જુલમ સહન કરે છે. દુઃખો વેઠે છે. એમની હત્યાઓ અને બળાત્કારો થાય છે. કુટુંબીઓ જ વેરીની માફક વરતે છે, પરંતુ મોટા ઘરની વહુ કે દીકરીનાં દુઃખો લોકોને અસહ્ય લાગે છે. પછી ભલે એ મોટું ઘર ખૂબ દૂર હોય. એ ઘર વગોવાઈ જાય છે. ઈંગ્લેન્ડ અમેરિકાના માનવ અધિકાર એક્ટિવિસ્ટોએ આ કિસ્સામાં ઘણો રસ દાખવ્યો હતો અને હજી દાખવે છે. કહે છે કે તે પ્રવૃત્તિઓનાં પણ સારાં પરિણામો આવ્યાં છે. તેઓ દબાણ લાવ્યા હતા અને પરિણામે અમેરિકી પ્રમુખ જો બાઈડેને યુએઈ સાથેનો અમેરિકાનો શસ્ત્ર વેચવાનો કરાર ગયા જાન્યુઆરીમાં સસ્પેન્ડ કર્યો હતો. જોકે તેમાં મુખ્ય કારણ સાઉદી અરેબિયા અને યેમેન વચ્ચે ચાલી રહેલું યુદ્ધ હતું. છતાં એમ કહેવાય છે કે પ્રમુખ બાઈડેને યુએઈને પોતાનો માનવ અધિકારોનો રેકોર્ડ સુધારવાની ખાસ સૂચના આપી હતી. કદાચ આ સૂચનાના ભાગરૂપે શેખ અને એમની પુત્રી સાથે મનમેળ સધાયો હોઈ શકે. ગયા એપ્રિલમાં બાઈડેને ફરીથી જાહેરાત કરી હતી કે, ૨૩ અબજ અમેરિકન ડૉલરનાં શસ્ત્રો વેચવાના કરારમાં અમેરિકા આગળ વધશે.

ગયા મે મહિનામાં ઈન્સ્ટાગ્રામ તસવીરો મીડિયામાં પ્રસિદ્ધ થઈ જેમાં પ્રિન્સેસ લતીફાને દુબઈના એક મૉલમાં શોપિંગ કરતી બતાવાઈ છે. રૉયલ નેવીના એક પૂર્વ સભ્ય સાયોનેડ ટેઈલર સાથે લતીફા એક કાફેમાં બેઠેલાં છે. સાથે એક ત્રીજી સ્ત્રી છે. જે મૉલ છે તે 'દુબઈ'ઝ મૉલ ઓફ ધ એમિરેટ્સ' તરીકે જાણીતો છે. એપ્રિલ મહિનામાં સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા કહેવામાં આવ્યું હતું કે, પ્રિન્સેસ લતીફા હયાત છે તેની ખાતરી આપતા કોઈ પુરાવા યુએઈ દ્વારા હજી સુધી પૂરા પડાયા નથી. લાગે છે કે તે વિધાનના અનુસંધાને અને સંદર્ભમાં આ ઈન્સ્ટાગ્રામ તસવીરો જાહેર કરાઈ છે. તસવીરના બૅકગ્રાઉન્ડમાં હોલિવૂડની મે મહિનામાં રિલીઝ થયેલી ફિલ્મનું હોર્ડિંગ છે, તે પુરવાર કરે છે કે તસવીર જૂની નથી, પણ હમણાની જ છે. જેનો અંત સારો તે બધું જ સારું, પણ શું વાર્તાનો ખરેખર અંત આવ્યો છે કે માત્ર ઈન્ટરવલ જ પડ્યો છે..? ■

**લતીફા હમણા એક સ્ત્રી સાથે સ્પેન અને યુરોપમાં રજા ગાળતી જોવા મળી હતી. લતીફા અને એના પિતા વચ્ચે સમાધાન થયું હોય તેમ જણાઈ રહ્યું છે**

# અવકાશને આંબતી, ભારતીય મૂળની ત્રીજી અવકાશયાત્રી સિરીષા...

તારીખ ૧૧મી જુલાઈ, ૨૦૨૧ના રોજ ભારતીય સમયાનુસાર રાત્રે ૮ વાગે જ્યારે વર્જિન ગેલેક્ટિકના રિચાર્ડ બ્રેન્સન પોતાના સ્પેસપ્લેન 'વર્જિન વીએસએસ યુનિટી' દ્વારા અંતરિક્ષની યાત્રા પર રવાના થયા ત્યારે અવકાશયાત્રાના ઇતિહાસમાં એક નવા અધ્યાયમાં એક વધુ યશકલગી ઉમેરાઈ હતી, કારણ કે વર્જિન ગેલેક્ટિક આગામી વર્ષથી સ્પેસ ટૂરિઝમ અથવા કહોને અંતરિક્ષ પર્યટનનો નવો વ્યવસાય ચાલુ કરી રહ્યું છે. આમ પણ અવકાશ એ અત્યંત રહસ્યમય વિષય રહ્યો છે અને એના સંદર્ભે થતું સંશોધન પણ ઘણુ ખર્ચાળ છે. એટલે મોટા ભાગની સંશોધનસંસ્થાઓ આ સંદર્ભે તાલીમબદ્ધ વ્યાવસાયી તજજ્ઞોને જ પોતાના સ્પેસ મિશનનો ભાગ બનાવતા હોય છે, પરંતુ વર્જિન ગેલેક્ટિકે પહેલીવાર આવી જાહેર પહેલ કરી છે અને એ અંતર્ગત કંપની સામાન્ય લોકોને પણ અવકાશયાત્રા કરાવશે. પોતાના આ મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પમાં વર્જિન ગેલેક્ટિકના માલિક બ્રેન્સન પણ જોડાયા હતા. એમની સાથે જોડાયેલા બાકીના બધા જ સભ્યો એમની કંપનીના કર્મચારીઓ જ હતા. એમાંનું એક વિશિષ્ટ નામ હતું સિરીષા બાંદલા.

સિરીષા બાંદલા ભારતીય મૂળનાં ઍરોનોટિકલ એન્જિનિયર છે. ૨૦૧૫માં વર્જિન ગેલેક્ટિકમાં જોડાયા પછી માત્ર ૬ વર્ષના ટૂંકાગાળામાં સિરીષા અત્યારે કંપનીનાં વાઇસ પ્રેસિડેન્ટ તરીકેની મહત્ત્વપૂર્વ જવાબદારી સંભાળી રહ્યાં છે. સિરીષા બાંદલા મૂળે આંધ્ર પ્રદેશના ગુંટુર જિલ્લાનાં વતની છે. એમનો પરિવાર વર્ષોથી અમેરિકામાં સ્થાયી થયો છે. રાકેશ શર્મા પછી અવકાશયાત્રા કરનારી વ્યક્તિઓમાં કલ્પના ચાવલા અને સુનીતા વિલિયમ્સ બાદ સિરીષા અવકાશયાત્રા કરનારાં ત્રીજાં ભારતીય મહિલા બની ગયાં છે. આ પહેલાં ૨૦૧૨માં મૂળ ગુજરાતનાં સુનીતા વિલિયમ્સ ચાર મહિના માટે ઈન્ટરનેશનલ સ્પેસ-સ્ટેશનમાં રહ્યાં હતાં. મૂળ હરિયાણાનાં કલ્પના ચાવલા ૧૬ દિવસ સુધી અવકાશમાં રહ્યાં હતાં અને વિવિધ સંશોધનો હાથ ધર્યાં હતાં.

૨૨ જાન્યુઆરી, ૧૯૮૮માં જન્મેલાં સિરીષા બાંદલાનો જન્મ તો ભારતમાં થયો હતો, પરંતુ તેઓ ચાર-પાંચ વર્ષનાં હતાં, ત્યારે અમેરિકા સ્થિત માતાપિતા પાસે અમેરિકા સ્થળાંતર કરી ગયાં હતાં. આ ઘટના સંદર્ભે સિરીષાના દાદા આર. બાંદલા કહે છે કે, નાનપણથી જ એને અવકાશ પ્રત્યે વિશેષ લગાવ હતો. માત્ર ચાર વર્ષની ઉંમરે જ્યારે એને અમેરિકા રહેતાં એનાં માતાપિતા અને બહેન પાસે વિમાન માર્ગે એકલી મોકલવામાં આવી ત્યારે પણ વિમાનના પ્રવાસમાં એ સહેજે ગભરાઈ નહોતી, બલકે ઘણી ઉત્સાહિત હતી. વધુમાં દાદા ઉમેરે છે કે, અમને એ ખ્યાલ નથી આવતો કે એને કેવી રીતે ઍરક્રાફ્ટ, તારા અને અવકાશમાં રસ પડ્યો, પણ આ બાબતોમાં એને બાળપણથી રસરુચિ હતાં.

સિરીષાના પિતા ડૉ. મુરલીધર બાંદલા વ્યવસાયે વૈજ્ઞાનિક છે અને અમેરિકન સરકારમાં સિનિયર એક્ઝિક્યુટિવ સર્વિસના સભ્ય છે. શિરીષા અમેરિકાના ટેક્સાસ પ્રાંતના હ્યુસ્ટન ખાતે રહ્યાં છે. તેમનાં માતા પણ અમેરિકી સરકારમાં કામ કરી રહ્યાં છે. મોટી બહેન પ્રત્યુષા પણ અમેરિકામાં બાયોલોજિક સાયન્સ ટૅક્નિશિયન તરીકે કાર્યરત છે.

જીવનમાં વિશિષ્ટ સિદ્ધિ મેળવનારા કે વિશેષ જીવનશૈલીથી જીવનારાઓ આપણા જેવા જ સામાન્ય મનુષ્ય હોય છે, પરંતુ આપણે એમને જરા અલગ નજરે જોતા હોઈએ છીએ. સિરીષાને પિત્ઝા અને વિશ્વમાં સૌથી વધુ વેચાતો એવો વેનિલા આઇસક્રીમ પસંદ છે. સામાન્ય ભારતીયના મનપસંદ એવી ચાની પણ સિરીષા શોખીન છે. વ્યાવસાયિક રોલમૉડેલ તરીકે નીલ આર્મસ્ટ્રોન્ગ એનો આદર્શ છે. પ્રિય રમતમાં એને ગોલ્ફ પસંદ છે. તેલુગુ અને અંગ્રેજી ભાષાઓ સારી રીતે લખી-વાંચી-બોલી શકે છે. અંગત જીવનમાં સીન હુ દ્વારા મે-૨૦૧૯માં સિરીષાને પ્રપોઝ કરવામાં આવ્યું હતું અને ત્યારથી એ બેય પ્રણયસંબંધથી જોડાયેલાં છે.

અભ્યાસ અને વ્યાવસાયિક જીવન જોઈએ તો, સિરીષા અમેરિકાના ઈન્ડિયાનાની પુર્દ્યુ યુનિવર્સિટી ખાતેથી ૨૦૧૧માં ઍરોસ્પેસ, ઍરોનોટિકલ અને એસ્ટ્રોનોટિકલ એન્જિનિયરિંગમાં બી.એસસી.ની ડિગ્રી ધરાવે છે. ત્યાર બાદ અમેરિકાના

વોશિંગ્ટન ડીસી ખાતેની જ્યોર્જ વોશિંગ્ટન યુનિ.માંથી ૨૦૧૫માં એમબીએ પણ કર્યું છે. સિરીષાએ કૉમર્શિયલ સ્પેસ ફ્લાઇટ ફેડરેશનમાં અને એલ-૩ કૉમ્યુનિકેશનમાં પણ કામ કર્યું છે. ૨૦૧૫માં સિરીષા વર્જિન ગેલેક્ટિકમાં જોડાયાં અને હાલમાં તેઓ કંપનીનાં વાઇસ પ્રેસિડન્ટ છે. તેઓ અમેરિકન ઍસ્ટ્રોનૉટિકલ સોસાયટી અને ફ્યૂચર સ્પેસ લીડર્સ ફાઉન્ડેશનના બોર્ડ ઑફ ડિરેક્ટરમાં પણ સામેલ છે.

વર્જિન ગેલેક્ટિકની અવકાશયાત્રામાં પોતાની પસંદગી થતાં ઇન્સ્ટાગ્રામ પોસ્ટમાં સિરીષાએ લખ્યું હતું કે, 'યુનિટી ૨૨માં હું રિસર્ચરનો અનુભવ લઈશ, મને આશા છે કે ભવિષ્યના વૈજ્ઞાનિકો, ટૅક્નોલૉજીના નિષ્ણાતો અને શિક્ષણવિદોને તેનો લાભ થશે. તેઓ પૃથ્વી અને અવકાશને વધુ સારી રીતે સમજવા માટે અવકાશયાનનો યોગ્ય રીતે ઉપયોગ કરી શકશે.'

સૌથી પહેલાં અવકાશમાં પહોંચવા અને પોતાની પહોંચ બનાવવા માટે છેલ્લા કેટલાક વર્ષોથી દુનિયાના ઘણા દેશ એકબીજા સાથે ભારે સ્પર્ધા કરી રહ્યા છે, ત્યારે સામાન્ય માણસને અવકાશની સફર કરાવવા માટે અમેરિકાની ત્રણ સ્પેસ એજન્સી ઘણા વર્ષોથી મથી રહી છે. આ સ્પેસ એજન્સીમાં જેફ બેઝોસની બ્લુ ઓરિજિન, રીચાર્ડ બાર્સનની વર્જિન ગેલેક્ટિક અને એલોન મસ્કની સ્પેસએક્સ મુખ્ય છે. નાસા અને ISRO જેવી સ્પેસ એજન્સીઓ અવકાશયાત્રા માટે ખાસ પ્રકારની ટ્રેનિંગ મેળવેલા લોકોને પસંદ કરે છે, જ્યારે ઉપર જણાવેલી ત્રણેય એજન્સીઓ સામાન્ય માણસને અવકાશની સફર કરાવવા માટે પાછલા ઘણા વર્ષોથી જહેમત ઉઠાવી રહી છે. એલોન મસ્કની કંપની સ્પેસ એક્સનું ખાનગી રૉકેટ ફાલ્કન-૯ બે અમેરિકન અવકાશ યાત્રીઓને લઈને ૩૧મી મે, ૨૦૨૧ના રોજ ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર જવા રવાના થયું હતું. આ સાથે જ ખાનગી અવકાશ યાત્રાના ઇતિહાસમાં નવો અધ્યાય ઉમેરાયો હતો. નાસાના રોબર્ટ બેનકેન અને ડગલસ હર્લે નામના બે અવકાશ યાત્રીઓને લઈને ક્રૂ ડ્રેગન કેપ્સ્યૂલ સાથે ફાલ્કન-૯ પોતાની યાત્રા પર રવાના થયું હતું. આ રૉકેટે ગણતરીની પળોમાં જ અવકાશ યાત્રીઓને સુરક્ષિત ભ્રમણ કક્ષામાં પહોંચાડી દીધા હતા. આ પ્રક્ષેપણ સાથે જે કૉમર્શિયલ

*રિચાર્ડ બ્રેન્સનના સ્પેસપ્લેન વર્જિન યુનિટી સાથે જોડાયેલા અવકાશયાત્રીઓ*

સ્પેસ ટ્રાવેલના એક નવા યુગનો પ્રારંભ થયો છે. અમેરિકા અગાઉ સૌપ્રથમ રશિયા અને ચીન આ પ્રકારના મિશન હાથ ધરી ચૂક્યા છે.

તાજેતરમાં યોજાયેલી વર્જિન ગેલેક્ટિક દ્વારા આયોજિત અવકાશ યાત્રા ન્યૂ મેક્સિકોના દક્ષિણ ભાગે આવેલા રણથી અંતરિક્ષ તરફ શરૂ થઈ હતી. આ યાત્રામાં વિમાનના ચાલકદળના બે સભ્યો સહિત અન્ય ૬ પ્રવાસીઓ એ તમામે તમામ સભ્ય કંપનીના કર્મચારી જ હતા. કંપની દ્વારા આ યાત્રા માટે ખાસ તૈયાર કરાયેલા સ્પેસક્રાફ્ટનું નામ વીએસએસ ઇવ છે. પૃથ્વીની સપાટીથી ૫૫ માઈલની (અમેરિકન સ્પેસ વૈજ્ઞાનિકો અનુસાર પૃથ્વી અને અવકાશ વચ્ચેની રેખા, ૮૦ કિમી) ઊંચાઈ સુધી જઈને ત્યાંથી પાછું ફર્યું હતું. આ અવકાશયાત્રા કુલ ૯૦ મિનિટ ચાલી હતી. અવકાશમાં નિર્ધારિત જગ્યાએ પહોંચ્યા પછી સ્પેસક્રાફ્ટ વીએસએસ ઇવ અવકાશમાં ૪ મિનિટ માટે થોભ્યું હતું. માનવ ઇતિહાસની આ અનોખી ક્ષણને દરેક માણસ નજરે જોઈ શકે તેના માટે વર્જિન ગેલેક્ટિકની વેબસાઇટ અને યુ-ટ્યૂબ ચેનલ પર એનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.

માલિક તરીકે આ પ્રકલ્પમાં જોડાનારા રિચાર્ડ બ્રેન્સન અંતરિક્ષ પર્યટનના વ્યવસાયને ખુલ્લો મૂકતાં પહેલાં એક પ્રવાસી તરીકે અવકાશયાત્રાનો અનુભવ કરવા માગતા હતા. પોતાની આ અવકાશયાત્રા બાબતે વાત કરતાં બ્રેન્સન અંતરિક્ષ પર્યટનને પ્રોત્સાહન આપવાનો પોતાનો સ્પષ્ટ નિર્ધાર વ્યક્ત કરી ચૂક્યા છે. રિચાર્ડ બ્રેન્સનની સ્પેસ એજન્સીના માધ્યમથી પૂર્ણ થયેલી પહેલી અવકાશયાત્રા એ માનવ ઇતિહાસમાં એક ખૂબ મહત્ત્વની ઘટના સાબિત થવાની છે. આ મહિને ૭૧મો જન્મદિવસ ઉજવવા જઈ રહેલા રિચાર્ડ બ્રેન્સન પોતાની આ મહત્ત્વાકાંક્ષા વિશે કહે છે કે, અવકાશયાત્રા એ એમનું ૧૭ વર્ષ જૂનું સપનું છે જે આજે તેઓ પૂરું કરવા સક્ષમ બન્યા છે.

પોતાના આ મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પ માટે વર્ષોથી રાહ જોઈ રહેલા બ્રેન્સન અને અમેરિકા માટે આ સ્પેસ મિશન જેટલું મહત્ત્વનું હતું એટલું જ અગત્યનું સિરીષા બાંદલા અને ભારત માટે પણ હતું. વર્જિનની સત્તાવાર યાદી મુજબ 'યુનિટી ૨૨' એક કોડ આધારિત નામ છે, જે વીએસએસ યુનિટીની ૨૨મી ટેસ્ટ ફ્લાઇટ માટે છે. 'યુનિટી ૨૨' મિશન પૂર્વે એના જેવું કોઈ મિશન અગાઉ થયું નથી. હજુ કૉમર્શિયલ સ્પેસ ટૂરિઝમની શક્યતાઓ ચકાસાઈ રહી છે ત્યારે વર્જિન ગ્રૂપ દ્વારા વર્ષ ૨૦૨૨માં એની શરૂઆત કરવાની જાહેરાત થતાંની સાથે જ એક-બે નહીં, પૂરા ૬૦૦ લોકોએ અવકાશયાત્રા માટે પૈસા જમા કરાવ્યા છે. જો કંપની કૉમર્શિયલ યાત્રા શરૂ કરશે તો એક ટિકિટની કિંમત લગભગ ૨.૫૦ લાખ ડૉલર સુધી હશે.

સરવાળે જોવા જઈએ તો હવે માનવની મહત્ત્વાકાંક્ષા અવકાશને આંબવા સુધી પહોંચી ચૂકી છે. રશિયા, ચીન પછી અમેરિકા અને એની સ્પેસ એજન્સીઝના જોખમી અવકાશી ખેડાણોનો સાદો સીધો અર્થ હવે એટલો જ કે ધંધારોજગારની તકો હવે અવકાશને આંબી રહી છે. કુદરત અને વિજ્ઞાન વચ્ચેની આ હોડમાં પૃથ્વીવાસી આપણા સૌનું શું થશે એ તો આવનારો સમય જ બતાવશે. અત્યારે તો સામાન્ય જન માટે મોંઘીદાટ અવકાશયાત્રાનું એક સોનેરી સપનું સિદ્ધ થવાની દિશામાં વિક્રમ રચનારી ટીમના એક સભ્ય તરીકે સિરીષા બાંદેલાને અભિનંદન અને શુભેચ્છાઓ. ■

# કચ્છનાં ગામોનાં નામોની પણ છે અનોખી ગાથા

**જેવી રીતે કચ્છની સંસ્કૃતિ, પહેરવેશ, ખોરાક વગેરે પર અહીંની પ્રકૃતિનો પ્રભાવ જોવા મળે છે તેવી જ રીતે ગામનાં નામો પર પણ પ્રકૃતિનો પ્રભાવ સહેલાઈથી જોઈ શકાય છે. અનેક ગામોનાં નામો સ્થાનિક વનસ્પતિ, નદી, ડુંગર આધારે છે. સંસ્કૃત ભાષા આધારિત નામો પણ જોવા મળે છે.**

suchita@sambhaav.com

શેક્સપિયરનું એક પ્રસિદ્ધ વાક્ય છે, 'નામમાં શું રાખ્યું છે?' નામનું કોઈ મહત્ત્વ નથી તેમ કહેવા છતાં તેઓ પોતે પણ નામ અને નામના મોહમાંથી મુક્ત થઈ શક્યા ન હતા, તે અલગ વાત છે. દરેક નામ પછી તે મનુષ્યનું હોય કે કોઈ પ્રાણી, પક્ષી કે સજીવનું હોય, આગવું મહત્ત્વ ધરાવે છે. આવું જ છે ગામના નામ બાબત. પોતાના ગામના નામનું મહત્ત્વ દરેક વ્યક્તિ માટે હોય જ છે. કચ્છ અનેક વિશિષ્ટતા ધરાવતો પ્રદેશ છે. અહીંના ગામનાં નામો પણ વિશિષ્ટ છે. જેવી રીતે કચ્છની સંસ્કૃતિ, પહેરવેશ, ખોરાક વગેરે પર અહીંની પ્રકૃતિનો પ્રભાવ જોવા મળે છે તેવી જ રીતે ગામનાં નામો પર પણ પ્રકૃતિનો પ્રભાવ સહેલાઈથી જોઈ શકાય છે. અનેક ગામોનાં નામો સ્થાનિક વનસ્પતિ, નદી, ડુંગર આધારે છે. સંસ્કૃત ભાષા આધારિત નામો પણ જોવા મળે છે. અહીંનાં ગામોનાં નામો પર સ્થાનિક જમીનના પ્રકારો, ભૂરચના, જળાશયો વગેરેનો પણ પ્રભાવ જણાઈ આવે છે.

કચ્છના ગામોનાં નામો વિશે વિશિષ્ટ સંશોધન કચ્છ ઈતિહાસ પરિષદના સ્થાપક સભ્યો પૈકીના એક એવા જગદીશચંદ્ર છાયાએ કર્યું છે. તેમણે ગામોનાં નામો વિશે વિગત જાણવા માટે અખિલ કચ્છ નિબંધ સ્પર્ધા રાખી હતી. તે સ્પર્ધામાં આવેલા નિબંધોમાંથી પણ તેમને અઢળક વિગતો મળી હતી. તે વિગતો પર કરાયેલા સંશોધનના નિચોડરૂપે તેમણે કચ્છના મોટા ભાગનાં ગામના નામ પાછળનું કારણ જાણવાનો સબળ પ્રયત્ન કર્યો છે.

આ તદ્દન અલગ જ વિષય પર કેમ કામ આદર્યું તેવા પ્રશ્નના જવાબમાં તેઓ જણાવે છે કે, 'કચ્છના મેઘાણી મનાતા દુલેરાય કારાણીએ વર્ષ ૧૯૭૯માં કચ્છનાં ગામોના નામકરણ અંગે સંશોધન આદરવા વિચાર્યું હતું. તેના અનુસંધાને તેમણે લોકો પાસેથી વિગતો માગતી એક નોંધ તે સમયનાં અખબારોમાં છપાવી હતી, પરંતુ તેમને કોઈએ વિશેષ સાથ સહકાર આપ્યો ન હતો. કારાણીજીએ મને આ કામ કરવાની પ્રેરણા, આદેશ આપીને કામ પૂરું કરવા આશીર્વાદ આપ્યા હતા. ત્યારથી મેં આ અંગે કામ કરવાનું શરૂ કર્યું હતું. મારા મોટાભાઈ જનાર્દનભાઈના સ્મરણાર્થે વર્ષ ૧૯૮૨-૮૩માં મેં 'ગામ ગાથા' નામની એક ઈનામી નિબંધ સ્પર્ધા રાખી હતી. મને તેનો ખૂબ સારો પ્રતિભાવ મળ્યો અને અનેક ગામોમાંથી અનેક લોકોએ પોતાના ગામની ગાથા લખીને નિબંધો મોકલાવ્યા. ત્યાર પછી

ઇન્ટરનેટ અને ફેસબુકના યુગમાં મેં 'ગામ ગાથા' નામનું વૈશ્વિક ફેસબુક ગ્રૂપ બનાવ્યું છે. તેમાં પણ મને ભારે સફળતા મળી રહી છે. લોકો વિવિધ ગામોનાં નામ પાછળનાં કારણો શેઅર કરે છે. તેથી મારી પાસેની માહિતીમાં ઉમેરો થતો જાય છે. જોકે હજુ મારું સંશોધન સંપૂર્ણ થયું નથી. હજુ વીસેક ટકા ગામોના નામકરણ વિશે જાણવાનું બાકી છે.'

તેઓ પોતાના સંશોધનનો નિચોડ વર્ણવતા કહે છે કે, 'કચ્છનાં ગામોનાં નામો સામાન્ય રીતે વ્યક્તિવાદી હોવાની એક માન્યતા હતી, પરંતુ મારી પાસે એકઠી થયેલી માહિતી જોતા મને ખ્યાલ આવ્યો કે ૬૦ ટકા જેટલાં નામો તો પ્રકૃતિ પ્રભાવિત છે. ૪૦ ટકા જેટલાં જ નામો વ્યક્તિવિશેષથી પ્રભાવિત છે. મોટા ભાગનાં નામો વનસ્પતિ, જળ, જળાશયો, પવન, વૃક્ષો, ડુંગરો, પશુઓ, પ્રાણીઓ, પક્ષીઓ વગેરેના કારણે પડ્યા છે. અમુક ગામોનાં નામો જ્ઞાતિ પરથી પણ પડ્યા છે. તો અમુક નામો પર સ્વાદ તથા અંકોનો પ્રભાવ પણ જણાય છે.'

વિગતવાર વાત કરતાં તેઓ જણાવે છે કે, 'વા, આણા, આણી, વાણા, વાણી, આરા (આળા), આરી (આળી) જેવા અક્ષરો સાથે પૂરા થતાં નામો પર વનસ્પતિનો પ્રભાવ જોવા મળે છે. જેમ કે પલાંસવા (પલાશ કે પલાસ વૃક્ષ), ચોપડવા (ચોપડ કંઢો), સણવા (સણિયું ઘાસ), ટિંડલવા (ટીંડોળા), વડાલા, વડાલી, વડવા અને વડલી (વડ), પીપર (પીપળો), કટારિયા (કટારી), કપાયા (કપા-કપાસ), બેરાજા, બોરિયા, બોરાણા અને બેરૂ (બોર), ડાભુંડા, ધ્રોબાણા, ધ્રંગ, ધ્રબ, ધ્રબુડી અને દબડા (દર્ભ નામના ઘાસ પરથી), મૌઆણા અને મહુ(મહુડો), લોદ્રાણી (લોદ્ર), તેવી જ રીતે લૈયારી કે લૈયારા (લૈં નામની વનસ્પતિ), મોથાળા (મોથ), મિંઢીયારી (મીંઢી આવળ), ભીરંડિયારા (ભીંડી), મારીંગણા (રીંગણી), ગુંદાલા (ગુંદા), થારિયાળી (થોર), ખાખર (ખાખરા), અરણિયાળા (અરણી), આમલિયારા (આમલી), તલવાણા (તલ), મંગવાણા (મગ), નલિયા (નલી નામની વનસ્પતિ) વગેરે ગામોનાં નામો પર વનસ્પતિનાં નામોનો ચોખ્ખો પ્રભાવ જણાઈ આવે છે. રાપર અને ભચાઉ તાલુકામાં ખડીર મહાલ છે. આ ખડીર શબ્દ પણ વનસ્પતિ ઉપરથી જ આવ્યો છે. ખદિર કે ખેર નામનું ઝાડ અહીં થાય છે. કંઢા નામની વનસ્પતિ

પરથી આવ્યું છે કંઢેરાઈ નામ. રતડ- લાલ જુવાર પરથી ગામનું નામ આવ્યું છે રતડિયા. આ ગામના મેળામાં દારાસિંઘે ૨૦ કુસ્તીબાજો સાથે કુસ્તી લડી હોવાનું કહેવાય છે.'

આવી જ રીતે પ્રાણી, પક્ષીઓનાં નામનો પ્રભાવ પણ ગામનાં નામો પર જોવા મળે છે. તેઓ જણાવે છે કે, 'કુકડાઉ નામ કુકડા પરથી અને કબરાઉ કાબર પર પડેલું છે. પશુડા ગામમાં એક જમાનામાં ખૂબ વધુ પશુધન હોવાની શક્યતા છે. ગોધરા ગામનું નામ પણ ત્યાંના ગૌધનના કારણે પડ્યું હશે. તેવી જ રીતે ઘોડાલખ ઘોડા પરથી, મોર પરથી ઘણા ગામો કચ્છમાં છે જેમ કે મોરાય, મોરગર, મોરઝર, મોમાયમોરા. વીંછી પરથી વિંછિયા અને કીડી પરથી કીડિયાનગર જેવાં નામો સજીવસૃષ્ટિ પરથી પડ્યા છે.'

રાપર તાલુકામાં આવેલા વ્રજવાણી ગામની વાત થોડી અનોખી છે. આહીરોની વસતી ધરાવતા એક ગામમાં આવી ચઢેલા ઢોલીના ઢોલના તાલે રાત-દિન રાસ રમનારી ૧૪૦ જેટલી આહીરાણીઓએ સર્જેલા વ્રજધામની યાદમાં ગામનું નામ વ્રજવાણી નામ રખાયું છે. ઢોલીને રોષે ભરાયેલા આહીરોએ લાકડી મારીને મારી નાખ્યો, તેના શોકમાં આહીરાણીઓ સતી થઈ હતી. જ્યારે બન્ની નામ ત્યાં ઊગતા ભનઈ નામના ઘાસ પરથી પડ્યું હોવાની શક્યતા છે. ભનઈનું થયું બનઇ અને તેમાંથી થયું બન્ની. આસાબા પીરની યાદમાં ગામનું રખાયું આસંબિયા, ભધડ સંઘારે વસાવેલું ગામ બન્યું બીદડા. ભધડ પરથી ભધડા અને તેમાંથી બીદડા.

ધ્રો શબ્દનો અર્થ થાય છે બૂડી જવાય તેવી પાણીવાળી જગ્યા. તેના પરથી ગામનાં નામો છે બુડ્ધ્રો, સુડ્ધ્રો, પાનધ્રો. તરા શબ્દનો અર્થ છે તળાવ, તેના પરથી તરા મંજલ, સામત્રા, મોચીરાઇ (મોચી તરાઇ). મોચીરાઇ એટલે મોચીઓએ જ્યાં ચામડાં કમાવ્યા હોય તે તળાવ. લાખા ફુલાણી નામના રાજાની એક રાણી કેર જાતિમાંથી આવી હતી, આથી ગામનું નામ રખાયું કેરા. આ ગામમાં આજે પણ કેરડાંનાં ઝાડ ઘણા છે. કેરડાંને કચ્છીમાં કેર કહેવાય છે. આથી તેના પરથી પણ ગામનું નામ આવ્યું હોવાની શક્યતા છે.

પાદર શબ્દ પરથી પણ ગામનાં નામો છે. પધ્ધર, કૂવાપધ્ધર, વાડાપધ્ધર. માતાજીના મઠ કે મઢ પરથી માતાના મઢ ગામનું નામ પડ્યું છે. તો હરિપર, રામપર, લક્ષ્મીપર જેવાં ગામોનાં નામો ભગવાનના નામે પડ્યા છે. સુખ અને કલ્યાણની ભાવનાના આધારે બન્યા છે સુખપર અને કલ્યાણપર. મહાત્મા ગાંધીજીના નામે ગાંધીગ્રામ છે. જવાહરલાલ નહેરુએ વસાવેલું જવાહરનગર પણ છે. કચ્છના રાજવીઓ ખેંગારજી, હમીરજી, મોડજીના નામે ખેંગારપર, હમીરપર, મોડપર છે. માધાભાઈ કાનજી સોલંકીએ વસાવેલું ગામ આજે માધાપર તરીકે ઓળખાય છે.

જ્ઞાતિઓ પરથી પણ ગામનાં નામો છે. આહીર પરથી ઐયાર અને કુંભાર પરથી કુંભારડી. સઇ નામની જ્ઞાતિના નામથી તે જ નામનું ગામ છે. કોટડા ગામનું નામ કોટ નામની વનસ્પતિ આધારિત હોવાની શક્યતા છે. ગામના નામ પર સંસ્કૃતનો પ્રભાવ પણ જોઈ શકાય છે. બિબ્બર નામનું ગામ નખત્રાણા તાલુકામાં છે. સંસ્કૃત શબ્દ બિબ્બરનો અર્થ બાવળ થાય છે. તેવી જ રીતે અરલ શબ્દનો અર્થ લીમડો થાય છે. અરલ



નામનું ગામ છે. સ્વાદ પરથી અમુક ગામનાં નામો છે - ખારોઈ, મીઠી, ખારી વગેરે. જે ગામમાં ખોદકામ દરમિયાન ધન ભરેલા ચરુ મળી આવ્યા હતા તેનું નામ છે કુંદરપર.

કચ્છને દરિયાઈ વેપાર સાથે પરાપૂર્વથી સંબંધ છે. આથી જ અનેક ગામનાં નામો તેના આધારે પણ પડાયા છે. જેમ કે બાડા.. સમુદ્રનું બારૂં, ડોણ ગામના નામનો પણ આવો જ અર્થ થાય છે.

મહેશ્વરી મેઘવાળ સમાજના ધર્મસ્થળ ત્રૈંઈજારના નામ પાછળ એક કથા છે. ધર્મગુરુ માતંગ દેવે નદીના કિનારે લાંબો સમય તપસ્યા કરી, પછી એક દિવસ દાતણ કરીને ડાળીના ત્રણ પાંખિયા કરીને જમીનમાં રોપ્યા. વખત જતાં ત્રણ ડાળીવાળું ઝાડ બન્યું અને તેમાં ત્રણ રંગના પીલુ પાક્યા. તેથી તે ગામ બન્યું ત્રૈંઈજાર.

જમીનના પ્રકાર પરથી પણ ગામનાં નામો પડ્યા છે. ખારા ભૂભાગવાળાં ગામો ખારી, ખારોઈ, ખારી રોહર, ખારડિયા. તડ એટલે પર્વતીય પ્રદેશ. ગોધાતડ, નુંધાતડ, રોહાતડ. તેવી જ રીતે મીઠી પરથી મીઠી રોહર, જ્યારે તલ એટલે જ્યાં બારેમાસ ઘાસ પાણી મળી રહેતું હોય તેવો પ્રદેશ- તલ, તલવાણા. રતાશ પડતા પથ્થરને કચ્છીમાં ટોડા કહેવાય તેના પરથી ટોડા અને ટોડિયા નામના ગામ છે. મોરા શબ્દ ઉચ્ચ પ્રદેશ સૂચવે છે. મોરાય, ઉખડ મોરા, બુઢાર મોરા, મોમાય મોરા. ભિટ્ટ એટલે ટેકરી.. સુરલભીટ્ટ, કકડભીટ્ટ, ભીટ્ટારા. તુગા શબ્દ પર્વતીય વિસ્તારનો સૂચક છે તેથી ગામો તુગા, ટગા.

ખારા પાણીવાળા તળાવવાળું ગામ ખારી તળાવડી, કાળા પાણીવાળું ગામ કાળી તળાવડી તો રાતી જમીનવાળું ગામ રાતી તલાવડી અને રતનાલ. નાલ શબ્દનો અર્થ પાણીનો પ્રવાહ કે નાળું એવો પણ થાય છે. કૂવા કે વાવ પરથી પણ ગામનાં નામો પડ્યા છે. જેમ કે મુંધવાવ, શેલારી, કૂવાપધ્ધર, નથ્થરકુઈ, માનકુવા, ખુઅડો, વાવડી, ભરીવાવ, મધવાવ, રામવાવ, ખારીવાવ, કંઢાવાવ, ખારાકૂવા. જે પ્રદેશ આસપાસ સર્વત્ર જળ હોય તે પ્રદેશને સંસ્કૃતમાં નાન્યતર જાતિમાં અનૂપ અને નર જાતિમાં કચ્છ કહે છે. આમ કચ્છનું નામ પોતે જ જળ આધારિત છે. કચ્છમાં ગામેગામ તળાવ છે. અબડાસા તાલુકાના તેરા ગામે ત્રણ એકબીજા સાથે જોડાયેલા તળાવ છે. તેથી તેને ત્રિતેરા-ત્રેતરા તરીકે ઓળખાય છે. તેથી ગામનું નામ તેરા પડ્યું હોવાની માન્યતા છે.

કચ્છમાં એકાક્ષરનું પણ ગામનું નામ છે - ડાં. આ ગામનું મૂળ નામ તો છે દાહ, પરંતુ કચ્છ દનો ઉચ્ચાર ડ કરે છે તેથી દાહનું થઈ ગયું ડાં. દાહ શબ્દ પણ વનસ્પતિ પ્રભાવિત છે.

કચ્છમાં દસ તાલુકા મથક છે. દરેકનાં નામ પાછળ પણ અર્થસભર કહાણી છે. ભુજનું નામ જ ભુજંગ નાગ પરથી પડ્યું છે. ભુજિયા ડુંગર પર ભુજંગદાદાની દેરી પણ છે. મુન્દ્રા શબ્દની ઉત્પત્તિ કચ્છી શબ્દ મોહનધ્રો (મોનધરો) પરથી થઈ હોવાની માન્યતા છે. મોહનધ્રોમાંથી મોનધરો, તેમાંથી મોંદરો અને છેવટે મુન્દ્રા. માંડવી શબ્દ જકાત માટે અને જકાત લેવાની-નોંધાવવાની જગ્યા માટે વપરાતો. માંડવીમાં દરિયાઈ વેપાર મોટા પ્રમાણમાં થતો. તેથી તેના માટે માંડવી શબ્દ વપરાયો હશે. રાપરમાં એક જમાનામાં સર્પોનો ખૂબ ત્રાસ હતો. તેથી ગામને સાપર નામ અપાયું હતું. તેમાંથી રાવપર અને તેમાંથી થયું રાપર. લખપત ગામનું નામ તેની જાહોજલાલીનું સૂચક છે. ત્યાં દરિયાઈ વેપારના કારણે લાખો કોરીની આવક હતી. અબડાસા નામ અબડા અડભંગ પરથી પડ્યું છે. અંજારનું નામ અજમેરના રાજાના ભાઈ અજેપાળ ચૌહાણના નામ પરથી પડ્યું છે. તેઓ સંવત ૮૬૨માં અહીં આવીને વસ્યા હોવાનું મનાય છે. તો અન્ય એક માન્યતા મુજબ આ નગરમાં અન્ન અને પાણીના ભંડાર હતા. તેના બજારમાં ખૂબ મોટાપાયે અનાજનો વેપાર થતો. આથી અન્ન બજાર પરથી પડ્યું અંજાર નામ. નખત્રાણા માટે કહેવાય છે કે તેની નોંધ રાજના ચોપડામાં ન હતી. આથી તે 'ન ખતાણું' હતું. આમ ન ખતાણું તે નખત્રાણા બન્યું. આઝાદી પછી વસેલું ગાંધીધામ મહાત્મા ગાંધીજીના નામે છે. તેનું પહેલા નામ સરદારગંજ રખાયું હતું. એક માત્ર તાલુકા મથક ભચાઉનું નામ કેમ પડ્યું તેના વિશે અવઢવ છે. કદાચ કોઈ ભચાભાઈ નામની વ્યક્તિની સ્મૃતિમાં તે ભચાઉ કહેવાતું હશે.

કચ્છમાં 'ઈન્ટરનેટ' નામનું ગામ પણ છે!

અંતરજાળ ગામનું નામ પીલુડાના નામ પરથી છે. પીલુને કચ્છીમાં જાર - જાળ પણ કહેવાય છે. જોકે આ વિશે એક નવતર અર્થઘટન પણ કરી શકાય તેમ છે. ઈન્ટરનેટ તો છેલ્લા થોડા સમયમાં દુનિયાભરમાં છવાયું છે, પરંતુ કચ્છમાં તો વર્ષો પહેલાં તે નામનું ગામ છે - અંતર એટલે ઈન્ટર અને જાળ એટલે નેટ. આમ કચ્છમાં ઈન્ટરનેટ નામનું ગામ પણ હોવાનું કહી શકાય. ■

**ગામોનાં નામો વિશે વિગત જાણવા માટે અખિલ કચ્છ નિબંધ સ્પર્ધા રાખી હતી. તે સ્પર્ધામાં આવેલા નિબંધોમાંથી પણ તેમને અઢળક વિગતો મળી હતી**

**જગદીશચંદ્ર છાયા,**
સભ્ય, કચ્છ ઇતિહાસ પરિષદ

# આરટીઇ અંતર્ગત શિક્ષણમાં જાગૃતિ, પણ... ગરીબો સારી શાળાઓથી વંચિત

**શિક્ષણ ક્ષેત્રમાં આવેલી જાગૃતિના અનુસંધાનમાં લોકો હવે પોતાના બાળકોને શિક્ષણ અપાવવા માટે આરટીઇ (રાઇટ ટુ એજ્યુકેશન) હેઠળ પ્રવેશ મેળવવા જાગૃત બન્યા છે. મહત્ત્વની વાત એ છે કે ચાલુ વર્ષે રાજ્યના શહેરી વિસ્તારોમાંથી પણ આરટીઇ હેઠળ પ્રવેશ મેળવવા અરજીઓ આવી છે. આરટીઇ અંતર્ગત ધોરણ-૧થી ૮ના ગરીબ પરિવારનાં બાળકોને ખાનગી શાળાઓમાં પ્રવેશ આપવામાં આવે છે.**

*hetalrao@sambhaav.com*

રાજ્યમાં ગરીબ અને મધ્યમવર્ગનાં બાળકોને મફતમાં શિક્ષણ મળી રહે તેવા હેતુસર રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૯માં રાઇટ ટુ એજ્યુકેશન એટલે કે આરટીઇ અંતર્ગત શિક્ષણ માટેનો કાયદો અમલમાં મૂક્યો હતો. આ વર્ષે શિક્ષણ વિભાગમાં આરટીઇ હેઠળ ધોરણ એકમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા ૧ લાખ ૮૧ હજાર ૧૦૮ વિદ્યાર્થીઓએ અરજી કરી છે. જો ગત વર્ષની વાત કરીએ તો રાજ્યમાંથી ૨,૦૪,૪૨૦ અરજીઓ શિક્ષણ વિભાગને મળી હતી. જેમાંથી ૧,૧૯,૬૯૭ વિદ્યાર્થીઓને જ પ્રવેશ મળ્યો હતો. રાઇટ ટુ એજ્યુકેશન અંતર્ગત અમદાવાદ શહેર વિસ્તારમાં સૌથી વધુ અરજીઓ પ્રાપ્ત થઈ છે. રાઇટ ટુ એજ્યુકેશન વિભાગ દ્વારા મળતી માહિતી પ્રમાણે રાજ્યમાં સૌથી વધુ અમદાવાદ કોર્પોરેશન વિસ્તારમાં ૩૦,૪૮૨ જેટલી અરજી શિક્ષણ વિભાગને મળી છે. જેમાંથી ૧૨ હજાર જેટલા વિદ્યાર્થીઓની અરજીનો સ્વીકાર કરવામાં આવ્યો છે. એટલે કે બીજા વિદ્યાર્થીઓની અરજી મંજૂર નથી થઈ શકી. હવે આ ગરીબ વિદ્યાર્થીઓ આગળ અભ્યાસ કરી શકશે કે કેમ તે પણ એક પ્રશ્ન છે. જ્યારે સૌથી ઓછી અરજીઓ ડાંગ જિલ્લામાંથી કરવામાં આવી છે. એટલે કે ૪૭ અરજી જ ડાંગ જિલ્લાની છે.

**રાઇટ ટુ એજ્યુકેશન વિભાગ દ્વારા મળતી માહિતી પ્રમાણે રાજ્યમાં સૌથી વધુ અમદાવાદ કોર્પોરેશન વિસ્તારમાં ૩૦,૪૮૨ જેટલી અરજી શિક્ષણ વિભાગને મળી છે**

સમગ્ર રાજ્યની વાત કરીએ તો અમદાવાદ જિલ્લામાંથી ૫૧૦૬ અને અમદાવાદ શહેરમાંથી ૩૦,૪૮૨ અરજી કરવામાં આવી હતી. બનાસકાંઠામાંથી ૩૩૮૨, ભરૂચ ૩૯૨૮, ભાવનગર ૩૫૫૮, ભાવનગર કોર્પોરેશન ૩૬૯૩, બોટાદ ૨૧૮૧, છોટાઉદેપુર ૬૬૭, દાહોદ ૧૯૭૮, ડાંગ ૪૭, દેવભૂમિ દ્વારકા ૧૯૫૨, ગાંધીનગર ૩૪૭૫, ગાંધીનગર કોર્પોરેશન ૮૭૯, ગીર સોમનાથ ૩૨૮૮, જામનગર ૨૫૩૧, જામનગર કોર્પોરેશન ૩૮૨૭, જૂનાગઢ ૫૧૩૩, ખેડા ૩૨૫૯, કચ્છ ૪૪૩૨, મહેસાણા ૩૬૪૦, મહીસાગર ૧૦૦૧, મોરબી ૪૧૭૮, નર્મદા ૫૨૯, નવસારી ૧૯૪૬, પંચમહાલ ૨૧૭૦, પાટણ ૨૨૧૩, પોરબંદર ૧૮૬૩, રાજકોટ ૮૨૩૮, રાજકોટ કોર્પોરેશન ૧૧૮૬૩,

## ખરેખર અગ્રતાક્રમ પ્રમાણે પ્રવેશ મળે છે..?

આરટીઇ અંતર્ગત અનાથ બાળકો, સંભાળ અને સંરક્ષણની જરૂરિયાતવાળા બાળકો, બાળગૃહનાં બાળકો, બાળમજૂર, સ્થળાંતરિત મજૂરનાં બાળકો, મંદ બૃદ્ધિ, સેરેબ્રલ પાલ્સી ધરાવતાં બાળકો, ખાસ જરૂરિયાતવાળા બાળકો, શારીરિક રીતે વિકલાંગ ધારા-૨૦૧૬ની કલમ ૩૪(૧)માં દર્શાવ્યા પ્રમાણેનાં તમામ દિવ્યાંગ બાળક, એન્ટિ-રેટ્રોવાયરલ થેરેપીની સારવાર લેતાં બાળકો, ફરજ દરમિયાન શહીદ થયેલા લશ્કરી, અર્ધ લશ્કરી, પોલીસદળના જવાનનાં બાળકો, માતા-પિતાને એકમાત્ર સંતાન હોય, રાજ્ય સરકાર હસ્તકની સરકારી આંગણવાડીમાં અભ્યાસ કરતાં બાળકો, ૦થી ૨૦ આંક ધરાવતા તમામ કેટેગરીના એટલે કે એસસી, એસટી, ઓબીસી, જનરલ તથા અન્ય બીપીએલ કુટુંબનાં બાળકો, અનુસૂચિત જાતિ એસસી અને અનુસૂચિત જનજાતિ કેટેગરીનાં બાળકો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અન્ય પછાત વર્ગ વિચરતી અને વિમુક્ત જાતિનાં બાળકો, જનરલ કેટેગરી, બિન અનામત વર્ગનાં બાળકોને પ્રવેશની અગ્રતા આપવાની હોય છે.

સાબરકાંઠા ૧૯૯૯, સુરત કોર્પો. ૨૪,૧૬૩, સુરેન્દ્રનગર ૪૧૯૧, તાપી ૬૮૯, વડોદરા ૩૬૩૩, વડોદરા કોર્પોરેશન ૮૪૦૫ અને વલસાડમાંથી ૧૫૮૨ અરજી આરટીઇ દ્વારા પ્રવેશ મેળવવા કરવામાં આવી હતી, પરંતુ આ સમગ્ર અરજીમાંથી માત્ર ૨૫ ટકા બેઠકો પ્રમાણે જ વિદ્યાર્થીઓને પ્રવેશ મળી શક્યો છે.

જ્યારે રાજ્યના મહત્ત્વનાં શહેરોની પણ વાત કરીએ તો આ વર્ષે ત્યાં પણ આરટીઇ દ્વારા પ્રવેશ મેળવવા માગતા વિદ્યાર્થીઓનું લિસ્ટ ઘણુ લાંબું છે. અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, જામનગર અને ભાવનગર શહેરમાંથી જ આરટીઇ માટે કુલ ૮૩,૨૮૫ અરજીઓ મળી હતી. જેમાં અમદાવાદ કોર્પોરેશન વિસ્તારમાં ૩૦૪૨૮, સુરત કોર્પોરેશન વિસ્તારમાંથી ૨૪,૧૬૩ રાજકોટ કોર્પોરેશન વિસ્તારમાંથી ૧૧૮૬૩, વડોદરા કોર્પોરેશન વિસ્તારમાંથી ૮૪૦૫, ભાવનગર કોર્પોરેશનમાંથી ૩૬૯૩, જામનગર કોર્પોરેશન વિસ્તારમાંથી ૩૮૨૭ અને ગાંધીનગર કોર્પોરેશન વિસ્તારમાંથી ૮૭૯ અરજીઓ કરવામાં આવી છે. જો આ સમગ્ર આંકડા પર નજર નાંખીએ તો સ્પષ્ટ થાય છે કે, અમદાવાદમાં ૩૦,૪૮૨ એટલે કે સૌથી વધુ અરજીઓ રાઇટ ટુ એજ્યુકેશન અંતર્ગત પ્રાપ્ત થઈ છે.

આ વિશે 'અભિયાન' સાથે વાત કરતાં અમદાવાદ શહેરના જિલ્લા શિક્ષણ અધિકારી હિતેન્દ્રસિંહ પઢેરિયા કહે છે, 'બાળકો ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવી શકે તેના માટે સરકાર દ્વારા આરટીઇ એટલે કે રાઇટ ટુ એજ્યુકેશનનું આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષે અમદાવાદમાં લગભગ દસથી બાર હજાર સીટો હોય છે, ૨૫ ટકા પ્રમાણે દરેક શાળાઓમાં જે સીટો હોય તેના પ્રમાણે ભરવાની હોય છે. આ વર્ષે પણ સરકારે જે પ્રાયોરિટી નક્કી કરી છે તે રીતે બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો છે. આ પ્રોસેસ ઓનલાઇન છે, માટે તેમાં નિરપેક્ષતા હોય તે સ્વાભાવિક છે. હવે ધીમે-ધીમે લોકો વધુ જાગૃત બન્યા છે અને અરજી વધુ પ્રમાણમાં થાય છે. ખાનગી શાળાઓમાં જે સીટ નક્કી કરવામાં આવી હોય તે પ્રમાણે બાળકોને પ્રવેશ પણ આપવામાં આવે છે.'

તો વળી વડોદરાના સામાજિક સંસ્થાના પ્રમુખ પ્રદીપ સરવૈયા કહે છે કે, 'આરટીઇ દ્વારા એવા બાળકોને પ્રવેશ આપવાનો હોય છે જે બાળક ગરીબ હોય અને અભ્યાસ કરવા સક્ષમ ના હોય, પરંતુ આ પદ્ધતિનો ઉપયોગ યોગ્ય રીતે કરવામાં આવતો નથી. ખાસ કરીને વધુ ફીવાળી ખાનગી શાળાઓમાં એવા બાળકો પ્રવેશ મેળવી લે છે, જે સામાન્ય રીતે શાળાઓમાં અભ્યાસ કરવા માટે સક્ષમ હોય છે. તેમના પરિવારજન તેમને કોઈ પણ શાળામાં અભ્યાસ કરાવી શકે છે. છતાં પણ માતા-પિતા મોંઘી શાળાના મોહમાં આરટીઇમાં ફોર્મ ભરી એવા બાળકની સીટ મેળવી લે છે, જે ગરીબ હોય છે, ભણવા માટે સક્ષમ નથી. આરટીઇ અંતર્ગત શિક્ષણ મેળવવા માટે સરકારના માર્ગદર્શનથી જાગૃતિ જરૂર આવી છે, પરંતુ શાળાઓમાં આરટીઇ હેઠળ ૨૫ ટકાની સીટ જરૂરિયાતમંદ બાળકોને મળી હોય એવા કિસ્સા મારી દૃષ્ટિએ ઘણા ઓછા છે.'

**હવે ધીમે-ધીમે લોકો વધુ જાગૃત બન્યા છે અને અરજી વધુ પ્રમાણમાં થાય છે. ખાનગી શાળાઓમાં જે સીટ નક્કી કરવામાં આવી હોય તે પ્રમાણે બાળકોને પ્રવેશ પણ આપવામાં આવે છે**

**બાળકો ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવી શકે તેના માટે સરકાર દ્વારા આરટીઇ એટલે કે રાઇટ ટુ એજ્યુકેશનનું આયોજન કરવામાં આવ્યું છે**

**હિતેન્દ્રસિંહ પઢેરિયા,**
જિલ્લા શિક્ષણ અધિકારી, અમ. શહેર

જ્યારે એક વાલી નામ - મહેશ પ્રજાપતિ કહે છે, 'અમને અમારા બાળક માટે ઓનલાઇન ફોર્મ ભરાવ્યું હતું એ પણ પૈસા આપી, અમે તો મજૂરી કરી જીવન પસાર કરી નાંખ્યું, હવે બાળકનું જીવન સારું બને એ માટે આ પ્રયત્ન કર્યો, પરંતુ ફોર્મ કોઈ કારણસર અધૂરું છે, માટે તેનો સ્વીકાર કરવામાં આવ્યો નહીં. હવે તો અમારા જેવા બાળકોનાં સંતાનો તો સારી શાળાઓમાં અભ્યાસ કરી જ નહીં શકે. સરકારે ભલે સારા આયોજન સાથે આરટીઇની શરૂઆત કરી, પરંતુ તેનો લાભ કોને મળે છે તે તો હવે રામ જાણે.'

એકબાજુ શહેરી વિસ્તારોમાં પણ ગરીબીરેખા નીચે જીવતા હોય અને જે લોકો પોતાનાં બાળકોને અભ્યાસ કરાવવા ઇચ્છતા હોય એવા લોકોમાં રાઇટ ટુ ઇન્ફોર્મેશનને લઈને જાગૃતિ જોવા મળી રહી છે, તો બીજી બાજુ જાગૃતિ આવવા છતાં અને ફોર્મ ભરવા છતાં પણ ગરીબ બાળકો સારી શાળાઓમાં અભ્યાસ કરવા જઈ શકતા નથી. હવે આનો અર્થ તો એ જ થયો કે રાજાનો દીકરો રાજા બને અને પ્રજાને પ્રજા બનીને જ રહેવાનું, પછી ભલે તે રાજાથી વધુ હોશિયાર હોય, કેમ ખરું ને..? ■

# અય મેરે દિલ કહીં ઓર ચલ...

# 'ટ્રેજેડી કિંગ'ની વિદાય...



તાજેતરમાં ૯૮ વર્ષીય દિલીપ કુમારનું હિન્દુજા હૉસ્પિટલમાં નિધન થયું, એ સાથે ભારતીય સિનેમાના એક યુગનો અંત આવી ગયો છે. એમને મુંબઈના જૂહુ કબ્રસ્તાનમાં સંપૂર્ણ રાજકીય સન્માન સાથે સુપુર્દ-એ-ખાક કરવામાં આવ્યા. ભારતીય સિનેમાના પહેલા ખાન, યુસુફ ખાનને સત્યજિત રે જેવા દિગ્ગજ એક મેથડ એક્ટર તરીકે ઓળખાવતા. સૌથી વધુ વાર શ્રેષ્ઠ અભિનેતાનો ફિલ્મફેર ઍવૉર્ડ જીતનારા દિલીપ કુમાર એ પહેલી વ્યક્તિ હતા જેમને દેશનો પહેલો ફિલ્મફેર ઍવૉર્ડ મળ્યો હતો. તેમની અદાકારી અને ખાસ તો સંવાદ બોલવાની અનોખી અદાને લીધે ઘણી ખ્યાતિ મળી હતી. દિલીપ કુમારને ૧૯૯૧માં પદ્મભૂષણ અને ૨૦૧૬માં ભારતના બીજા નંબરના સૌથી મોટા નાગરિક સન્માન પદ્મવિભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પહેલાં ૧૯૯૫માં એમને દાદા સાહેબ ફાળકે ઍવૉર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

૧૧ ડિસેમ્બર ૧૯૨૨ના રોજ પાકિસ્તાનના પેશાવરમાં જન્મેલા યુસૂફ ખાન ઉર્ફે દિલીપ કુમાર પોતાનાં માતા-પિતાનાં ૧૩ સંતાનોમાંથી ત્રીજા સંતાન હતા. તેમનો જન્મ બ્રિટિશ ઇન્ડિયાના એક ભાગ એવા, હાલ પાકિસ્તાનમાં આવેલા પેશાવરના ખ્વાજા બજારમાં થયો હતો. યુસુફ ખાનના માતાનું નામ આયશા બેગમ અને પિતાનુ નામ લાલા ગુલામ સરવર ખાન હતું. તેમના પિતા ફળોના વેપારી હતા, પરંતુ પોતાના પિતા સાથે ઝઘડો થયા પછી યુસુફે ઘર છોડી દીધું અને પૂણે જતા રહ્યા. ઉર્દૂ લેખનની સારી જાણકારીના કારણે શરૂઆતમાં યુસુફ ખાને પટકથા લેખનનું કામ કર્યું.

બોમ્બે ટોકિઝના દેવિકા રાનીએ યુસુફ ખાનને સૂચન કર્યું કે તે જો પોતાનું મૂળ નામ બદલી ફિલ્મી નામ રાખે તો તેમને પોતાની નવી ફિલ્મ જવાર-ભાટામાં અભિનેતા તરીકે કામ આપી શકે છે. દેવિકા રાનીએ યુસૂફ ખાનને વાસુદેવ, જહાંગીર અને દિલીપ કુમારમાંથી એક નામ પસંદ કરવા કહ્યું. વર્ષ ૧૯૪૪માં જવાર-ભાટાથી અભિનેતા તરીકે દિલીપ કુમારે પોતાની ફિલ્મી કારકિર્દીની શરૂઆત કરી. દિલીપ કુમારે પોતાના જીવન, ફિલ્મો અને સંસ્મરણો વિશે પોતાની આત્મકથા 'દિલીપ કુમારઃ ધ સબસ્ટન્સ એન્ડ ધ શૅડો'માં વિગતે લખ્યું છે. એમાં તેઓ પોતાને પહેલી ફિલ્મ ઑફર થઈ તે ક્ષણ વિશે લખે છે કે, 'બોમ્બે ટોકિઝ'માં દેવિકા રાણીએ મને જોબ ઑફર કરી એ ત્યારે મારી જિંદગીની સૌથી સુખદ ઘટના હતી. બોમ્બે ટોકિઝ એટલે યુનિવર્સિટી અને ફેન્ટેસી વર્લ્ડનું કોમ્બિનેશન. પતિ હિમાંશુ રોયના અકાળે અવસાન પછી બોમ્બે ટોકિઝનો કાર્યભાર સંભાળી રહેલાં દેવિકા રાણીએ કાળજી રાખેલી કે બે મહિના તો હું દરેક શૂટિંગ વખતે હાજર હોઉં, જોઉં અને શીખું.' માત્ર ૨૨ વર્ષની ઉંમરે, ૧૯૪૪માં દિલીપ કુમારે પોતાની પહેલી ફિલ્મ જવાર ભાટા કરી હતી. જોકે આ ફિલ્મમાં તેમને સફળતા નહોતી મળી, પરંતુ તેમના અભિનયની ઘણી પ્રશંસા થઈ હતી. દિલીપ કુમારે પ્રતિમા જુગનુ, અનોખા પ્યાર, નૌકા ડૂબી જેવી કેટલીક બી ગ્રેડ અને સી ગ્રેડની ફિલ્મોમાં અભિનેતા તરીકે કામ કર્યું. માયાનગરી મુંબઈમાં થોડોક સંઘર્ષ કર્યા પછી ૧૯૪૮માં ફિલ્મ મેલાની સફળતા પછી દિલીપ કુમાર અભિનેતા તરીકે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાની ઓળખ બનાવવામાં સફળ થયા.પાંચ દશકના પોતાના ફિલ્મી કરિયરમાં દિલીપ કુમારે ૬૫ યાદગાર ફિલ્મોમાં કામ કર્યું જેમાં અંદાજ, આન,

દાગ, દેવદાસ, આઝાદ, મુગલ-એ-આઝમ, ડકૈત, ગંગા જમુના, રામ ઔર શ્યામ, નયા દૌર જેવી શ્રેષ્ઠ ફિલ્મો શામેલ છે. હિન્દી સિનેમામાં જ્યારે પણ સૌથી સુંદર ચહેરાની વાત થાય, મધુબાલાનું નામ સૌથી પહેલાં લેવાય અને મધુબાલાનું નામ આવે એ સાથે જ દિલીપ કુમાર સાથેની એમની પ્રેમ-કહાણી પણ યાદ આવે જ. મધુબાલાના ફિલ્મી જીવન પર ખતિજા અકબરે 'આઈ વૉન્ટ ટુ લિવ : ધ સ્ટોરી ઑફ મધુબાલા' લખી છે. દિલીપ કુમાર અને મધુબાલા એક વખતે ભારતીય ફિલ્મ ઇતિહાસની સૌથી રોમેન્ટિક જોડી તરીકે ઓળખાતાં હતાં. બંને એકબીજાને પ્રેમ પણ કરતાં હતાં અને પરણવાના પણ હતાં. દિલીપ કુમાર પોતાની આત્મકથા 'દિલીપ કુમાર : ધી સબ્સ્ટૅન્સ ઍન્ડ ધ શેડો'માં લખે છે કે, ચર્ચાય છે એમ, 'મધુ અને મારાં લગ્નની વિરુદ્ધ તેમના પિતા નહોતા. એ તો ખુશ હતા. એમની પોતાની પ્રોડક્શન કંપની હતી અને તેઓ એ વાતે ખૂબ ખુશ હતા કે એક જ ઘરમાં બે મોટા સ્ટાર હાજર હશે. એ તો ઇચ્છતા હતા કે દિલીપ કુમાર અને મધુબાલા એકબીજાની હાથમાં હાથ પરોવી પોતાની કારકિર્દીના અંત સુધી તેમની ફિલ્મોમાં ડ્યુએટ ગાતા નજરે પડે.'

જોકે બંને વચ્ચે ૧૯૫૭માં એક નવો વિવાદ સર્જાયો અને એમાં એમનો પ્રેમસંબંધ કાયમ માટે દફન થઈ ગયો. ૧૯૫૭માં પ્રદર્શિત 'નયા દૌર' ફિલ્મ માટે દિલીપ કુમાર અને મધુબાલાને નિર્દેશક બી.આર. ચોપડાએ સાઇન કર્યા હતા. આ ફિલ્મનું આઉટડૉર શૂટિંગ પૂણે અને ભોપાલમાં થવાનું હતું, પરંતુ મધુબાલાના પિતાએ મધુબાલાને ભોપાલ મોકલવાની ના પાડી દીધી. ત્યાં સુધી બી.આર. ચોપડા પોતાની ફિલ્મનું ઘણું શૂટિંગ કરી ચૂક્યા હતા. બી.આર. ચોપડા આ કિસ્સો કોર્ટ સુધી લઈ ગયા અને આ દરમિયાન તેમણે મધુબાલાની જગ્યાએ વૈજયંતી માલાને સાઇન કરી લીધાં. આ કિસ્સાની સુનાવણી દરમિયાન દિલીપ કુમારે કોર્ટમાં કહ્યું હતું કે તેઓ મધુબાલાને પ્રેમ કરે છે અને તેમના મૃત્યુ સુધી મોહબ્બત કરતા રહેશે, પરંતુ તેમણે પોતાનું નિવેદન બી.આર. ચોપડાના પક્ષમાં આપ્યું. પરિણામે રોમેન્ટિક જોડીનો રોમાન્સ ત્યાં જ અટકી પડ્યો.

એ જ સમયગાળામાં કિશોર કુમારનાં રોમા દેવી સાથે છૂટાછેડા થઈ ગયા હતા. મધુબાલા અને કિશોર કુમાર એક સાથે ઘણી ફિલ્મોમાં સાથે કામ કરી રહ્યાં હતાં. એ સંબંધ ૧૯૬૦માં કિશોર કુમાર અને મધુબાલાના લગ્નસંબંધમાં પરિણમ્યો. એવામાં દિલીપ કુમારના જીવનમાં એમનાથી ૨૨ વર્ષ નાની ખૂબ જ સુંદર અભિનેત્રી સાયરા બાનોની એન્ટ્રી થઈ. ૧૯૬૬માં એમના નિકાહ થયા. સાયરા બાનોએ એક વખત કહ્યું હતું કે, ૧૨ વર્ષની ઉંમરમાં પહેલી વાર તેમણે દિલીપ કુમારની આન ફિલ્મ જોઈ અને તેમને દિલીપ સાહેબ સાથે પ્રેમ થઈ ગયો હતો, પરંતુ ત્યારે તેમને ખબર નહોતી કે એક દિવસ એ સાચેમાં તેમની બેગમ બની જશે.

દિલીપ કુમારે છ દાયકા સુધી ચાલેલી પોતાની ફિલ્મી કારકિર્દીમાં માત્ર ૬૩ ફિલ્મો કરી, પરંતુ તેમણે હિન્દી સિનેમામાં અભિયનની એક નવી જ પરિભાષા આપી. આમ તો એ જમાનામાં દિલીપ કુમાર, રાજ કપૂર અને દેવાનંદ ભારતીય ફિલ્મજગતની ત્રિમૂર્તિ તરીકે ખ્યાત હતા. જોકે એમાંથી દિલીપ કુમાર અભિનયની બાબતમાં બહુમુખી હતા. રાજ કપૂરે ચાર્લી ચેપ્લિનને આદર્શ માન્યા હતા અને દેવાનંદ ગ્રેગરી પેકના અંદાજમાં સુસંસ્કૃત અદાઓ ધરાવનારા શખ્સની ઇમેજ ધરાવતા હતા. યુસુફ ખાન નામ છોડીને દિલીપ કુમાર બનેલા અદાકારે પોતાની ૬૩ ફિલ્મોની આખી કારકિર્દીમાં માત્ર એક જ વાર મુસ્લિમ પાત્ર ભજવ્યું અને તે હતું મુગલે આઝમના શહજાદા સલીમનું.

દિલીપ કુમાર પોતાના પાત્રમાં ઓતપ્રોત થઈ જતા. પાત્રને બખૂબી ઉભારવા માટે જરૂરી તાલીમ પણ હાંસલ કરતાં. ફિલ્મ કોહિનૂરમાં એક ગીતમાં તેમણે સિતાર વગાડવાની હતી. તો તેમણે ઉસ્તાદ અબ્દુલ હલીમક ઝાફર ખાન પાસેથી સિતાર વગાડવાનું શીખી લીધું. નયા દૌર ફિલ્મમાં ટાંગાવાળાનો રોલ કરવાનો હતો તો ટાંગો ચલાવવાની પાકી તાલીમ લીધી હતી. આ જ કારણસર જાણીતા ફિલ્મ નિર્દેશક સત્યજીત રે તેમને સર્વશ્રેષ્ઠ 'મેથડ અભિનેતા' કહેતા હતા.

દિલીપકુમારની અનેક અભિનેત્રીઓ સાથે રોમેન્ટિક જોડી બની હતી. ઘણી હીરોઈનો સાથે તેમના નિકટના સંબંધો પણ બંધાયા હતા. જોકે કોઈ પણ પ્રેમસંબંધ લગ્ન સુધી પહોંચ્યો નહોતો. કદાચ દિલ તૂટવાના અનુભવના કારણે તેઓ જે વિશિષ્ટ અભિનય કરતા થયા કે તેમને ટ્રેજેડી કિંગનો ખિતાબ મળ્યો. એક તબક્કે એવું થયું હતું કે તેમની દર બીજી ફિલ્મમાં તેમનું પાત્ર મોત પામતું હતું. દિલીપ કુમારે કહ્યું હતું કે, 'એક સમય એવો આવ્યો કે મૃત્યુના સીન કરી કરીને હું ડિપ્રેશનમાં આવી ગયો હતો. ડિપ્રેશનને દૂર કરવા મારે ડૉક્ટરને મળીને સારવાર લેવી પડી હતી. ડૉક્ટરોએ મને સલાહ આપેલી કે મારે ટ્રેજિક ફિલ્મો છોડીને કૉમેડી ફિલ્મો પર હાથ અજમાવવો જોઈએ. લંડન ઈલાજ કરાવીને હું પાછો આવ્યો તે પછી મેં કોહિનૂર, આઝાદ અને રામ ઔર શ્યામ જેવી ફિલ્મો કરી, જેમાં ઘણો હિસ્સો કૉમેડીનો પણ હતો.'

આજીવન પોતાની વિશિષ્ટ ટ્રેજિક અદાકારીથી દર્શકોને મોહી લેનારા યુસુફ ખાન ઉર્ફે દિલીપ કુમારના મૃત્યુ વિશે અનેકવાર માધ્યમોમાં અફવા ફરતી રહી હતી, પરંતુ આખરે ૯૮ વર્ષની વયે એમણે અંતિમ શ્વાસ લીધો અને જીવનના રંગમંચ પર એમનો આ મૃત્યુનો અંતિમ અભિનય બની રહ્યો. આમીન. ■

**પરીક્ષિત જોશી**

## નિશાન-એ-ઇમ્તિયાઝ અને દેશભક્તિ

૧૯૯૮માં દિલીપ કુમારને પાકિસ્તાનના સર્વોચ્ચ નાગરિક સમ્માન નિશાન-એ-ઇમ્તિયાઝથી નવાજવામાં આવ્યા હતા. એ સમયે મહારાષ્ટ્ર સરકારમાં શિવસેના પણ સામેલ હતી. પાકિસ્તાન તરફથી દિલીપ કુમારને મળેલા આ સમ્માનનો વિરોધ શરૂ થયો. દિલીપ કુમારની આનબાનશાન હવે દેશભક્તિ અને દેશદ્રોહીના મુદ્દે ચર્ચાને ચગડોળે ચઢી. એવામાં ૧૯૯૯માં ભારત-પાકિસ્તાન કારગિલ યુદ્ધે બળતામાં ઘી હોમ્યું. દિલીપ કુમારે તત્કાલીન પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીને, પોતે આ સમ્માન સ્વીકારવું કે નહીં, એ અંગે સલાહ પૂછી. અટલજીએ દિલીપ કુમારને આ સમ્માન કબૂલ કરવાની સલાહ આપી અને દિલીપ કુમારે સન્માન પરત ન કરવાનો નિર્ણય કર્યો. જોકે ભારત-પાકિસ્તાન વચ્ચેના તંગ વાતાવરણમાં દેશભક્તિના મુદ્દે દિલીપ કુમારનું નામ હંમેશાં એક પ્રશ્નસૂચક રીતે ઉછળતું રહ્યું હતું એ પણ એક હકીકત છે.

કોરોના કાળમાં વિસરાયેલી
સાંસારિક જીવનની
અભિન્ન કલા...

# શૃંગાર

# અભિયાન

## સાપ્તાહિકનો આગામી અંક વાર્ષિક વિશેષાંક

## શૃંગાર કલાના

## અનેકવિધ આયામોને પ્રગટ કરશે

**અભિયાનનો એક અનોખો સંગ્રહણીય વિશેષાંક**

**આપની નકલની વ્યવસ્થા આજે જ કરી લેશો**

**રજિસ્ટર્ડ ઓફિસ :** સમભાવ હાઉસ, ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.

**અમદાવાદ :** ૦૭૯-૨૬૮૭૩૯૧૪/૧૫/૧૬/૧૭ ● મુંબઈ : ૯૩૨૨૦ ૯૬૫૧૧

**FOR SALES ENQUIRY**

Ahmedabad : **9328821210,** Surat : **7622933049,** Vadodara : **9909004872,**
Rajkot : **9925237724,** Mumbai : **9821622152**

# શરત લગાવવી એ 'સરત' માટે હાનિકારક છે!

માણસ માત્ર શરતને પાત્ર. શરત લગાવવાની હેડકી માણસને કાંઈ આજકાલની નથી, મહાભારત કાળની છે. એક જમાનો હતો જ્યારે રાજા-મહારાજાઓ અડધું રાજ અને પૂરેપૂરી કુંવારી કુંવરીની શરતો લગાવતા.

બાબુ બૉસ અમારા એવા મિત્ર છે કે જેમને શરતનું વ્યસન પેલા શરાબની જેમ વળગ્યું છે. ઉનાળાની શીતળ હવા છાંટતી વહેલી સવારે એની પત્ની ત્રાડ પાડીને એને ઉઠાડે, 'ઊઠો છો કે નહીં? સાડા સાત થવા આવ્યા.' તો બાબુ આંખોના દરવાજા ખોલ્યા વિના જ કહે, 'સાડા સાત ન હોય! યાર, સાતથી વધારે ન વાગ્યા હોય, લાગી શરત?'

શરત લગાવવી એ પણ હિંમતવાળાનું કામ છે બૉસ, આપણુ ગજું નહીં. હા, આપણે શરત લગાવીએ અને ભૂલથી જીતી ગયા તો ઠીક વાત છે પણ, જો હારી ગયા તો આપણે આપણા સ્વભાવ અને પ્રભાવ તરત જ પ્રગટ કરી જ દેવાના કે, "હું તો ખાલી ખાલી શરત લગાવતો'તો. જાવ ઘેર જઈને પૂછી આવો તમારાં ભાભીને, શરતનું નામ પડે ને દશા બગાડી નાંખે મારી તો... મારી મારીને..." ત્યારે સામેવાળો તર્કનો અર્ક લગાડીને કહે, 'એવું તો હોતું હશે?' ત્યારે પાછા આપણે જ કહેવાના, 'લાગી શરત?'

શરતો લગાવનારાઓ મને હંમેશાં ગમે છે. સાવ નાની બાબતમાં જો વાદવિવાદ થાય તો તરત જ 'બોલ, લાગી સો સોની?' એમ કહી કોઈ યોદ્ધો ધનુષની પણછ ખેંચીને ટંકાર કરતો હોય તેમ ઑફિસના કે કૅન્ટીનના ટેબલ પર હાથ પછાડી,

પેલો મ્યાનમાંથી તલવાર કાઢે તેમ, આ પણ ખિસ્સામાંથી મરવાને વાંકે ટકી રહેલી સોની નોટ કાઢીને ધરી દે.

બાબુ બૉસ આમ તો બિચારો સામાન્ય ક્લાર્ક છે, પણ શરત લગાવવામાં ઉદ્યોગપતિ છે. બન્યું એવું કે એની ઑફિસમાં ટ્રાન્સફર થઈને મિસ્ટર ગંજાવાલા નામના નવા સાહેબ આવ્યા. શરૂશરૂમાં આખા સ્ટાફનો પરિચય મેળવી લીધો. બાબુ બૉસનો શરત લગાવવાનો શોખ - સાહેબની દૃષ્ટિએ કુટેવ છે તે જાણ્યા પછી એમણે વિચાર્યું કે આ ભાઈને શરતની કુટેવ છોડાવવી જ પડશે. એ તો સારું હતું કે ત્યાં બાબુ બૉસ હાજર નહોતો, નહીંતર સાહેબના હાવભાવને જોઈને એણે તો કહી જ દીધું હોત - 'બોલો લાગી શરત?'

ગંજાવાલા સાહેબે તો બાબુ બૉસને ઑફિસમાં બોલાવ્યો.

'મિસ્ટર બૉસ!'

'યસ બૉસ...'

'તમને વાતવાતમાં શરત લગાવવાની આદત છે એ સાચી વાત?'

'આદત નહીં સાહેબ, શોખ છે.'

'તમને ખબર છે તમે હારી જાવ તો લાંબા ગાળે જિંદગીની દશા શું થાય?'

'સર, તમે સલાહ આપો છો કે તમારા કોઈ અનુભવ પરથી ચેતવણી આપો છો?'

'જે સમજવું હોય તે... પણ આ કાંઈ સારું ન કહેવાય., ક્યારેક તમે ખોટા પડો ત્યારે તમારી દશા બગડી જાય...'

'લગભગ તો હું ખોટો નથી પડતો સાહેબ.' પછી બાબુ બૉસે તેના સાહેબ પાસે - સાવ નજીક જઈને કહ્યું, 'સર, તમારા ડાબા ખભાની પાછળ પીઠ પર મોટું લાખું છે એવું મને કોઈકે કહ્યું છે, બોલો સાહેબ, હવે એ બાબતમાં...'

'લગાવવી છે સો સોની શરત!' સાહેબને થયું કે આજે તો આ બાબુના બચ્ચાને ખોટો પાડી જ દઉં, સારો મોકો મળ્યો છે. પછી સાહેબે કહ્યું, 'જુઓ બાબુભાઈ, મારી પીઠ પર લાખું હોય તો મારે તમને સો રૂપિયા આપવાના, અને ન હોય તો?'

'તો મારે તમને સો રૂપિયા આપવાના.' બાબુએ ઉત્સાહિત થઈને કહ્યું, 'લાગી શરત?'

'લાગી.'

સાહેબે તો કેબિનમાં ચારેબાજુ જોઈને પછી હળવેથી ટાઈ, કોર્ટ, શર્ટ અને છેલ્લે બનિયાન પણ ઉતાર્યું અને અર્ધસત્યની જેમ અર્ધ ખુલ્લા થઈને ઊભા રહ્યા. 'જુઓ મિ. બાબુ, છે ક્યાંય લાખું?'

'લાખું તો... સાહેબ, ક્યાંય નથી દેખાતું, સૉરી.'

'બસ ત્યારે, હારી ગયાને તમે? ચાલો મૂકી દો સો રૂપિયા.' સાહેબે બનિયાન, શર્ટ, ટાઈ પહેરતાં કહ્યું, 'હવે આવું શરત લગાડવાનું ગાંડપણ છોડી દો મિસ્ટર બાબુ. આ વખતે તો તમને આ સોની નોટ પાછી આપું છું, શું સમજ્યા...!'

'અરે હોય કાંઈ, શૂરા બોલ્યા નો ફરે! હું હારી ગયો એ તો હકીકત છે. આ સોની નોટ હવે તમારી જ થઈ ગઈ સાહેબ મને અફસોસ નથી. ઊલટાનો મને તો આનંદ થયો કે મારા સાહેબ જીતી ગયા!'

આટલું કહીને બાબુ બૉસ તો ઑફિસની બહાર નીકળી ગયો. સાહેબ મનોમન હરખાતા હતા કે કેવો પાઠ ભણાવ્યો શરતોના આ શહેનશાહને! પણ બાબુ બૉસ જેનું નામ - જો એ મહાભારતકાળમાં જન્મ્યો હોત તો પેલા શકુનિને પણ હરાવી દેત!

બાબુ બૉસે તેના સાહેબની ઑફિસમાં જતાં પહેલાં જ તેના સ્ટાફમિત્રો સાથે પાક્કી શરત કરેલી કે, 'બોલો, ઑફિસમાં જઈને થોડા જ સમયમાં સાહેબનાં મારે અડધાં કપડાં તો ઉતરાવડાવાં જ! બોલો, લાગી પાંચસોની?' સ્ટાફમિત્રોએ ઉઘરાણુ કરીને શરતનું બીડું ઝડપી લીધું. બાબુ બૉસ પીઠ પરના લાખાની બાબતે ભલે સાહેબ આગળ સો રૂપિયા હારી ગયો, પણ મિત્રો આગળ તો પાંચસો રૂપિયા જીતી ગયો. સરવાળે તો ચારસો રૂપિયાનો ફાયદો જ થયો ને!

ગંજાવાલા સાહેબને જ્યારે બાબુ બૉસની આ લીલાનું પરમદર્શન થયું ત્યારે શરત લગાવવાની કુટેવવાળાઓની કુટેવ છોડાવવાની કુટેવ એમણે તો એ જ દિવસથી છોડી દીધી.

કેટલાક તો એવા શરતપ્રેમી હોય છે કે પ્રાણ જાય પણ શરત ન જાય એમ ખુમારીપૂર્વક જીવતા હોય છે. મહાભારત પણ સાક્ષી પૂરે જ છે ને? જ્યાં સુધી દુઃશાસનની જાંઘ ચીરીને એના લોહીમાં મારા વાળ નહીં બોળું ત્યાર સુધી હું વાળ નહીં બાંધું - આવી શરત દ્રૌપદી સ્ત્રી હોવા છતાં નહોતી કરી? ચાણક્યે પણ ચોટલી નહીં બાંધવાની શરત ક્યાં નહોતી કરી? જે હોય તે, શરતમાં શરત ન હોય!

બારમા ધોરણમાં અભ્યાસ કરતા પુત્રને બાબુ બૉસે શરત લગાવતાં કહેલું કે જો બેટા, બોર્ડના રિઝલ્ટમાં તું એંસી નેવું ટકા લાવે તો તને હોન્ડા લાવી દઈશ. ત્યારે બૉસપુત્રે કહ્યું, 'મારે હોન્ડા નહીં, હીરો હોન્ડા જોઈએ છે.' બાબુએ ધૂંધવાઈને કહ્યું, 'ચૂપ બે, હીરો તો તું છે, હોન્ડા આવે એટલે તું હીરો અપોન હોન્ડા... થઈ ગયું ને હીરો હોન્ડા!'

ઘણીવાર તો આવા શરતિયા - અર્થાત્ શરત લગાવનારા નાની નાની વાતોમાં કાં તો મૂંડન કરાવી નાખવાની કાં તો મૂછો મૂંડાવી નાખવાની મર્દાના શરતો કરતા હોય છે. એ વાત જુદી છે કે પહેલાંના સમયમાં લોકો માથાં ઉતારી આપતા હતા, આજે વાળ ઉતારી આપે છે. આમેય માથું ઉતારી આપવું એટલે આપઘાત જ કર્યો કહેવાય અને આપઘાતને પોલીસવાળા ગુનો ગણે છે એટલે શરત લગાવવાની બાબતે માથાના વાળથી આગળ જવાની તો કાયદોય ના પાડે છે. જોકે માથું ઉતારવાની શરત તો જીવનમાં ફક્ત એક જ વાર લગાવી શકાય છે, જ્યારે વાળ ઉતારવાની બાબતમાં આપણે શરત લગાવવી હોય તો દર બબ્બે મહિને પણ લગાવી શકાય. (જેને વાળ દિન દુગુના રાત ચૌગુના વધતા હોય એ દર પંદર દિવસે શરત લગાવી શકે!) પણ મૂછોનું તો એવું છે ને કે દરરોજ શરત લગાવો, દરરોજ મૂંડાવી નાખો. હવે તો મૂછોનું સ્વાસ્થ્ય પણ ક્યાં સારું રહે છે? પહેલાંના સમયમાં તો આહાહા હા... કેવી ભરાવદાર, તંદુરસ્ત મૂછો હતી જેના પર લીંબુનાં લીંબુ ઠરતાં હતાં. આજે તો બિચારી માખી જો મૂંછને બાંકડો સમજીને બે ઘડી બેસવા જાય તો માખીના ભારથી જ મૂંછ નમી જાય. ભલે કહેવાય જેન્ટ્સ પણ જેન્ટ્સની મૂછ હોય છે લેડીઝ!

મૂછ બાબતમાં મહત્ત્વ મૂછની તંદુરસ્તીનું નહીં પણ સ્થાનનું છે. માણસના ચહેરાના કુલ ભૌગોલિક એરિયામાં મૂછ એવી લોકાલિટીમાં સ્થાન ધરાવે છે કે એની પડોશમાં જ બહુ મૂલ્યવાન નાક આવેલું છે. નાકને આપણે એક સામાજિક પ્રતિષ્ઠા કે આબરૂના પ્રતિનિધિ તરીકે ગણીએ છીએ. જેનું સ્થાન નાક જેવા નાક પાસે હોય એને નાની નાની શરતોમાં મૂંડાઈ જવું પડે તો મૂછોનું પણ નાક જ કપાઈ જાય ને! મૂછોનેય પોતાનું નાક હોય છે, ભાઈ! માથાના વાળનું આમ ઝાઝું મહત્ત્વ નથી હોતું. એ ના હોય તો વ્હિગ પહેરીને માથાની લાજ ઢાંકી શકાય છે, પણ મૂછ માટેનો બીજો કોઈ વિકલ્પ નથી. મને તો લાગે છે કે માથાના વાળનું મહત્ત્વ અખબારના સમાચાર જેવું હોય તો મૂછનું મહત્ત્વ તંત્રીલેખ જેવું છે, સમાચાર કરતાંય તંત્રીલેખનું વજન વધારે પડે છે.

શરત એટલી કે મૂછ ન હોય તોય મૂછ મૂંડાવી નાખવાની કોઈ શરત કરે ખરું? પૂછો બાબુ બૉસને! એ તો એમ જ કહેવાનો - મૂછ ન હોય તોય મૂછ મૂંડાવી નાખવાની શરત લગાવી શકાય છે. બોલો લાગી શરત..? ■

# વોકેથોનની સીમા **અર્ચના માટે સીમારહિત ઉડાન બની ગઈ**

**આપણે ત્યાં એમ કહેવાય છે કે સ્ત્રીનાં લગ્ન થાય એટલે સપના ભગ્ન થાય, પણ જો લગ્ન બાદ સ્ત્રીના સપનાને સાકાર કરવાની તક મળે તો એને શું કહેવાય! એને કહેવાય, અર્ચના સરદાના. અર્ચના સરદાના એવી મહિલા છે જેને લગ્ન બાદ જીવનની કેડી કંડારવાની તક સાંપડી. દરેક મહિલા અર્ચના સરદાના જેટલી ખુશકિસ્મત નથી હોતી, પણ અર્ચના એ દરેક સ્ત્રી માટે પ્રેરણા છે, જે જીવનમાં કશુંક કરવાની, કશુંક બનવાની ખેવના રાખે છે.**

**હેતલ ભટ્ટ**

અર્ચના સરદાના ભારતની પહેલી મહિલા સ્કૂબા ડાઇવર ટ્રેનર અને સિવિલયન બેઝ જમ્પર છે. જે મહિલા સ્વિમિંગનો સ પણ ન જાણતી હોય એ પોતાની હોંશ અને હિંમતના પ્રતાપે શ્રેષ્ઠ સ્કૂબા ડાઇવર ઇન્સ્ટ્રક્ટર બને એ નાની-સૂની વાત નથી અને એથી પણ વિશેષ સ્કાય ડાઇવિંગને મળતું આવતું પણ સૌથી જોખમી એડવેન્ચરોમાં મોખરાનું સ્થાન ધરાવતા બેઝ જમ્પિંગ ઇન્સ્ટ્રક્ટર તરીકે કામ કરનારી પહેલી ભારતીય મહિલા અર્ચના સરદાના છે. જમ્મુમાં જન્મેલી અને કાશ્મીરમાં ઉછરેલી અર્ચનાનું જીવન અન્ય યુવતીઓ જેવું નહોતું. અર્ચનાનું કહેવું છે કે, લોકો માટે ભલે કાશ્મીર દુનિયાનું સૌથી સુંદર સ્થળ હોય, પરંતુ ત્યાંના રહેવાસીઓ માટે સૌથી જોખમી સ્થળ છે અને તેમાંય ખાસ કરીને યુવતીઓ માટે. જમ્મુ-કાશ્મીરની યુવતીઓને સપના સાથે ભાગ્યે જ કોઈ નિસ્બત હોય છે. તેઓ સપના શબ્દ સાંભળીને નહીં, પણ સુરક્ષા શબ્દ

સાંભળીને અને ધ્યાને રાખીને ઉછરતી હોય છે.

અર્ચનાનો પરિવાર પણ જમ્મુ-કાશ્મીરમાં વસતા અન્ય પરિવારોની દીકરીઓની સુરક્ષાની જેમ જ અર્ચનાની સુરક્ષાને લઈને ખૂબ ચિંતિત રહેતો, તેથી અર્ચના માટે સપના જોવા, કશું બનવું, કશું કરવું જેવા આયામો કોઈ મહત્ત્વ નહોતા રાખતા. ઇન્ટિરિયર ડિઝાઇનરનો કોર્સ કરનારી અર્ચનાએ ક્યારેય ઇન્ટિરિયર ડિઝાઇનર તરીકે જોબ નહોતી કરી. એવામાં એમનાં લગ્ન થયાં ભારતીય નૌ સેનામાં કામ કરતા રાજીવ સરદાના સાથે. અર્ચનાએ રાજીવ સાથે ૪૫ કિલોમીટરની વૉકેથોનમાં ભાગ લીધો અને ૪૫ કિ.મી.ના દાયરાએ અર્ચનાના જીવનને દાયરામુક્ત બનાવી દીધું. દાયરો - ડરનો, દાયરો - અવિશ્વાસનો, દાયરો - સપના જોવાનો. અર્ચનાનું કહેવું છે કે ૪૫ કિ.મી. દૂર રહેલી સીમાએ એમના જીવનને અસીમ ક્ષમતાઓથી સફર બનાવ્યું. સપના જોતા કર્યું - સપના સાકાર કરતા શીખવ્યું. પોતાની જાતમાં વિશ્વાસ રાખતા શીખવ્યું. ૪૫ કિ.મી.ની એ વૉકેથોન અર્ચનાના જીવન માટે યુ ટર્ન સમાન સાબિત થઈ. વૉકેથોનની સીમા હતી, પણ અર્ચનાની ઉડાન સીમારહિત બની ગઈ. અર્ચનાની જિંદગીને એક નવી દિશા મળી. તેમણે દાર્જિલિંગ, ઉત્તરાખંડમાં પર્વતારોહણનો કોર્સ કર્યો.

અર્ચનાનું કહેવું છે કે, લોકો કહે છે કે લગ્ન બાદ મહિલાઓની જિંદગી સીમિત બની જાય છે. ઘણા ખરા અંશે આ વાત સાચી છે, પણ મારા જીવનમાં એનાથી વિપરીત થયું છે. મેં લગ્ન બાદ જિંદગી જીવવાની શરૂ કરી એમ કહું તો સહેજ પણ ખોટું નથી. અર્ચનાએ સ્કૂબા ડાઇવિંગ શીખ્યું અને તેઓ ભારતના સૌથી શ્રેષ્ઠ સ્કૂબા ડાઇવર બન્યા. એટલું જ નહીં, બિલ્ડિંગ એરિયલ સ્પાન અર્થ કરનારા ભારતનાં એકમાત્ર મહિલા છે. અર્ચનાએ પહેલીવાર બેઝ જમ્પ કર્યો તે પહેલાં વિમાનમાંથી ૨૦૦ વાર સ્કાય ડાઇવિંગ કર્યું હતું. ટૂંકમાં, તેમણે પોતાની જાતને બેઝ જમ્પ માટે ખૂબ સારી રીતે તૈયાર કરી હતી. અર્ચના કહે છે, બેઝ જમ્પ સૌથી ખતરનાક એડવેન્ચર છે. કેટલાક દેશોમાં ગેરકાનૂની છે. બેઝ જમ્પ

દરમિયાન ખૂબ ખરાબ ઈજાઓ થતી હોય છે. અર્ચનાએ પણ બેઝ જમ્પ દરમિયાન ઘણી ઈજાઓનો સામનો કર્યો છે. જોકે અર્ચનાએ એ દરેક ઈજાને પોતાનું મનોબળ મજબૂત બનાવવાનું માધ્યમ બનાવ્યું. ઈજા અને મનોબળના સંદર્ભમાં અર્ચના કહે છે, જિંદગી ફિલ્મો જેવી નથી હોતી. પહેલી જ વારમાં જીત હાંસલ થઈ જાય. સતત દોડતા રહેવું પડે છે, પડવું પડે છે, ઊભા થવું પડે છે અને ફરી દોડવું પડે છે. આ જ કવાયત વ્યક્તિને જીત તરફ દોરી જવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જ્યારે પણ કોઈ લક્ષ્યપ્રાપ્તિ દરમિયાન નકારાત્મકતાનો સામનો કરવાનો આવે તો કરો. એ નકારાત્મકતાનો ઉપયોગ પોતાની જાત માટે હકારાત્મક અભિગમ બનાવવા માટે કરો. અર્ચના માટે આ સ્કૂબા ડાઇવિંગ અને બેઝ જમ્પિંગ માત્ર એડવેન્ચર નથી, તેમણે જોયેલા સપનાની ઉડાન અને ઊંડાણ છે.

અર્ચનાના બંને દીકરીઓ પણ ખૂબ નાની વયે સ્કૂબા ડાઇવર બન્યાં છે. સંતાનોના

> અર્ચનાએ ઘણા સ્થળોએ સ્કૂબા ડાઇવિંગ ને બેઝ જમ્પિંગ કર્યું છે, પણ તેમને માઉન્ટ એવરેસ્ટ પરથી જમ્પ કરવું છે. કોવિડ-૧૯ને કારણે તેમણે પોતાનું લક્ષ્ય મોકૂફ રાખ્યું છે

સંદર્ભમાં અર્ચના કહે છે, બાળકો જેવું જુએ છે, સાંભળે છે તેવું જ શીખે છે અને બોલે છે. તેથી દરેક મા ભલે મહિલા તરીકે પોતાના સપના સાકાર ન કરી શકી હોય, પણ પોતાના બાળકો સપના સાકાર કરી શકે તેવું વાતાવરણ સર્જવાનું કામ માતાએ જ કરવાનું હોય છે.

અર્ચનાએ ઘણા બધાં સ્થળોએ સ્કૂબા ડાઇવિંગ અને બેઝ જમ્પિંગ કર્યું છે, પણ તેમને માઉન્ટ એવરેસ્ટ પરથી જમ્પ કરવું છે. કોવિડ-૧૯ને કારણે હાલમાં તેમણે પોતાનું લક્ષ્ય મોકૂફ રાખ્યું છે, પણ તેઓ કહે છે કે જ્યારે પણ તક મળશે તેઓ માઉન્ટ એવરેસ્ટ પરથી જમ્પ કરવાની તકને જતી નહીં કરે.

ભારતમાં મહિલાઓના અધિકારો-સ્વતંત્રતા વગેરે વિશે ઘણી વાતો કરવામાં આવે છે, પણ કરમની કઠિનાઈ એ છે કે એ જ સમાજ મહિલાઓના અધિકારો અને સ્વતંત્રતા નક્કી કરવાનું કામ પોતાના હાથમાં રાખે છે. અર્ચના સરદાના જેવી મહિલાઓ એવા સમાજ અને લોકોને પડકારે છે જેઓ મહિલાઓના અધિકારો - સ્વતંત્રતાની વાતો કરે છે, પણ જ્યારે તેને અનુસરવાની વાત આવે છે ત્યારે મહિલા હોવાની દુહાઈ આપીને પોતાની જ વાતોથી ફરી જાય છે. અર્ચના પોતાના કામ દ્વારા દરેક મહિલાને સંદેશ આપે છે - પોતાની જાતમાં વિશ્વાસ રાખો, ક્ષમતાઓમાં વિશ્વાસ રાખો, ડરને ચેલેન્જ કરો અને સપના સાકાર કરો. ■

# સેબી રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર બનો આર્થિક હિતોનું આયોજન કરવામાં મદદ કરો

વ્યક્તિ સારું અને સુરક્ષિત જીવન જીવવા માટે નાણા કમાય છે. પરિવારનો જીવનનિર્વાહ કરવા ઉપરાંત તેમની ભાવિ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને નાણાનું સુરક્ષિત આયોજન કરવું એ આજના સમયની માગ છે. તેથી જ હવે લોકો બચતને વિવિધ સ્વરૂપોમાં ઢાળતા થયા છે. ઉપરાંત હવે રોકાણ કરવાના વિવિધ વિકલ્પો પણ ઉપલબ્ધ છે, તેથી લોકો પોતાની ઇચ્છા અને જરૂરિયાત મુજબ રોકાણ કરવાના વિવિધ વિકલ્પો પર નજર દોડાવે છે, આ માટે તેમને જરૂર હોય છે એક વિશ્વાસુ, અનુભવી અને હોશિયાર એડવાઇઝરની. જે તેમની મૂડીને યોગ્ય નાણાકીય વ્યવહાર દ્વારા સુરક્ષિત રાખી શકે અને ભવિષ્યની સુરક્ષા અને જરૂરિયાતોનું આયોજન કરવામાં મદદ કરે. જેમને નાણાકીય વ્યવહારોની સૂઝબૂઝ છે, અર્થશાસ્ત્રનું જ્ઞાન છે, આયોજનનું કૌશલ્ય છે તેઓ ખૂબ સરસ રીતે અને સફળતાપૂર્વક ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝરનું કામ કરી શકે છે. આમ તો ઘણા બધા લોકો ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર તરીકેનું કામ કરે છે, પણ આ બધામાં સેબી રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર તરીકે કામ કરવાથી લોકોનો વિશ્વાસ સંપાદિત કરવામાં સરળતા રહે છે.

દેશ-દુનિયામાં મોટા ભાગના લોકો રૂપિયા કમાવવાનું તો જાણે છે, પણ તેની યોગ્ય રીતે રોકાણ નહીં કરી શકવાને કારણે કેટલીકવાર મહેનતથી મેળવેલી આવક ગુમાવી બેસે છે. આવા સમયે ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝરની સાચી સલાહ અનુસરીને મૂડીનું યોગ્ય જગ્યાએ રોકાણ કરી આર્થિક હિતોને સુરક્ષિત રાખી શકાય છે. સિક્યોરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા - સેબી દ્વારા રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝરનું કામ લોકોના નાણાનું સુરક્ષિત રીતે આયોજનપૂર્વક રોકાણ કરવામાં મદદ કરવાનું હોય છે.

**ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર બનવા માટે...**

એનઆઇએસએમ સર્ટિફિકેટ મેળવવાની જરૂર પડે છે. આ માટે બે તબક્કામાં પરીક્ષા લેવાય છે.

- ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર લેવલ- ૧
- ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર લેવલ- ૨

આ ઉપરાંત ફાઇનાન્શિયલ પ્લાનિંગ સ્ટેન્ડર્ડ્સ બોર્ડ ઇન્ડિયા દ્વારા આયોજિત સર્ટિફાઇડ ફાઇનાન્શિયલ પ્લાનર એક્ઝામ આપીને ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર બનવા માટેનું સર્ટિફિકેટ મેળવી શકાય છે.

સેબી રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર બનવા માટે સેબી પોર્ટલ પર સેલ્ફ રજિસ્ટ્રેશન કરીને રજિસ્ટર્ડ એડવાઇઝર બની શકાય છે. સેબી પોર્ટલ પર આપવામાં આવેલાં સૂચનોનું પાલન કરી જરૂરી ફી ભરી- દસ્તાવેજો જમા કરાવી રજિસ્ટર્ડ એડવાઇઝર માટે આવેદન આપી શકાય છે. ત્યાર બાદ સેબી પોતે દસ્તાવેજોની યોગ્ય ચકાસણી કરી એડવાઇઝરને સર્ટિફિકેટ આપે છે. આ રીતે વ્યક્તિ સેબી રજિસ્ટર્ડ એડવાઇઝર બની શકે છે.

**યોગ્યતા :** ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર બનવા માટે વ્યક્તિ પાસે વાણિજ્યિક પ્રવાહની ડિગ્રી હોવી જરૂરી છે. આ ઉપરાંત ફાઇનાન્સ, એકાઉન્ટ, બિઝનેસ, મેનેજમેન્ટ, બેન્કિંગ, ઇન્શ્યોરન્સ, કોમર્સ વગેરેમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા હોય તેવી વ્યક્તિ ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર બની શકે છે. આ ઉપરાંત સંલગ્ન ક્ષેત્રોનો પાંચ વર્ષનો કાર્ય અનુભવ જરૂરી બની રહે છે. જે વ્યક્તિ ફર્મ શરૂ કરવા ઇચ્છે છે તેણે પોતાની મૂડી રોકાણને લગતી શરતોનું પાલન કરવું પડે છે.

**કાર્યક્ષેત્ર :** સેબી રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર ફાઇનાન્શિયલ અને ઇકોનોમિક ઇશ્યૂ જેવા કે મ્યુચ્યુઅલ ફંડ, ઇન્કમ ટેક્સ પ્લાનિંગ, ટેક્સ સેવિંગ સ્ટ્રેટેજી પ્લાન, પેન્શન અને ઇક્વિટી, પોસ્ટ ઓફિસની સ્કીમ, લાઇફ અને હેલ્થ ઇન્શ્યોરન્સ, પ્રોપર્ટી સાથે જોડાયેલા ઇન્શ્યોરન્સના સંદર્ભમાં એડવાઇઝ આપવાનું કામ કરી શકે છે.

ક્વોલિફાઇડ ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર કોઈ કંપની, કોર્પોરેટ બોડી, પાર્ટનરશિપ ફર્મમાં ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર તરીકે જોડાઈને કામ કરી શકે છે. ■

**- અભીપ્સા ભટ્ટ**

# સ્ટુડન્ટમાંથી સિટીઝન

અમદાવાદમાં વર્ષ ૧૯૮૦માં જન્મેલ અવિનાશને નાનપણથી જ અમેરિકાનું ઘેલું લાગ્યું હતું. ટોમ ઍન્ડ જેરીનાં કાર્ટૂનો જોતાં જોતાં એને ડિઝની વર્લ્ડ જોવાનું જબરજસ્ત આકર્ષણ થયું હતું. મા-બાપનો એકનો એક દીકરો એટલે એમણે દીકરાની ડિઝની વર્લ્ડ જોવાની જીદ એ પંદર વર્ષનો હતો ત્યારે જ પૂરી કરી. સ્ટેચ્યુ ઓફ લિબર્ટીને જોતાં જ અવિનાશે નિશ્ચય કરી લીધો કે, 'મોટો થતા મારે આ જ દેશમાં રહેવું છે.'

ભણવામાં હોશિયાર એવો અવિનાશ બીકોમમાં કૉલેજમાં ફર્સ્ટ અને આખી યુનિવર્સિટીમાં સાતમો આવ્યો. હવે મારે આગળ અમેરિકામાં જ ભણવું છે એવી એણે હઠ લીધી. હાર્વર્ડે અવિનાશને પોતાને ત્યાં માસ્ટર્સનો કોર્સ કરવા ફક્ત પ્રવેશ જ નહીં, ભણવા માટેની ફીમાંથી સંપૂર્ણ માફી આપી.

માસ્ટર્સનો કોર્સ કર્યા બાદ અવિનાશે અમેરિકામાં જ પીએચડી કર્યું. એની થિસીસ ખૂબ જ વખણાઈ. એ દરમિયાન કોમર્સના વિષય પર અવિનાશે ત્રણ પુસ્તકો પ્રસિદ્ધ કર્યા. બોસ્ટનમાં આવેલ કોમર્સના વિદ્યાર્થીઓનાં એસોસિયેશનનો એ લાગલગાટ બે વર્ષ સુધી પ્રેસિડન્ટ રહ્યો. એક અતિ હોશિયાર વિદ્યાર્થી હોવાના કારણે આવી વ્યક્તિઓ માટે ખાસ ઘડવામાં આવેલ ઓ-૧ વિઝા અવિનાશે મેળવ્યા. હાર્વર્ડમાં જ પ્રોફેસર તરીકે નોકરી સ્વીકારી. સાથે કામ કરતી એક અમેરિકન પ્રોફેસર જોડે એ લગ્નગ્રંથિથી જોડાયો. અમેરિકન સિટીઝન જોડે કરેલાં લગ્નના આધારે એને પહેલા ગ્રીનકાર્ડ અને ત્રણ વર્ષ બાદ અમેરિકન સિટીઝનશિપ પ્રાપ્ત કરી. અવિનાશે તુરંત જ એનાં માતાપિતાને માટે ઈમિજેટ રિલેટિવ કેટેગરી હેઠળ ગ્રીનકાર્ડની પિટિશન દાખલ કરી. દસ મહિનામાં જ એ પ્રોસેસ થઈને એપ્રૂવ્ડ થઈ ગયું. તેઓ ઈમિગ્રન્ટ વિઝા લઈ અમેરિકા પોતાના પુત્ર પાસે આવી પહોંચ્યાં. ત્યાં આવતાં એમને ગ્રીનકાર્ડ આપવામાં આવ્યાં. પાંચ વર્ષ બાદ અમેરિકાની સિટીઝનશિપ પ્રાપ્ત થઈ. આમ એક સ્ટુડન્ટ તરીકે અમેરિકામાં પ્રવેશીને અવિનાશ ત્યાંનો સિટીઝન બન્યો અને એણે એનાં મા-બાપને પણ પોતાની પાસે અમેરિકામાં કાયમ માટે રહેવા ઈમિગ્રન્ટ વિઝા ઉપર બોલાવ્યા અને એમને પણ અમેરિકાની સિટીઝનશિપ અપાવી.

'ધ ઈમિગ્રેશન ઍન્ડ નેશનાલિટી ઍક્ટ ઓફ ૧૯૫૨'માં આવી-આવી અનેક સુવિધાઓ છે. તમે બી-૧/બી-૨ વિઝા ઉપર અમેરિકામાં પ્રવેશો ત્યારે તમને ત્યાં રહેવાનો જેટલો સમય આપવામાં આવ્યો હોય છે, એ સમય જરૂરિયાત જણાતા તમે અરજી કરીને, એક વાર નહીં જરૂર પડતા વારંવાર કરીને, લંબાવી શકો છો. વધુમાં વધુ તમે એક વર્ષ સુધી અમેરિકામાં રહી શકો છો.

એક પ્રકારના નોન-ઈમિગ્રન્ટ વિઝા ઉપર અમેરિકામાં પ્રવેશ્યા બાદ જો જરૂર જણાય તો અરજી કરીને બીજા પ્રકારના નોન-ઈમિગ્રન્ટ વિઝા ઉપર જે કાર્ય કરવાની છૂટ હોય એ સ્ટેટસ તમે પ્રાપ્ત કરી શકો છો. તમારું સ્ટેટસ ચેન્જ કરી શકો છો.

તમે જો ટૂંક સમય માટે કોઈ પણ પ્રકારના નોન-ઈમિગ્રન્ટ વિઝા ઉપર અમેરિકામાં પ્રવેશ્યા હોવ અને પછી તમને ત્યાં કાયમ રહેવા માટે ઈમિગ્રન્ટ વિઝા મળવાની શક્યતા ઊભી થાય તો તમે તમારા નોન-ઈમિગ્રન્ટ સ્ટેટસને અરજી કરીને ઈમિગ્રન્ટ સ્ટેટસ મેળવી શકો છો. તમારું સ્ટેટસ એડજસ્ટ કરી શકો છો.

તમે જો અમેરિકાના ઈમિગ્રેશનની બાબતમાં યા અન્ય કોઈ બાબતમાં ખોટું કાર્ય કર્યું હોય 'ને અમેરિકામાં પ્રવેશવા ઉપર તમારી સામે નિષેધ લગાડવામાં આવ્યો હોય તો અમુક સંજોગોમાં માફી માંગી વેવરની અરજી કરીને તમે એ પ્રવેશનિષેધ દૂર કરી શકો છો.

તમારા લાભ માટે તમારા કોઈ અંગત સગાએ ઈમિજેટ રિલેટિવ કેટેગરી હેઠળ યા ફેમિલી પ્રેફરન્સ કેટેગરી હેઠળ ઈમિગ્રન્ટ વિઝાની પિટિશન દાખલ કરી હોય, એ એપ્રૂવ્ડ થઈ ગઈ હોય, તમે વિઝા કરન્ટ થાય એટલે ઇન્ટરવ્યૂ આપીને ઈમિગ્રન્ટ વિઝા મેળવવાની અને ત્યાર બાદ અમેરિકામાં કાયમ માટે રહેવા જવાની પ્રતીક્ષા કરી રહ્યા હોવ, એ દરમિયાન જે વ્યક્તિએ તમારા લાભ માટે પિટિશન દાખલ કરી હોય એ પિટિશનરનું મૃત્યુ થાય જેના કારણે તમારા લાભ માટે દાખલ કરવામાં આવેલ પિટિશન રદબાતલ ગણાય તો એવા સંજોગોમાં તમારા જો કોઈ અન્ય અંગત સગા અમેરિકન સિટીઝન યા ગ્રીનકાર્ડધારક હોય તો તેઓ સબ્સિટ્યૂશનની અરજી કરીને મૃત પિટિશનરની જગ્યા લઈ શકે છે. તમે તમારા લાભ માટે દાખલ કરાયેલ એ પિટિશન હેઠળ ઈમિગ્રન્ટ વિઝા મેળવી શકો છો.

જો તમારું અવિવાહિત સંતાન તમારી જોડે ડિપેન્ડન્ટ ઈમિગ્રન્ટ વિઝા મેળવવા ચાહતું હોય, પણ વિઝા કરન્ટ થાય એની વાટ જોતાં-જોતા એ સંતાનની ઉંમર ૨૧થી વધુ થઈ જાય તો તમે ચાઇલ્ડ સ્ટેટસ પ્રોટેક્શન ઍક્ટ હેઠળ તમારી પિટિશન દાખલ કરવામાં આવી હોય અને એ મંજૂર થઈ હોય એટલો સમય તમારા સંતાનની ઉંમરમાંથી બાદ મેળવી શકો છો. એમ કરતાં જો તમારું સંતાન ૨૧ વર્ષથી નીચેની વયનું હોય તો ડિપેન્ડન્ટ ઈમિગ્રન્ટ વિઝા મેળવી શકે છે. આને માટે તમારે ચાઇલ્ડ સ્ટેટસ પ્રોટેક્શન ઍક્ટ હેઠળ પિટિશન દાખલ કરવાની રહે છે.

અમેરિકન સિટીઝન યા ગ્રીનકાર્ડધારક જોડે તમે લગ્ન કર્યા હોય અને એ લગ્નસંબંધના આધારે તમને બે વર્ષની મુદતનું કંડિશનલ ગ્રીનકાર્ડ આપવામાં આવ્યું હોય જે ૨૧ મહિના બાદ સંયુક્ત અરજી કરીને કાયમનું કરવાનું હોય એ અરજીમાં તમારા અમેરિકન સિટીઝન યા ગ્રીનકાર્ડધારક પતિ/પત્ની જોડાવવાની ના પાડે અથવા તો એમનું એ સમયે મૃત્યુ નીપજ્યું હોય તો તમે એકલા તમારું ગ્રીનકાર્ડ કાયમ કરવાની અરજી કરી શકો છો.

આવી આવી અનેક છૂટ અમેરિકાના ઈમિગ્રેશનના કાયદાઓમાં છે. એની જો યોગ્ય જાણકારી હોય તો અમેરિકાના ઈમિગ્રન્ટ યા નોન-ઈમિગ્રન્ટ વિઝા મેળવવામાં સરળતા થઈ પડે છે. આથી ઊલ્ટું ઘણા જેમને કાયદાની આ છૂટછાટોની જાણકારી હોય છે તેઓ એનો ગેરલાભ પણ લેતા હોય છે. તમે અમેરિકાના ઈમિગ્રેશનના કાયદા હેઠળ સ્ટુડન્ટમાંથી સિટીઝન બની શકો છો, પણ એ કાયદાની બારીકાઈ જાણવી અને સમજવી જોઈએ અને એનો ગેરઉપયોગ કરવો ન જોઈએ. ■

# તમારું વીક કેવું જશે?

**૧૭ જુલાઈથી ૨૩ જુલાઈ ૨૦૨૧**

**મેષ (અ,લ,ઈ):** આ સપ્તાહે તમારે સંબંધોમાં ખૂબ સાવચેતી રાખવી પડશે. પિતા સાથેના સંબંધો અસ્થિર થવાનો ભય છે. પરિવારમાં તણાવ વધી શકે છે. જીવનસાથી તમને પ્રવાસ કરવાની તક મળશે.

**વૃષભ (બ,વ,ઉ):** આ સપ્તાહે તમારા પરિવારમાં કોઈ પ્રસંગની તૈયારીઓ જોર-શોર સાથે ચાલતી રહેશે. પરિવારનું વાતાવરણ શાનદાર રહેશે. આપના દામ્પત્યજીવનના પ્રેમમાં પણ વધારો થશે.

**મિથુન (ક,છ,ઘ):** આ સપ્તાહે તમારે પોતાની ચિંતાઓમાંથી બહાર નીકળવાનો રસ્તો શોધવો પડશે. માનસિક તણાવ તમારા ઘણા કામોને પ્રભાવિત કરી શકે છે. સાચા રસ્તે ચાલીને સાચું કામ કરવાનું પસંદ કરશો.



**કર્ક (ડ,હ):** સપ્તાહની શરૂઆતમાં તમારે પોતાના પરિવારની ગતિવિધિઓમાં વધારે પડતી ઊર્જાનો ખર્ચ કરવો પડી શકે છે. પ્રિયજન કે જીવનસાથી સાથે ખૂબ જ સારો સમય વ્યતીત કરો તેવા યોગ સર્જાઈ રહ્યા છે.

**સિંહ (મ,ટ):** આ સપ્તાહ તમને મનમાં નવી ઉમંગો જગાડનારું સાબિત થશે. તમે તમારા પ્રણય જીવનમાં ખૂબ જ ઉત્સાહ સાથે આગળ વધશો. દામ્પત્યજીવનમાં રોમાન્સની પણ વૃદ્ધિ થશે. ખર્ચાનું પ્રમાણ વધશે.

**કન્યા (પ,ઠ,ણ):** આ સપ્તાહે કેટલાક નવા લોકો સાથે મુલાકાત કરવાની તક પ્રાપ્ત થશે. દામ્પત્યજીવનમાં કેટલાક લોકો મેરિટલ અફેર તરફ આગળ વધતાં તેમની સમસ્યામાં વધારો થઈ શકે છે.

**તુલા (ર,ત):** આ સપ્તાહ દરમિયાન જે કોઈ પણ તક તમારા હાથમાં આવે તેને જવા ન દેશો. તમારી આવકમાં આ સમય દરમિયાન જોરદાર વધારો જોવા મળશે. જેથી તમારું ભવિષ્ય સુવર્ણમય બનશે.

**વૃશ્ચિક (ન,ય):** આ સમયગાળા દરમિયાન તમારે પોતાની ચિંતાઓની માયાજાળમાંથી બહાર નીકળવું પડશે. ઉત્સાહની સાથે કામ કરશો તો સફળતા જરૂર પ્રાપ્ત થશે. પરિવારમાં સ્નેહ જળવાઈ રહેશે.

**ધન (ભ,ફ,ધ,ઢ):** આ સપ્તાહની શરૂઆતથી જ તમને આવકમાં વધારો થવા લાગશે. તમે ખુશમિજાજ રહેશો. ગૃહજીવનમાં સંબંધોને મજબૂત બનાવી શકશો. નોકરિયાત વર્ગને પ્રમોશનના યોગ બની રહ્યા છે.

**મકર (ખ,જ):** આ સપ્તાહે તમારા કામમાં મજબૂતી આવશે જેથી તમારા કામની પ્રશંસા પણ થશે. સરકાર તરફથી કોઈ મોટો ફાયદો પ્રાપ્ત થઈ શકે છે. નવા વિચારોથી તમારી ક્રિએટિવિટી બહાર લાવી શકશો.

**કુંભ (ગ,શ,સ,ષ):** આ સપ્તાહ દરમિયાન તમારી કેટલીક યોજનાઓ તમને ઘણુ બધું ધન આપીને જશે. તમારા ખર્ચાઓ ઓછા થશે. સામે તમારી આવકમાં વધારો થશે. આરોગ્ય અનુકૂળ રહેશે.

**મીન (દ,ચ,ઝ,થ):** આ સપ્તાહે તમારી સાસરી પક્ષના લોકોની સાથે તમારા સંબંધ મજબૂત બનશે. તમારું ગૃહસ્થ જીવન ખુશનુમા બની રહેશે. વેપારમાં સફળતા પ્રાપ્ત થાય તે માટેના પ્રબળ યોગનું સર્જન થશે.

## સમસ્યા અને નિરાકરણ

GaneshaSpeaks.com
Your friend, astrologer & guide
FOR ASTROLOGY DIAL 55181*

**પ્રશ્ન : જ્યોતિષાચાર્યજી, હું નોકરીમાં સખત મહેનત કરું છું. મારા પિતાની કોઈ સંપત્તિ નથી. મારા સપના બહુ મોટા છે. આપ મારી કુંડળીનું અધ્યયન કરીને જણાવો કે મારે નોકરીમાં બરકત છે કે બિઝનેસ કરવો યોગ્ય રહેશે?**

**- પ્રણય મહેતા, ભાવનગર**

**જવાબ : પ્રણયભાઈ, તમારી જન્મકુંડળીના અભ્યાસ પરથી ફલિત થાય છે કે તમારા જીવનમાં ગજકેસરી યોગ છે જે પ્રમાણે તમે હાથ નાખો ત્યાં સોનું મળે એવા સંજોગ છે. જો તમે કોઈ નાના-મોટા ધંધામાં ઝંપલાવશો તો અવશ્ય તેમાં તમને સફળતા પ્રાપ્ત થશે. ઉપરાંત તમે વિદેશમાં જઈને પણ તમારી કારકિર્દી બનાવી શકો છો. તમારી સફળતા નિશ્ચિત તમને તમારા સપના પૂરા કરાવશે. પ્રભુકૃપા માટે ઇષ્ટદેવની આરાધના કરો. સાથે પિતૃઓના આશીર્વાદ ફળે તે માટે પક્ષીઓને ચણ ખવડાવશો.**

તમે પણ તમારી મૂંઝવતી સમસ્યાનું નિરાકરણ મેળવી શકો છો. પ્રશ્ન મોકલવાનું સરનામું : 'સમસ્યા અને નિરાકરણ', ' અભિયાન', સમભાવ હાઉસ, ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૧૫. પ્રશ્ન મોકલતી વખતે જન્મનો સમય, સ્થળ, જન્મ તારીખ અને કુંડળી સાથે ત્રુટક લાઇનવાળી આ કૂપન અવશ્ય બીડવી.

# કરમકરા

## જગદીપ ઉપાધ્યાય

૧૯

**પૂર્વકથા -** સલોત સાહેબ પોતાના વર્ગના વિદ્યાર્થીઓનું લેસન તપાસતા હતા, એ જ સમયે પેલી બ્યુટીફુલ...ભૂરી...ભૂરી...છોકરી જેવી જ એક સુંદર છોકરી સલોત સાહેબ સામે તાજા ખીલેલા ગુલાબ જેવું શરમાઈને એ જ રીતે હસતી હતી. સલોત સાહેબે તેની બુક તપાસવામાં વધુ સમય લીધો. જ્યારે વર્ગ પૂરો થયો ત્યારે એ સુંદર છોકરી સલોત સાહેબ પાસે આવી અને કહેવા લાગી કે તેને આગળ ભણવું છે તેથી તેઓ ઘરે આવીને તેની માને સમજાવે. સલોત સાહેબને આંખો સામે ભૂતકાળ પુનરાવર્તિત થતો હોય એમ લાગ્યું. તેમણે એ છોકરીની માતાને સમજાવી. એ સુંદર દીકરીને હોસ્ટેલમાં રહેવાની વ્યવસ્થા કરી આપી. સલોત સાહેબે પોતે પેલી બ્યુટીફુલ.. ભૂરી...ભૂરી છોકરીના ચારિત્ર્યને બગાડવામાં ભૂમિકા ભજવી હોવાની ભાવનાથી પીડાતા હતા. તેથી તેમણે હવે પોતાનું સમગ્ર જીવન સ્ત્રીઓ અને દીકરીઓના જીવનને શિક્ષણ અને અન્ય જરૂરી મદદ દ્વારા સારું બનાવવાનું કામ હાથ ધર્યું હતું. સલોત સાહેબના પત્ની પણ તેમના આ સારા કાર્યમાં સાથ આપી રહ્યાં હતાં. **હવે આગળ વાંચો...**

એક નાનકડી બ્યુટીફુલ...ભૂરી ભૂરી છોકરી... તેની સામે કાલુંઘેલું શરમાઈને હસતી હતી.

એક વાર શિક્ષક દિને એ બ્યુટીફુલ... ભૂરી ભૂરી... છોકરીનો ફોન આવેલો, 'સર! કેમ છો?' સલોત સાહેબે ટૂંકમાં, 'મજામાં' એમ કહી ઔપચારિકતાપૂર્વક કહેવા પૂરતી વાત કરી ઝડપથી ફોન મૂકી દીધેલો. એ પછી ફરી પછીના શિક્ષક દિને ફોન આવતા સલોત સાહેબની દીકરીએ ફોન ઉપાડેલો અને દીકરીની વાતચીત પરથી એ ફોન ઓળખી જતા, સલોત સાહેબે દીકરીને ઇશારાથી પોતાના વતી પણ વાત કરી લેવા જણાવી, એ છોકરી સાથે વાત કરવાનું ટાળેલું. પછીથી પણ દર વરસે શિક્ષક દિને નિર્ધારિત સમયે એ છોકરીના ફોન આવતા, જે સલોત સાહેબની નારાજગીથી સામાન્ય રીતે એની દીકરી જ રિસીવ કરતી.

આજે જે બ્રિલિયન્ટ ક્લાસીસમાં વર્ગો ભરેલા તે ક્લાસીસમાં બધા મિત્રો સાથે લેક્ચરર બનવા લેવાતી જી સેટની પરીક્ષાનું પરિણામ જોવા ગયેલી દીકરીને સલોત સાહેબે પરિણામ જાણી આવી બહુ જ ઉત્સાહથી દરવાજામાં દાખલ થતી જોઈ. સલોત સાહેબ ઊઠીને રૂમ બહાર આવ્યા. દીકરી 'પપ્પા.....!' કહેતી દોડીને સલોત સાહેબને ભેટી પડી 'ને બોલી, 'પપ્પા! જી સેટ એક્ઝામમાં હું મારા ફિઝિક્સના વિષયમાં પ્રથમ આવી.' રસોડામાંથી સલોત સાહેબનાં પત્ની દોડ્યાં અને હર્ષાશ્રુ સાથે દીકરીને ગળે વળગાડી. દીકરીનો ઉત્સાહ સમાતો નહોતો. તે બોલી, 'પપ્પા! તમને આના કરતાં પણ મોટા સમાચાર આપવાના છે.'

'બેટા! તું સુંદર પરિણામ લઈ આવી, એનાથી મોટા સમાચાર કયા હોઈ શકે?'

'છે પપ્પા! તમે એ સાંભળીને ખુશ થઈ જશો. બોલો આપું?'

**દીકરીએ કહ્યું, ‘પપ્પા! પેલી સુંદર મજાની છોકરી તમારી પાસે ટ્યૂશનમાં શીખવા ન આવતી? પેલી અંજુ, એ પણ એના સંસ્કૃત વિષયમાં જી સેટમાં પ્રથમ આવી. પપ્પા! એણે તમારું નામ ઉજાળ્યું. બોલો પપ્પા!’**

‘શું વાત છે? હા... આપ...આપ...!’

દીકરીએ કહ્યું, ‘પપ્પા! પેલી સુંદર મજાની છોકરી તમારી પાસે ટ્યૂશનમાં શીખવા ન આવતી...? પેલી અંજુ... એ પણ એના સંસ્કૃત વિષયમાં જી સેટમાં પ્રથમ આવી. પપ્પા! એણે તમારું નામ ઉજાળ્યું. બોલો પપ્પા! છે ને મોટા સમાચાર?’

સલોત સાહેબનાં પત્ની બોલ્યાં, “બેટા! તારા પપ્પાનું શિક્ષણ તો કેવું મજબૂત છે? આ છોકરીને તેઓ ક્યાંથી ક્યાં લઈ ગયા?” ’ને તેમણે પોતાની દીકરી સાથે સલોત સાહેબને પણ અભિનંદન આપ્યા.

દીકરીએ કહ્યું, ‘પપ્પા! લગભગ હમણા એ અહીંયા આવી છે!’

સલોત સાહેબને આજે ખરેખર ખુશી થઈ! તેઓનું ભીતર આનંદથી છલકાઈ ઊઠ્યું. તેઓને થયું કે પોતાની વિદ્યા એળે નથી ગઈ! સાથે એમ પણ થયું કે પોતાને દર શિક્ષક દિને એ છોકરી સાથે વાત કરવી જોઈતી હતી.

તેઓ વિચારવા લાગ્યા, ‘દીકરી કહે છે એમ એ છોકરી અહીં આવી હોય ખરી? અત્યંત રૂઢિચુસ્ત અને માથાભારે સ્વભાવના માણસો ભાગી ગયેલી છોકરીને ખરેખર તો જીવવા જ ન દે, તેને બદલે ઘેર આવવા દે ખરા? એમ હોય તો પોતાને એને મળવા જવું જોઈએ, પણ....!’ તેઓ મનથી ખંચાયા.

એટલામાં દરવાજે અજવાળું થયું. સલોત સાહેબે એ બાજુ મોં ફેરવ્યું.

શું આ એ જ બ્યુટીફુલ... ભૂરી ભૂરી છોકરી.....?!

સલોત સાહેબ જોઈ રહ્યા. સામે ઊભી હતી, એક પૂર્ણ પ્રગલ્ભ લાવણ્ય સભર યુવતી...! બાજુમાં નાનકડી એવી જ બાળકી! સલોત સાહેબે તેને હર્ષથી આવકારતા અભિનંદન આપ્યા. તેણે ભીની આંખો સાથે સલોત સાહેબનાં ચરણ સ્પર્શ કર્યાં. સલોત સાહેબને શાલ ઓઢાડી હાથમાં બુકે આપ્યો ’ને સલોત સાહેબની પત્નીને વંદન કરી તેને મીઠાઈનું પેકેટ આપ્યું. તે સલોત સાહેબની દીકરીને ખુશી અને ઉત્સાહથી ગળે મળી. બધા રૂમમાં ગયા. સલોત સાહેબે તેને સોફા ઉપર બેસવા કહ્યું પણ તે બોલી, ‘ના સર! હું તમારી સામે તો નીચે જ બેસીશ.’ અને એ ટ્યૂશનમાં આવતી વેળા જે રીતે પલાંઠી વાળીને બેસતી હતી તે રીતે એ જ જગાએ બેઠી. આજે પણ તેના ચહેરા ઉપર એ જ મોહક સ્મિત હતું. એકમેકના વિકાસની વાતો કરતાં કરતાં સલોત સાહેબની દીકરીએ કહ્યું, ‘પપ્પા! હું તમોને એક વાત કરતાં ભૂલી જ ગયેલી. આ તમારી પ્રિય વિદ્યાર્થિની બહુ સરસ સંસ્કૃત કવિતા લખે છે. તેને ગયા વર્ષે સંસ્કૃત કાવ્ય સ્પર્ધામાં રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ પારિતોષિક મળ્યું હતું. તેનાં કાવ્યો સંસ્કૃત સામયિકોમાં પણ પ્રકાશિત થાય છે.’ અને તેને તેનું કાવ્ય સંભળાવવાનું કહેતાં બોલી, ‘તેં મને ફોનમાં તારા સંસ્કૃત વિદ્યા મહિમ્ન સ્તોત્રના ગુજરાતી અનુવાદના કેટલાક શ્લોકો સંભળાવેલા. બહુ સરસ હતા. એ સંસ્કૃત વિદ્યા મહિમ્ન સ્તોત્ર પપ્પાને ક્યારેક બતાવજે. અત્યારે અમો પણ માણી શકીએ તેથી એ સ્તોત્રનો ગુજરાતી અનુવાદ પૂરો સંભળાવને!’ એ પ્રથમ થોડું શરમાઈ, પણ બધાના અને ખાસ કરીને સલોત સાહેબના આગ્રહ પછી એ તેનું સ્વરચિત વિદ્યામહિમ્ન સ્તોત્ર સંભળાવવા તૈયાર થઈ. તેણે શરૂઆત કરતાં કહ્યું, ‘સર! મારા સંસ્કૃત વિદ્યા મહિમ્ન સ્તોત્રનો માલતી દવેએ ગુજરાતી અનુવાદ કર્યો છે. વિદ્યાર્થીના જીવનમાં ભગવાન પછી બીજા કોઈનુંય સ્થાન હોય તો તે શિક્ષકનું છે. શિક્ષક, જીવનદાત્રી એવી વિદ્યાનો આપનાર છે. જીવનમાં કેટલુંય પામ્યા પછી કંઈ પામવાનું હોય તો તે વિદ્યા છે.. સર! આમા મેં તમે શીખવાડેલા અલગ-અલગ છંદોનો પ્રયોગ કર્યો છે જે તેના ગુજરાતી ભાવાનુવાદમાં પણ જળવાયો છે. જે-તે છંદના નામ હું બોલતી જઈશ. આપને બહુ ગમશે. સર! હું આ સ્તોત્ર આપને અર્પણ કરું છું. તો સાંભળો.

**(શાર્દૂલ વિક્રીડિત)**

*પારાવાર તરી અફાટ ભવનો જાયે સહેલાઈથી*
*ઓળંગી ગિરિને જવો દુરિતનો આસાન છે એમને*
*ઇચ્છાનું વશ થાય છે ગગન આ જ્ઞાની જનોને સદા*
*વિદ્યાવાન તરે અને અવરને તારેય છે સાથમાં (૧)*

**( મંદાક્રાંતા )**

*વિદ્યા છોડી પરમ ચરણે સ્વર્ગ ના માગજે તું!*
*વિદ્યા છોડી પરમ ચરણે મુક્તિ ના માગજે તું!*
*કોણે જોયા વર સકલ જે અન્ય લોકે મળે છે*
*વિદ્યા દે એ ઇહ જગતમાં સર્વ; વિદ્યા વરે તો! (૨)*

**અનુષ્ટુપ**

*ના એકાકી પણું લાગે, ઘેરી વૈફલ્ય ના વળે,*
*વિદ્યા સેવો; વિષાદોનો વિદ્યા ઉપાય એક છે. (૩)*

**શિખરિણી**

*ખરી લક્ષ્મી છે એ, સુશીલ વનિતા હોય ઘરમાં.*
*વિવેકી સંતાનો; સ્વજન જન સ્નેહે હરખતા.*
*ભણે વિદ્યા એને, સહજ ધન એ સર્વ મળતું,*
*કહો ના; લક્ષ્મીને નવ સરસતી સાથ બનતું! (૪)*

**વસંતતિલકા**

*આપો હળાહળ મને તવ કંઠમાં જે*
*આપો મને ભભૂત-ભસ્મ સ્મશાનની તે*
*હે શિવ! એક બસ આ જડતા હરો કે*
*ચૈત્યન્યનું પરમ તેજ મળે મને એ (૫)*

**માલિની**

*ધન વગર મને તું રાખ, સત્તા વિનાનો*

*યશ, વિભવ, પ્રતિષ્ઠા આપ ન કીર્તિ છોને.*
*પણ જગત મહીં ના રાખ વિદ્યા વિહોણો,*
*સકળ જર થશે એ પ્રાપ્ત; વિદ્યા હશે તો. (૬)*

**ભુજંગી**

*પહાડી વચાળે નદી જેમ શોભે*
*ફળી વૃક્ષની છાંયથી જેમ શોભે*
*નભે રાત્રીએ ચંદ્રમાં જેમ શોભે*
*સભા એમ વિદ્વાનથી ધન્ય શોભે (૭)*

**ઝૂલણા**

*જોઈએ જેમને આપજો એમને સુખ ને સાહ્યબી,*
*આપજો એમને ભોગ, વિલાસ, સામર્થ ને સંપત્તિ,*
*આપજો એક વિદ્યા મને છે સવારે પ્રભુ! પ્રાર્થના,*
*કેમ કે સર્વ વિદ્યા કને એ તણખલા સમું ઘાસના. (૮)*

**તોટક**

*જળ, અગ્નિ, હવા, નભ, ભૂ ન રહે,*
*નગ, સાગર, ચન્દ્ર, ન સૂર્ય રહે,*
*ન બચે પ્રલયે તરણુંય જગે,*
*બસ છેવટ જ્ઞાન જ શેષ રહે. (૯)*

બધાએ વિદ્યામહિમ્ન સ્તોત્રને તાળીઓથી વધાવી લીધું. સલોત સાહેબની પત્નીને તો ખૂબ ગમ્યું. સલોત સાહેબ એ કવિતા સાંભળીને મુગ્ધ થઈ ગયા. છોકરી સ્વરચિત સંસ્કૃત કાવ્યનો અદ્‌ભુત ગુજરાતી પાઠ બોલી હતી. તેનું જ્ઞાન જોઈને આજે સલોત સાહેબને થયું કે પોતાનું તપ ફળ્યું હતું.

પછી સલોત સાહેબનાં પત્ની અને દીકરી થોડી ઔપચારિક વાતો પછી રસોડામાં ગરમ નાસ્તો બનાવવા માટે ગયાં.

તેણીએ વાત શરૂ કરી, 'સર! તમે મારાથી નારાજ હશો કે હું તમારી પાસેથી ગઈ પછી તમોને મળવા આવી જ નહીં, પણ સર! મેં નક્કી કરેલું કે, હું તમારી વિદ્યાને દીપાવીશ અને એક દિવસ સંસ્કૃતની પ્રાધ્યાપક બનીને તમોને સરપ્રાઇઝ આપીશ. સર! મારી ઇચ્છા આજે સાકાર થઈ. બાકી એક દિવસ એવો નથી ગયો કે મેં તમોને યાદ ન કર્યા હોય! તમે તો મારા ભગવાન છો સર!' એમ કહીને તેણે પર્સમાંથી કાઢીને નાનકડા પ્લાસ્ટિકના કાર્ડમાં સાચવેલો સલોત સાહેબનો ફોટો બતાવ્યો. સલોત સાહેબે વર્ષો પહેલાંના પોતાના ફોટાને વિસ્મયપૂર્વક ધારીને જોયો.

પણ સલોત સાહેબ તેમના ભીતર રહેલો રંજ છૂપાવી ન શક્યા. તેઓ બોલ્યા, 'બધી વાત સાચી... પણ ત્યારે તેં ભાગી જવાનું પગલું ભર્યું એ બરાબર નહોતું કર્યું. હું એનાથી ઘણો નારાજ થયેલો. તારે મને એક વાર મળવું તો હતું!'

તે બોલી, 'એવું નથી સર! હું ભાગી નહોતી ગઈ. હા, ઓચિંતાનું ઘર છોડવું પડેલું એ સાચું! પણ મારાં મમ્મી અને પપ્પાની તેમાં સંમતિ હતી. શું થાય? હજુ તો મારે કૉલેજનો અભ્યાસ શરૂ હતો ત્યાં મારા દાદીમા અને મોટા બાપુ વગેરે એમના સગામાં ખાધે પીધે સુખી એવા ઘરમાં મને વરાવી દેવાનો આગ્રહ લઈ મંડ્યા હતા. એ યુવક એસ. એસ.સી. પાસ પણ નહોતો. મને એ મંજૂર નહોતું. મારી સાથે ભણતા મારા મિત્ર સુમનની શક્તિમાં મને વિશ્વાસ હતો. તેણે પોતે ભણવાનું અને મારે જ્યાં સુધી ભણવું હોય ત્યાં સુધી ભણાવવાનું મને પ્રોમિસ આપેલું. સર! આપે મને કહેલું કે, 'આપણુ મન માને તેને જ ચાહવું જોઈએ અને તે માટે જરૂર પડે તો લડી પણ લેવું જોઈએ.' એ વાક્ય મારા મનમાં દૃઢ થઈ ગયેલું અને મેં હિંમત કરી.

સલોત સાહેબને થયું કે, પોતે કહેલા વાક્યને આ છોકરીએ કેવા સબળ અને હકારાત્મક અર્થમાં લઈને જીવી બતાવ્યું હતું.

તે કહેતી હતી, 'સર! ઘર છોડતા પહેલાં હું રાત્રે સુમનને લઈને તમારા દરવાજા સુધી આવી, પણ હું તમોને વાત કરીને મારા માથા





આ અઠવાડિયાની

**દસ બેસ્ટ સેલર બુક્સ**

"અભિયાન"ના વાચકો માટે ખાસ ઓફર

**આ કૂપન બતાવો અને દરેક પુસ્તક ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ મેળવો**

બહારગામ વી.પી.પી.થી પુસ્તકો મોકલી આપીશું. • ફોન ઉપર ઓર્ડર સ્વીકાર્ય

| | | | |
|---|---|---|---|
| ધ સાયકોલોજી ઓફ મની | : નાણાં માટેનો ખરો દ્રષ્ટિકોણ! | મોર્ગન હાઉઝેલ | ₹ ૨૫૦.૦૦ |
| હાર્મોનિયમ-વાદન | : સંગીતકલા શ્રેણી (રી-પ્રીન્ટ ૨૦૨૧) | ડૉ. હસુ યાજ્ઞિક | ₹ ૩૦૦.૦૦ |
| હસતા રહેજો રાજ | : ૩ ભાગ સાથે | ડૉ. જગદીશ ત્રિવેદી | ₹ ૭૯૦.૦૦ |
| બકુલ ત્રિપાઠીનો હાસ્યવૈભવ | : સીલેક્ટેડ હ્યુમરસ આર્ટીકલસ | હસિત મહેતા | ₹ ૨૨૫.૦૦ |
| અમર પ્રવાસનિબંધો | : કુદરત સાથેનો સંવાદ (રી-પ્રીન્ટ ૨૦૧૮) | ભોળાભાઈ પટેલ | ₹ ૨૦૦.૦૦ |
| જે ચાહો તે મેળવો | : આત્મવિશ્વાસ, હકારાત્મક અભિગમ અને કુશળતા = સફળતા | ડૉ. ડેવિડ જે. સ્કવોર્ટ્ઝ | ₹ ૨૨૫.૦૦ |
| શક્તિ વર્તમાનની | : આધ્યાત્મિક આત્મબોધ માટે માર્ગદર્શિકા (ન્યુ રી-પ્રીન્ટ ૨૦૨૦) | એક્હાર્ટ ટોલ્લ | ₹ ૨૯૯.૦૦ |
| અમૃતા પ્રીતમની પિંજર | : નારીની વેદનાની ગાથા | શરીફા વીજળીવાળા | ₹ ૧૩૫.૦૦ |
| અમારા વૃદ્ધાશ્રમોના કડવા અનુભવો, ઈઝરાયલનાં ચમત્કારિક પરાક્રમો, છેડતીથી બરબાદી, પટના અને પન્ના, વીરાંગના મલાલ યુસુફજઈ (પાંચ બુક સાથે ૨૦૨૧ એડીશન) | | સ્વામી સચ્ચિદાનંદ | ₹ ૩૩૦.૦૦ |

**નટરાજ બુક સેન્ટર** : ૧૦, નેશનલ ચેમ્બર્સ, સિટીગોલ્ડ મલ્ટીપ્લેક્સ લેન, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ વોટ્સએપ : ૦૮૩૪૭૯-૬૧૨૯૯ ફોન નં. ૦૭૯-૨૬૫૮૭૯૩૦

**પોકેટ બુક સેન્ટર** : અમદાવાદ. ફોન નં. ૦૭૯-૨૫૫૦૮૭૩૨ Email : natraj1963@gmail.com, www.booksforyou.co.in

ભારે કુટુંબીઓ સામે મૂકવા માગતી નહોતી. ઘણો વિચાર કર્યા પછી તમોને તકલીફ આપવાનું ટાળ્યું. વડોદરા બધા ઓળખતા હોવાથી ત્યાં સ્થિર થવાને બદલે અમોએ ભરૂચ સ્થિર થવાનું મુનાસિબ માન્યું. સિવિલ મેરેજ કર્યા. ટ્યૂશન્સ કર્યા અને ભણ્યા. એ સંયમ ફળ્યો કે જે સંયમના પાઠ હું તમારી પાસેથી શીખી હતી. સુમન ગયા વર્ષે જી સેટમાં અંગ્રેજી વિષય સાથે ઉત્તીર્ણ થઈ ગયો. સર! સુમનને તો તેના કુટુંબ કરતાં નિમ્ન કુટુંબની છોકરીને પસંદ કરવા બદલ મારા કરતાં પણ વધુ વિરોધ સહન કરવો પડેલો. જોકે પછી બધું થાળે પડી ગયેલું અને અમોને અમારા કુટુંબીઓએ સ્વીકારી લીધેલાં, પણ અભ્યાસ પૂર્ણ કર્યા વિના અમારે પાછું ફરવું નહોતું. સર! આ બધી વાત કરવા હું તમોને ફોન કરતી પણ તમો, તમોએ શરૂ કરેલી રચનાત્મક પ્રવૃત્તિઓમાં એટલા વ્યસ્ત રહેતા કે તમારી સાથે વાત ન થઈ શક્તી.'

અને છેલ્લી વાતે તો સલોત સાહેબના હૃદયનો ભાર ઉતારી નાખ્યો. તે બોલી, 'સર! તમારો ઉપકાર કે તમોએ મને દલદલમાંથી બહાર કાઢી. મને વિદ્યા પ્રત્યે બહુ લગાવ હતો. મારે મારી પાછલી પેઢીને નર્કમાંથી બહાર કાઢવી હતી. કોઈ પણ ભોગે હું શિક્ષણ મેળવવા માગતી હતી. એ માટે મારે મારું શરીર સોંપવું પડે તો પણ મારી તૈયારી હતી, પણ સર! તમો કેટલા સારા નીકળ્યા?! કેટલાય પ્રસંગોએ હું વિહ્વળ બની ગઈ, પણ તમારી આત્મસંવેદના એટલી પ્રબળ હતી કે તમોએ અપાર સંયમ જાળવ્યો. સર! તમો તરી ગયા અને મને પણ તારી દીધી. સર! અમારા કુટુંબમાં બધાને વિદ્યાનો પ્રભાવ સમજાયો. મેં મારા કાકા-દાદા બધાનાં સંતાનોને મારી પાસે ભણવા બોલાવી લીધા અને તે બધાને પણ ડૉક્ટર્સ, એન્જિનિયર, બેન્કર્સ જેવી સારી લાઈનો તરફ વાળ્યા. સર! આજે હું તમારી જેમ સંસ્કૃતના વિષયમાં પ્રવીણ થઈ છું, પણ માત્ર સંસ્કૃતનું અધ્યાપન જ ન કરાવતા મારે તમારે પગલે ચાલીને અનેક છોકરા-છોકરીઓનાં જીવનનો સર્વાંગીણ વિકાસ સાધવો છે. મને આશીર્વાદ આપો.' સલોત સાહેબનું હૃદય ભરાઈ આવ્યું. તેઓ ગળગળા સાદે બોલ્યા, 'મારા આશીર્વાદ તારી સાથે જ છે...! આગળ વધ...' તેમનું ભીતર પ્રફુલ્લિત થઈ ગયું. તેઓ પ્રસન્ન ચિત્તે બોલ્યા, 'તારી પ્રગતિથી હું બહુ જ ખુશ છું. તું હવે ક્યાં સેટ થવા વિચારે છે?'

'સર! વડોદરા જ. સુમન પણ ત્યાંની ગવર્મેન્ટ કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે જોડાઈ ગયો છે અને મારે પણ ઉત્તમ મેરિટ હોવાથી સ્થળ પસંદગીમાં વાંધો નહીં આવે.'

સલોત સાહેબે આનંદ પામતા કહ્યું, 'સરસ...ઘણુ સરસ... તારો એ વિચાર બરોબર છે. ભવિષ્યમાં તારા બાળકોને પણ અભ્યાસમાં અનુકૂળતા રહેશે.'

તે હસીને બોલી, 'મેં પણ તમારી જેમ જ એક બાળકનો આદર્શ સેવ્યો છે 'ને મારે પણ તમારી જેમ જ આ એક બાળકી છે. બીજા બધા અભ્યાસનું તો બરોબર છે, પણ હાઈસ્કૂલનો અભ્યાસ તો એ મારી માફક તમારી પાસે જ કરશે. એનું પ્રોમિસ લેવા જ તમારી પાસે આવી છું અને તે પોતાના ખોળામાં બેઠેલી ત્રણેક વર્ષની બાળકીને ઊભી કરીને સલોત સાહેબ પાસે લઈ ગઈ. બાળકીએ નાનકડા બે હાથ જોડ્યા. સલોત સાહેબે વહાલથી એ કોમળ હાથોને પોતાની આંખો માથે ચઢાવ્યા. 'ને પછી એ નાનકડી બાળકી સામે ધારીને જોયું તો એક નાનકડી બ્યુટીફુલ...ભૂરી ભૂરી છોકરી... તેની સામે કાલુંઘેલું શરમાઈને હસતી હતી... ■

(સંપૂર્ણ)

## 'કશમકશ'ની સમાપન વેળાએ...

દિવંગત જગદીપ ઉપાધ્યાયની લઘુ-નવલ 'કશમકશ' આ અંકમાં પૂર્ણ થાય છે. આ પૂર્ણતાના યશોગાનને પામતાં પહેલાં જ જગદીપભાઈએ કોરોના સંક્રમણમાં થોડા સમય પહેલાં જ આપણી વચ્ચેથી વિદાય લીધી અને અનંતની યાત્રાએ ચાલી નીકળ્યા. 'છાલક' નામના સાહિત્યિક ત્રૈમાસિકનું સંપાદન સંભાળતા વાંકાનેર નિવાસી જગદીપભાઈ આજીવન શિક્ષક રહ્યા અને ગત વર્ષે જ નિવૃત્ત થયા પછી સર્જન અને સંપાદન દ્વારા સાહિત્યની સેવામાં સમયને સમર્પિત કરવાની ઇચ્છા ધરાવતા હતા. 'અભિયાન'ના દીપોત્સવી અંકમાં તેમની નવલિકાઓથી વાચકો પરિચિત છે. શિક્ષણ જગતની એક વરવી વાસ્તવિકતાને કથાનો વિષય વસ્તુ બનાવી ગુજરાતી સાહિત્યમાં સીમાચિહ્ન બની રહે એવી લઘુ-નવલ 'કશમકશ' લખીને 'અભિયાન'ને મોકલી આપી હતી. આ કથામાં શિક્ષણ જગતના તેમના વાસ્તવિક અનુભવના નિચોડની સાથે મૂલ્યોને જાળવી રાખવાના દ્રષ્ટિકોણથી કથાને ઊર્ધ્વમૂલક બનાવવાનો તેમનો આયામ કથાના ગરિમામય અંતમાં તાદ્રશ્ય થાય છે. જગદીપભાઈ નિવડેલા કવિ હતા. આખરી પ્રકરણમાં તેમનો છંદોબદ્ધ કાવ્ય-પ્રસાદ આસ્વાદ્ય રહ્યો છે. કથાના પ્રત્યેક ઘટનાક્રમની સાથે શુદ્ધ અને સાત્ત્વિક શિક્ષણ વિશેનું તેમનું ચિંતન પણ પ્રવાહિત થતું રહેતું હતું. વહેતી વાર્તાના શૃંગારરસપૂર્ણ વર્ણનોથી કેટલાક વાચકો ઉન્નતભ્રૂ પણ થયા હતા. એ વાચકોની આંખો પણ કથાના અંતે આંસુભીની થઈ હશે. કથાનું મૂલ્યાંકન ધૈર્ય માગી લે છે, એ સમજવું રહ્યું. માત્ર શૃંગારરસપૂર્ણ વર્ણનોથી કથા અસ્વાદ્ય કે ત્યાજ્ય બની જાય તો આપણે ક્યારેય કાલિદાસની કૃતિઓને માણી શકીએ નહીં. આ કથા 'અભિયાન'માં ધારાવાહી રૂપે પ્રગટ થઈ તેનો દિવંગત જગદીપભાઈને ભારે ઉમળકો અને ગૌરવ હતું. જાણે જીવનની એક ઝંખના પૂર્ણ થઈ. 'અભિયાન' સાથેનો આ ઉપક્રમ આગળ વધે એ પહેલાં જ અનંતની યાત્રાએ ચાલી નીકળેલા જગદીપભાઈને ભાવપૂર્ણ શબ્દાંજલિ.

RAJANI®
GROUP
Since : 1975

Great
MONSOON
OFFER

કયૂં કી અચ્છી ચાય કી બાત હૈ!

# ૧ કિલો પ્રીમિયમ
# ચા ની ખરીદી પર છત્રી ફ્રી મેળવો

**૩. ૪૫૦ ના પેકેટ પર**

૧૦ કિલો ચા ની ખરીદી પર ૭૫૦ ગ્રામ ચા ફ્રી મેળવો
૨૦ કિલો ચા ની ખરીદી પર રિટેલર્સ ને રેઇનકોટ ફ્રી મળશે
૨૦ થી 300 કિલો ચા ની ખરીદી ઉપર ૩. ૮૦ થી ૩. ૨૮૦૦ નો એક્સ્ટ્રા ફાયદો મેળવો

T & C Apply*

ઉપરોક્ત સ્કીમનો ફાયદો અને માહિતી મેળવવા માટે આપના એરિયા ના ડીલર નો સંપર્ક કરવો.

*For Trade Enquiries +91-99798 40044*

+91-98256 07989
www.rajanigroup.in

amazon Flipkart

Follow Us

Pioneer in spices since 60 years

JHAVERI's MAST !

Desh ka Swad

# Chai Masala

Available in 50g, 100g & 1kg (Jar)

jspl JHAVERI SPICES PVT. LTD.

Email: info@mastspices.com | Call 1 800-313-3424 | www.mastspices.com

Now Available on amazon & Flipkart

R.No. MNW/280/2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 4384/86 LICENCE TO Tech/RO/AHD/LPWP/Misc./2021-23 POST AT PSO, AHD-380 002 ON SATURDAY 24-07-2021. PUBLISHED EVERY SATURDAY FROM:- SAMBHAAV MEDIA LTD. OPP CHIEF JUSTICE BUNGLOW AHD-380015